ISSN-0971-8397

# યોજના

મે-૨૦૧૬ | વિકાસને સમર્પિત માસિક | ₹ ૨૨

## અપંગ વ્યક્તિઓ

**વિશેષ લેખ**

વિકલાંગ લોકોને શિક્ષણની સમાન તક

વિકલાંગો માટે રોજગાર અને કુશળતાની તકો

અપંગોની નાણાકીય સમાવેશકતા


અપંગોનો સામાજિક સમાવેશ : મુદ્દાઓ અને વ્યૂહરચના



**ફોક્સ લેખ**

તમામ માટે સુલભતાની સુનિશ્ચિતતા : સંતુલિત સમાજ માટે જરૂરી









આગામી આકર્ષણ

**જૂન-૨૦૧૬**

## વિવિધ ક્ષેત્રે ભારતની પ્રગતિ તરફની કૂચ

## India Strides

આયોજન અને વિકાસને સમર્પિત

મે-૨૦૧૬

વર્ષ : ૪૪ અંક : ૦૨ સળંગ અંક : ૭૮૫

# યોજના



મુખ્યતંત્રી : દીપિકા કચ્છલ
નાયબ નિયામક : અમિતા મારુ
તંત્રી : અજય ઈન્દ્રેકર



યોજના કાર્યાલય
લોંગ લાઈફ હોસ્પિટલ બિલ્ડિંગ, યુ.કો. બેંક ઉપર,
પાલડી ચાર રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોન : ૨૬૫૮૮૬૬૯, ૨૬૫૮૧૪૫૦
E-mail Address : yojanagujarati@gmail.com
Website : www.yojana.gov.in


## વિષયસૂચિ


રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૧૫નું માળખું - ભારતમાં વિકલાંગ લોકોને શિક્ષણની સમાન તક આપી શકશે ?
ઇન્દુમતી રાવ ........ ૫

વિકલાંગો માટે રોજગાર અને કુશળતાની તકો : વર્તમાન પરિસ્થિતિ અને ઉકેલો
શાંતિ રાઘવન ........ ૧૦

અપંગ લોકો માટે સામાજિક સમાવેશ : મુદ્દાઓ અને વ્યૂહરચનાઓ
ડો. સંધ્યા લિમયે ........ ૧૩

દૃષ્ટિ ક્ષમતા
અમીત સિંગ ........ ૧૬

વિકલાંગતા - સામાજિક સમસ્યાની વ્યાપક પરિપ્રેક્ષ્યમાં વિચારણા
અરૂણીમા ડે ........ ૨૦

વિકલાંગ સહિત તમામ લોકો માટે સુલભતાની સુનિશ્ચિતતા - સંતુલિત સમાજ માટે ઉપયોગી
શિવાની ગુપ્તા ........ ૨૪

વિકલાંગો માટે પરિવહનના ઉપયોગની ઉપલબ્ધતા
ડો. દેવર્ષિ ચૌરસિયા ........ ૨૮

વિકલાંગતાની લાચારીને ખુદ્દારીમાં બદલશે નાણાકીય સમાવેશન
પી.સી. દાસ ........ ૩૨

સુલભતા : વિકસિત ભારત માટે ભવિષ્યનો માર્ગ
ડો. ગૌરવ રાહેજા ........ ૩૫

વિકાસની રૂપરેખા - મે ૨૦૧૬
આપ જાણો છો ........ ૩૮

વિકલાંગોની વાસ્તવિકતા
પ્રો. ડો. અર્ચના એ. પરમાર ........ ૪૩

વિકલાંગો માટે નવી શિક્ષણનીતિ
લાભુભાઈ ટી. સોનાણી ........ ૪૬

ડો. બી.આર. આંબેડકર અને શિક્ષણ
કલ્પેશ પી. વોરા ........ ૪૮


### ટાઈટલ


- આવરણ ડિઝાઈન : — ૧
- આગામી આકર્ષણ : — ૨
- E-NAM (રાષ્ટ્રીય કૃષિ બજાર) : — ૩
- પ્રકાશન વિભાગનાં ગુજરાતી પુસ્તકો : — ૪



**છૂટક નકલ : રૂ. ૨૨-૦૦, વાર્ષિક લવાજમ : રૂ. ૨૩૦-૦૦, બે વર્ષ : રૂ. ૪૩૦-૦૦, ત્રણ વર્ષ : રૂ. ૬૧૦-૦૦**

**લવાજમની રકમ "S.B.I. A/c. No. ૫૧૫-૦૮-૧૦ Yojana (Guj.)"ના નામે મનીઓર્ડર/ચેક/બેંક ડ્રાફ્ટથી ઉપરના સરનામે મોકલી શકાશે.**

**યોજના તથા કુરૂક્ષેત્રનું લવાજમ હવે ઓનલાઇન ભરી શકાશે. www.yojana.gov.in**



આયોજન અને વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, મરાઠી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, હિંદી, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.

યોજનામાં પ્રગટ થતાં લેખોમાંના મંતવ્યો લેખકોના પોતાનાં છે. તેની સાથે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.

# તંત્રીલેખ

યોજના

## "વિકલાંગ લોકોને અપનાવીએ, સર્વસમાવેશક સમાજનું નિર્માણ કરીએ"




આલ્બર્ટ આઈન્સ્ટાઈન શીખવાની ખામી ધરાવતા હતા. તેમ છતાં તેમણે સાપેક્ષવાદનો સિદ્ધાંત વિકસાવ્યો હતો, જેણે લોકોની દુનિયાને જોવાની અને સમજવાની દૃષ્ટિ બદલી નાંખી હતી. તે જ રીતે થોમસ આલ્વા એડિશન બહેરાશથી પીડિત હતા, પણ તેમણે આપણે જે આધુનિક જગતમાં જીવીએ છીએ તેના માટે સૌથી વધુ જવાબદાર વીજળીની શોધ કરી હતી.

લૂઈ બ્રેઈલ દૃષ્ટિ ધરાવતા નહોતા, પણ તેમણે તેમના નામે અંધ લોકો વાંચી-લખી શકે તેવી લિપિ બ્રેઈલ વિકસાવી હતી. આ બધાએ એક વાત સાબિત કરી દીધી છે કે કોઈ પ્રકારની શારીરિક ખામી મનુષ્યની પ્રગતિને રૂંધી શકતી નથી. મનુષ્યે કશું પણ નવું કરવા પોતાની ક્ષમતાને જ ધ્યાનમાં લેવાની હોય, કારણ કે છેવટે મનુષ્યની ક્ષમતા જ સર્જન માટે જવાબદાર હોય છે.

એક સમયે શારીરિક કે માનસિક ખામીને વિકલાંગ વ્યક્તિ અને તેના કુટુંબ બંને માટે અભિશાપરૂપ ગણવામાં આવતી હતી. આવી ખોટ કે ખામીને વ્યક્તિના પૂર્વજન્મના પાપનો બદલો ગણવામાં આવતી હતી. પણ આધુનિક વિજ્ઞાને આ પ્રકારની અંધશ્રધ્ધાઓ કે ખોટી ધારણાનો દૂર કરવામાં મદદ કરી છે. અત્યારે વિકલાંગતાને સારવાર કરી શકાય તેવી તબીબી સ્થિતિ ગણવામાં આવે છે. વિકલાંગ કે ખામી ધરાવતી વ્યક્તિને લાંબો સમય સમાજ બહારની વ્યક્તિ નહીં ગણવામાં આવે તેવી અપેક્ષા છે. વિજ્ઞાન અને નવીનતાએ તેમની વિકલાંગતાને વધતાઓછા અંશે દૂર કરવા પૂરક સાધનો પ્રદાન કર્યા છે. બ્રેઈલ, જયપુર ફૂટ કેટલાંક ઉદાહરણો છે, જે શારીરિક ખામી ધરાવતા લોકોના જીવનની ગુણવત્તા સુધારવા માટે આશીર્વાદરૂપ છે.

વળી વિકલાંગ લોકોની શિક્ષણની વિશિષ્ટ જરૂરિયાતો પર જાગૃતિ કેળવવી અગાઉ કરતાં વધારે મહત્ત્વપૂર્ણ બની છે. હકીકતમાં હવે એવી વિચારસરણી ઊભી થઈ છે કે વિકલાંગ લોકોને વિશેષ શાળાઓમાં મોકલવા ન જોઈએ, પણ સર્વસમાવેશક વાતાવરણ ઊભું કરવાના ભાગરૂપે નિયમિત શાળાઓમાં જ તેમને પ્રવેશ આપવો જોઈએ. સામાજિક અને સાંસ્કૃતિક સંકલન પણ મોટી સમસ્યા છે. પણ ટૂંક સમયમાં પરિવર્તન જોવા મળશે અને વિકલાંગ લોકોને આપણા સમાજ અને રાષ્ટ્રના આવશ્યક અંગ ગણવામાં આવશે.

ઈન્ફોર્મેશન અને કમ્યુનિકેશન ટેકનોલોજીએ રાષ્ટ્રનિર્માણની પ્રક્રિયામાં વિકલાંગ લોકોને સક્રિયપણે સહભાગી બનવા સશક્ત બનાવ્યાં છે. વિકલાંગ લોકોને મુક્ત વાતાવરણ પ્રદાન કરવા અને સ્વતંત્ર રીતે જીવવા સક્ષમ બનાવવા વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવ્યાં છે. એક્સેસિબલ ઇન્ડિયા અભિયાન સરકારનું સર્વસમાવેશક સમાજની રચના કરવાના સ્વપ્નની નીપજ છે, જેમાં વિકલાંગ લોકોને ઉત્પાદકીય, સુરક્ષિત અને સન્માનજનક જીવન જીવવા વિકાસ સાધવા સમાન તકો પ્રદાન કરવામાં આવે છે.

તાજેતરમાં વિવિધ કંપનીઓ દ્વારા વિકલાંગ લોકોની ક્ષમતા અનુસાર ભરતીની ટકાવારીમાં પણ વધારો જોવા મળ્યો છે. જે આ પ્રકારના વર્ગના લોકોની નાણાકીય સર્વસમાવેશકતા તરફનો વધતો જતો ઝોક સૂચવે છે. કૌશલ્ય સંવર્ધનની તકો વધવાથી વધુ લાયક અને સક્ષમ કર્મચારીઓની ફોજ ઊભી થઈ છે, જેના પગલે રોજગારદાતાઓ કે કંપનીઓને વિકલાંગ લોકોની ક્ષમતામાં વિશ્વાસ વધ્યો છે. સરકારે પણ તેમની આજીવિકાને ટેકો આપવા તેમના નવીન વિચારો માટે શિષ્યાવૃત્તિ અને નાણાકીય સહાય આપવાની જોગવાઈ વધારી છે. અત્યારે જીવનના તમામ ક્ષેત્રોમાં વિકલાંગ લોકો કામ કરતાં જોવા મળે છે - પછી તે સરકારી ક્ષેત્ર હોય, મનોરંજન ઉદ્યોગ હોય કે રમતગમત.

દરેક જીવન કિંમતી છે, દરેકના જીવનનો એક ઉદ્દેશ છે અને દરેકના જીવનની એક યોજના છે - તેનો વ્યક્તિના સ્થાન, વય, જાતિ કે વિકલાંગતા સાથે કોઈ સંબંધ નથી. હકીકતમાં આપણે એ સમજવાની જરૂર છે કે વિકલાંગ વ્યક્તિઓ સૌથી વધુ પ્રેરણાનો સ્રોત છે. તેમને સમાન તક આપો. પછી જુઓ તેઓ વધુ મજબૂત અને સક્ષમ પુરવાર થઈને બતાવી દેશે તથા સામાન્ય લોકોથી વધારે ક્ષમતા પ્રદર્શિત કરશે. જો આપણે આ હકીકતનો સ્વીકાર કરીશું, તો આપણે સમાજમાં તબક્કાવાર થઈ રહેલા પરિવર્તનને જોઈ શકીશું.

# રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૧૫નું માળખું - ભારતમાં વિકલાંગ લોકોને શિક્ષણની સમાન તક આપી શકશે ?

ઈન્દુમતી રાવ



*શિક્ષણ પર વિસ્તૃત નીતિ રાજકીય ઈચ્છાશક્તિ અને યોજનાને વાસ્તવિક સ્વરૂપ આપવા મૂળભૂત અને આવશ્યક પ્રયાસ છે. આપણા સમાજના વંચિત વર્ગોને શિક્ષણ અને વિકાસની પ્રક્રિયાના મુખ્ય પ્રવાહમાં સમાવવા મુખ્યત્વે બે જરૂરિયાત છેઃ એક, વંચિત અને વિકલાંગ લોકોની સચોટ ઓળખ કરવી, બે સામાજિક-આર્થિક-સાંસ્કૃતિક-રાજકીય-વહીવટી તથા સર્વસમાવેશન આડેના અન્ય અવરોધો તબક્કાવાર રીતે દૂર કરવા.*

ભારતમાં વર્ષ ૨૦૦૧થી વર્ષ ૨૦૧૧ વચ્ચે વિકલાંગોની વસતિમાં ૨૨.૪ ટકાનો વધારો થયો છે. વર્ષ ૨૦૦૧માં દેશમાં ૨.૧૯ કરોડ વિકલાંગો હતા, જે વર્ષ ૨૦૧૧માં વધીને ૨.૬૮ કરોડ થઈ ગયા છે, જેમાં ૧.૫ કરોડ પુરુષો અને ૧.૧૮ કરોડ મહિલાઓ છે. શહેરી વિસ્તારો અને શહેરી મહિલાઓમાં વિકલાંગોની સંખ્યામાં વૃદ્ધિદર ઊંચો છે. છેલ્લાં એક દાયકામાં શહેરી વિસ્તારોમાં વિકલાંગોની સંખ્યામાં ૪૮.૨ ટકાના દરે વૃદ્ધિ થઈ છે અને શહેરી મહિલાઓમાં આ વૃદ્ધિ દર ૫૫ ટકા છે. અનુસૂચિત જાતિઓમાં આ વૃદ્ધિ દર ૨.૪૫ ટકા છે. (વસતિ ગણતરી ૨૦૧૧)

**વાસ્તવિક સ્થિતિ અને મુખ્ય અવરોધ**

આપણે વર્ષ ૨૦૧૧ની વસતિ ગણતરીમાં વિકલાંગ લોકોની સંખ્યા પર પ્રાપ્ત માહિતી અને પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોની સંખ્યાની સરખામણી કરીએ તો જણાશે કે ભારતે વિકલાંગ બાળકોના શિક્ષણના અધિકારને સુનિશ્ચિત કરવા લાંબી મજલ કાપવાની છે. ૦થી ૬ વર્ષની વયજૂથમાં વિશેષ જરૂરિયાત ધરાવતા અને ઉચ્ચ અભ્યાસ કરતાં બાળકોના સર્વસમાવેશન પર ચોક્કસ માહિતી ઉપલબ્ધ નથી. ભારત વિકલાંગ બાળકોની સર્વસમાવેશકતા સુનિશ્ચિત કરવા પ્રતિબદ્ધ છે, પણ પર્યાપ્ત આંકડાકીય જાણકારીનો અભાવ સૌથી મોટો અવરોધ છે.

૧. એસએસએ સર્વસમાવેશક શિક્ષણ યોજનામાં ૧૦.૭૧ લાખ વિકલાંગ બાળકોને સામેલ કરવામાં આવ્યાં છે. (સ્રોતઃ શિક્ષણ માટે એકીકૃત જિલ્લા માહિતી વ્યવસ્થા (યુડીઆઈએસઈ) ૨૦૧૩-૧૪.
૨. માધ્યમિક શાળાઓમાં વિકલાંગ બાળકોની સર્વસમાવેશકતા (આઈઈડીએસએસ) - આશરે બે લાખ વિકલાંગ બાળકો.
૩. ૯૭૭ વિશેષ શાળાઓમાં અભ્યાસ કરતાં આશરે એક લાખ વિકલાંગ બાળકો. (એક બિનસરકારી સંસ્થાનો અહેવાલ)

વર્ષ ૨૦૧૧ની વસતિ ગણતરીના આંકડા મુજબ ૦-૨૯ વર્ષની વયજૂથમાં વિશિષ્ટ જરૂરિયાત અને શિક્ષણની સુવિધાની જરૂર ધરાવતા લોકોની સંખ્યા ૧.૨૩ કરોડ હતી, જેમાં ૫૩.૪ લાખ છોકરીઓ અને મહિલાઓ હતી. અત્યારે પરંપરાગત અંદાજ મુજબ વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા આશરે ૨૦ લાખ લોકો પ્રાથમિક, માધ્યમિક અને વિશેષ શાળાઓમાં અભ્યાસ કરે છે. હવે સૌથી મોટો પડકાર એ છે કે વિશિષ્ટ અને

વિવિધ જરૂરિયાત ધરાવતા તથા વંચિત બાળકો અને વ્યક્તિઓ સુધી શિક્ષણની સુલભતા કેવી રીતે કરી શકાશે?

ભારતે વર્ષ ૨૦૦૫થી તમામને શિક્ષણનો અધિકાર આપ્યો છે, જે અંતર્ગત ભારતીય બંધારણમાં તમામ બાળકોને ફરજિયાત અને મફત શિક્ષણની જોગવાઈ કરવામાં આવી છે. તેમ છતાં ૨૦ ટકા વિકલાંગ બાળકોને પણ શિક્ષણની સુવિધા સુલભ કરી શક્યાં નથી. ભારતે ઘણા આંતરરાષ્ટ્રીય મંચો પર વિકલાંગ વ્યક્તિઓના મૂળભૂત અધિકારો આપવાની સંધિઓ પર હસ્તાક્ષર કર્યા છે. વર્ષ ૨૦૦૬માં ભારતે સંયુક્ત રાષ્ટ્રના વિકલાંગ વ્યક્તિના સંમેલનમાં ભારતે તેની જોગવાઈઓની માન્યતા આપી હતી. સીઆરપીડીની કલમ ૨૪ નીચેની બે બાબતો માટે સરકારને જવાબદાર બનાવે છે, ખાસ કરીને શૈક્ષણિક ક્ષેત્રમાં :

૧. વિકલાંગ બાળકોને અન્ય બાળકો સાથે સમાન ધોરણે શિક્ષણ પૂરું પાડવું અને
૨. સર્વસમાવેશક વ્યવસ્થામાં શિક્ષણ પ્રદાન કરવું.

ભારત કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના દરેક બાળકને શિક્ષણ પ્રદાન કરવા પ્રતિબદ્ધ હોવા છતાં શૈક્ષણિક વ્યવસ્થા આટલી બધી કથળવા માટે એકથી વધારે કારણો અને પરિબળો જવાબદાર છે તેવી દલીલ થઈ શકે છે. જોકે વિકલાંગ બાળકો માટે અનુકૂળ અને અવરોધમુક્ત વાતાવરણમાં શિક્ષણની સુવિધા સુલભ કરાવવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરવી પૂરતી નથી. હકીકતમાં સર્વસમાવેશક શિક્ષણ પર વૈચારિક કે નીતિગત સ્પષ્ટતાની જરૂર છે, જેમાં વિઝન, મિશન, નીતિઓ, યોજનાઓ, કાયદાકીય જોગવાઈઓ અને સ્રોતોની ફાળવણી પ્રતિબંધિત થવી જોઈએ. અગાઉ આપણે વિશિષ્ટ જરૂરિયાતો ધરાવતા બાળકોના શિક્ષણને શૈક્ષણિક વ્યવસ્થાના અભિન્ન અંગ તરીકે જોતા નહોતા અને સામાન્ય શિક્ષણ વ્યવસ્થામાં આપણી શાળાઓ અને યુનિવર્સિટીઓને ખરા અર્થમાં સર્વસમાવેશક બનાવવા પૂરતી તાલીમ આપી નહોતી.

**ભારતમાં વિકલાંગ બાળકો અને વ્યક્તિઓના સર્વસમાવેશનમાં એનઈપી ૨૦૧૫ પરિવર્તનનો પવન ફૂંકવાની સંભવિતતા ધરાવે છે ?**

શિક્ષણ પર વિસ્તૃત નીતિ રાજકીય ઇચ્છાશક્તિ અને યોજનાને વાસ્તવિક સ્વરૂપ આપવા મૂળભૂત અને આવશ્યક પ્રયાસ છે. આપણા સમાજના વંચિત વર્ગોને શિક્ષણ અને વિકાસની પ્રક્રિયાના મુખ્ય પ્રવાહમાં સમાવવા મુખ્યત્વે બે જરૂરિયાત છેઃ એક, વંચિત અને વિકલાંગ લોકોની સચોટ ઓળખ કરવી, બે સામાજિક-આર્થિક-સાંસ્કૃતિક-રાજકીય-વહીવટી તથા સર્વસમાવેશન આડેના અન્ય અવરોધો તબક્કાવાર રીતે દૂર કરવા.

સર્વસમાવેશક શિક્ષણની વ્યાપક સમજણ એનઈપી-૨૦૧૫માં પ્રતિબિંબિત થાય છે. ભારતીય સંદર્ભમાં સર્વસમાવેશક શિક્ષણમાં વિકલાંગતા ધરાવતા અનુસૂચિત જાતિ અને લઘુમતી સમુદાયના બાળકો અને યુવાનોની વિવિધ જરૂરિયાતો, અતિ ગરીબી અને પડકારજનક સ્થિતિમાં રહેતા બાળકોની વિવિધ જરૂરિયાતો પૂર્ણ કરવી જોઈએ. એનઈપીમાં ભારતમાં પ્રથમ વખત સર્વસમાવેશક શિક્ષણમાં ભારતીય પરિપ્રેક્ષ્યને સમજીને નીતિ બનાવવામાં આવી છે, જેમાં વૈશ્વિક સમસ્યાઓ અને પ્રતિબદ્ધતાઓને સમાવી લેવામાં આવી છે.

મુખ્ય પ્રવાહના શિક્ષણમાંથી વિશિષ્ટ જરૂરિયાતો ધરાવતા બાળકો કે વ્યક્તિને બાકાત રાખી શકે તેવા મહત્ત્વપૂર્ણ પરિબળો કયાં છે?

૧. જ્યાં સુધી વિકલાંગ બાળકો અને યુવાનોને શિક્ષણના મુખ્ય પ્રવાહમાં સામેલ નહીં કરવામાં આવે ત્યાં સુધી તમામ માટે શિક્ષણની અવગણના કરતી નીતિઓના લક્ષ્યાંકોને હાંસલ નહીં કરી શકાય.
૨. તમામ માટે શિક્ષણ હાંસલ કરવાની નિરીક્ષણ પદ્ધતિના માળખામાં વિકલાંગ બાળકો અને યુવાનોની અવગણના કરવામાં આવે છે.
૩. આયોજન, વહીવટી, નિરીક્ષણ અને અમલીકરણના સ્તરે સર્વસમાવેશક શિક્ષણ આડેના અવરોધોની ઓળખ કરવામાં અને તેમને દૂર કરવામાં નિષ્ફળતા.
૪. સર્વસમાવેશક શિક્ષણને અસર કરે તેવા પરિબળોની ઓળખ ન કરવી, જે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિઓ અને આ સમુદાયોમાં તથા સામાન્ય લિંગ વિષમતાઓ વચ્ચે વિકલાંગ બાળકો અને યુવાનોમાં જોવા મળે છે
૫. વિકલાંગતા રાજ્ય સરકારનો વિષય છે અને શિક્ષણ સમવર્તી વિષય હોવાથી ભારતમાં વિવિધ રાજ્યોમાં વિકલાંગ બાળકો અને યુવાનોમાં શિક્ષણની સુલભતા વચ્ચે ફરક પેદા થાય છે.
૬. વિકલાંગ બાળકોના શિક્ષણની જવાબદારી બે મંત્રાલયોની છે. સર્વસમાવેશક શિક્ષણ માનવ સંસાધન વિકાસ મંત્રાલયની જવાબદારી છે, જ્યારે વિશેષ શિક્ષણની જવાબદારી સામાજિક

ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયની છે. આવી જ સ્થિતિ રાજ્ય સ્તરે પ્રવર્તે છે. તેના પરિણામે વિશિષ્ટ જરૂરિયાતો ધરાવતા બાળોકના શિક્ષણની નીતિઓ અને તેના અમલીકરણમાં વિસગંતતા પ્રવર્તે છે. ભારતમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોને શરૂઆતથી સમાવવાની કોઈ નીતિ નથી. સૌથી મોટા ઈસીસીડી કાર્યક્રમ આઈસીડીએસમાં હજુ આંગણવાડી કેન્દ્રો દ્વારા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોને સમાવવામાં આવ્યાં નથી. હકીકતમાં આ કેન્દ્રો બાળપણથી વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો માટે સર્વસમાવેશક કેન્દ્રો બની શકે છે.

૭. આપણે સર્વસમાવેશક શિક્ષણ સંપૂર્ણ સર્વસમાવેશી શિક્ષણ વ્યવસ્થા સુધારવાનું પ્રાથમિક કેન્દ્ર બની શકે છે એ હકીકતને ઓળખી શક્યાં નથી.

૮. વિકલાંગતા ધરાવતી છોકરીઓ અને મહિલાઓના પુનર્વસન માટે વ્યૂહરચનાઓ બનાવવાની જરૂર છે, જે આપણા સામાજિક-સાંસ્કૃતિ પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત હોય. આપણે વિકલાંગ મહિલાઓના અધિકારો અને જરૂરિયાતો પ્રત્યે સજાગ થવાની જરૂર છે, કારણ કે તેમને આધુનિક દુનિયાનો સામનો કરવો પડે છે, જે તેમણે જોઈ નથી.

### ભારતમાં આયોજિત સેવાઓ માટે વિકલાંગતા પર પૂરતી આંકડાકીય માહિતી ઉપલબ્ધ નથી ?

અત્યારે વિકલાંગતા પર માહિતી પર્યાપ્ત નથી અને સ્પષ્ટ પણ નથી. એટલે ઉપરોક્ત પ્રશ્નનો જવાબ ચોક્કસપણે આપી શકાય નહીં. વિકલાંગતા પર આંકડાકીય માહિતી પર એક નજર નાંખીએ. અત્યારે વિકલાંગતાનું પ્રમાણઃ ૧) ૨૦૦૧ની વસતિ ગણતરી મુજબ, ૭૫ ટકા વિકલાંગ લોકો ગ્રામીણ વિસ્તારોમાં અને ફક્ત ૨૫ ટકા વિકલાંગ લોકો શહેરી વિસ્તારમાં રહેતાં હતાં. દેશની વસતિમાં ૨.૧૩ ટકા એક યા બીજા પ્રકારની વિકલાંગતા ધરાવતા હતા. શહેરી ભારતમાં વિકલાંગતા (૧.૯૩ ટકા)ની સરખામણીમાં ગ્રામીણ ભારતમાં વિકલાંગતા વધારે (૨.૨૧ ટકા) હતી. વળી સ્ત્રીઓ (૧.૮૭ ટકા) કરતાં પુરુષોમાં વિકલાંગતાનું પ્રમાણ નોંધપાત્ર રીતે ઊંચું (૨.૩૭ ટકા) હતું. તે જ રીતે સામાન્ય જાતિના લોકો કરતાં અનુસૂચિત જાતિમાં વિકલાંગતાનું પ્રમાણ (૨.૨૩ ટકા) થોડું વધારે હતું, જ્યારે અનુસૂચિત જનજાતિમાં નોંધપાત્ર રીતે નીચું (૧.૯૩ ટકા) હતું.

વર્ષ ૨૦૦૧માં ૨.૧ કરોડથી વધીને ૧૦ વર્ષમાં એટલે કે ૨૦૧૧માં ૨.૬ કરોડ થયું હતું - જે ૨.૧૩ ટકાથી ૨.૨૧ ટકાની વૃદ્ધિ સૂચવે છે

વિકલાંગતા પર વસતિ ગણતરીના નવા આંકડા દેશમાં વિકલાંગ લોકોની સંખ્યામાં આંશિક વધારો દર્શાવે છે. દેશમાં વર્ષ ૨૦૦૧માં ૨.૧ કરોડ વિકલાંગ લોકો હતો, જે વર્ષ ૨૦૧૧ સુધીમાં વધીને ૨.૬ કરોડ લોકો થયા હતા. ટકાવારીની દૃષ્ટિએ આ દાયકામાં દેશમાં કુલ વસતિમાં વિકલાંગ લોકોનું પ્રમાણ ૨.૧૩ ટકાથી વધીને ૨.૨૧ ટકા થયું હતું.

વસતિ ગણતરીના આંકડા મુજબ, દેશમાં ૧.૪ કરોડ વિકલાંગ પુરુષોની સરખામણીમાં ૧.૧ કરોડ મહિલાઓ હતી તેમજ ગ્રામીણ ભારતમાં ૧.૮ કરોડ વિકલાંગ લોકોની સરખામણીમાં શહેરી વિસ્તારોમાં ૮.૧ કરોડ લોકો વિકલાંગ હતા. ૨.૪૧ ટકા વિકલાંગ પુરુષોની સરખામણીમાં ૨.૦૧ ટકા મહિલાઓ વિકલાંગ છે.

વિકલાંગ લોકોની રોજગારીનો દર વિસ્તાર (શહેરી કે ગ્રામીણ), જાતિ, શિક્ષણ અને વિકલાંગતાના પ્રમાણે જુદો છે. ભારત સરકારની ૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ, ૬૮ ટકા ભારતીયો ગ્રામીણ વિસ્તારોમાં રહે છે. એટલે સ્વાભાવિક રીતે વિકલાંગ લોકોની સંખ્યા ગ્રામીણ વિસ્તારોમાં વધારે છે, જે માટે ગરીબી અને સ્વાસ્થ્ય સંબંધિત નબળી સેવાઓ મુખ્યત્વે જવાબદાર છે. ગ્રામીણ વિકલાંગ લોકો કુશળતા અને બજારથી નોંધપાત્ર રીતે વંચિત છે. વળી તેમનામાં સાક્ષરતાનો દર ઓછો છે અને ૫૧ ટકા વિકલાંગ લોકો અભણ છે, ૨૬ ટકા વિકલાંગ લોકોએ પ્રાથમિક શિક્ષણ મેળવ્યું છે, ૯ ટકા વિકલાંગોએ માધ્યમિક અને ફક્ત ૧૩ ટકા વિકલાંગોએ ઉચ્ચ શિક્ષણ મેળવ્યું છે (આઈએલઓના એશિયા અને પ્રશાંત વિસ્તારના દેશો માટે પ્રાદેશિક કચેરીના અભ્યાસ આંકડા. બેંગકોકઃ આઈએલઓ, ૨૦૧૧)

વિકલાંગતા પરના હાલના આંકડા સ્થિતિનો પૂરતો ચિતાર આપતા નથી. હકીકતમાં વસતિ ગણતરી બહુ મોટી કવાયત છે અને તેમાં વિકલાંગતા પર પર્યાપ્ત આંકડા મળે તેવી અપેક્ષા રાખવી વધારે પડતી છે, કારણ કે વિકલાંગતાની ઓળખ માટે કુશળતાની જરૂર છે. વિકલાંગતા ઘણા પ્રકારની હોય છેઃ શારીરિક કે માનસિક. ઉપરાંત વિકલાંગતાના સ્તરની ઓળખ કરવા માટે વિશિષ્ટ કુશળતાની જરૂર પડે છે. જ્યાં સુધી વ્યક્તિ આ અંગેનો અભ્યાસ ન ધરાવતી હોય, ત્યાં સુધી તેને વિકલાંગ વ્યક્તિ અને તેના વિકલાંગતાના સ્તરની

સચોટ જાણકારી મળતી નથી.

ભારતમાં આપણે આયોજિત સેવાઓ માટે વિકલાંગતાના પર્યાપ્ત આંકડાની જરૂર છે, જે અસરકારક સર્વસમાવેશન તરફ દોરી જાય છે. આ માટે નવીન અભિગમની જરૂર છે, કારણ કે સર્વ પદ્ધતિ વિશિષ્ટ જરૂરિયાતો ધરાવતી વ્યક્તિઓ વિશે વિસ્તૃત માહિતી પ્રદાન ન કરી શકે. આપણે વિકલાંગતા, સામાજિક-આર્થિક-શૈક્ષણિક-રોજગારી પર, દરેક વ્યક્તિની વિવિધ જરૂરિયાતો (પુનર્વાસની જરૂરિયાતો, રોજગારી, કૌશલ્ય સંવર્ધન, શિક્ષણ વગેરે)ની માહિતી જરૂરી છે, કારણ કે તેનાથી આપણે સામુદાયિક સ્તરે અસરકારક સર્વસમાવેશન કરવા વિશિષ્ટ જરૂરિયાતો ધરાવતા બાળકોને તેમના કુટુંબથી અલગ નહીં કરવા પડે.

ભારતમાં સામુદાયિક સ્તરે કે શાળામાં કે આઇસીડીએસ સ્તરે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની નોંધણી ફરજિયાત બનાવવાની જરૂર છે. ગ્રામીણ સ્તરે વિકલાંગતાના રજિસ્ટર, શાળાઓમાં વિશિષ્ટ જરૂરિયાતો ધરાવતા બાળકોની નોંધણી, વોર્ડ સ્તરે વિકલાંગતાની નોંધણી અને આધાર કાર્ડ કે રેશન કાર્ડમાં આવી વ્યક્તિની ખાસ નોંધણી કરાવીને વિકલાંગતા ધરાવતા લોકોની સંખ્યા અને તેમની જરૂરિયાતોનો વધારે તાગ મેળવી શકાશે. આ ડિજિટાઇઝ આંકડાનો ઉપયોગ સ્માર્ટ આઈડી કાર્ડ આપવા માટે થઈ શકે છે. અત્યારે વિકલાંગ વ્યક્તિઓને પેપર આધારિત આઈડી કાર્ડ આપવામાં આવે છે.

ભારતમાં સીબીઆર કાર્યક્રમો ગ્રામીણ સ્તરે સર્વસમાવેશક સેવાઓ આપવા વિકલાંગ લોકોનું રજિસ્ટર બનાવવાની વ્યવસ્થાનો ઉપયોગ કરે છે.

સર્વસમાવેશકતા આડે મુખ્યત્વે અવરોધરૂપ અન્ય બાબતો નીચે મુજબ છેઃ

૧. વિકલાંગ બાળકો મોટા ભાગે શિક્ષણથી વંચિત રહી જાય છે
૨. કુટુંબીજનો સાથસહકાર આપતા નથી
૩. શિક્ષકોએ વિકલાંગ લોકોના વિકાસ માટે જરૂરી અભ્યાસક્રમની તાલીમ લીધી નથી, તેમનામાં નેતૃત્વનો અભાવ છે, પૂરતી જાણકારી નથી અને તેમનામાં સહકારની ભાવના ખીલવવાની જરૂર છે
૪. શિક્ષણની નબળી ગુણવત્તા
૫. માતાપિતાઓ, શિક્ષકો, સંચાલકો અને નીતનિર્માતાઓમાં પૂરતી જાણકારીનો અભાવ અને તેની અપૂરતી સુલભતા
૬. સર્વસમાવેશક શિક્ષણ માટે માળખાગત સુવિધાનો અભાવ - વહીવટ, નીતિ, આયોજન, ધિરાણ, અમલીકરણ અને નિરીક્ષણની ખામી
૭. સર્વસમાવેશન માટે જાહેર સમર્થનનો અભાવ
૮. જવાબદારીની ભાવનાની ઊણપ અને નિરીક્ષણની અપૂરતી વ્યવસ્થા.

સંપૂર્ણપણે જોઈએ તો સર્વસમાવેશક શિક્ષણ માટે રાજકીય સ્તરે નેતૃત્વનો શૂન્યાવકાશ અને જવાબદારીની ભાવનાની ઊણપ જ જવાબદાર નથી, સાથે સાથે વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા વિકલાંગ વ્યક્તિઓના શૈક્ષણિક અધિકારો પૂર્ણ કરવાની સમાજમાં ઇચ્છાશક્તિનો અભાવ પણ એટલો જવાબદાર છે.

**એનઈપી ૨૦૧૫ - સામાજિક ભેદભાવ દૂર કરવાની પહેલ**

એનઈપી ૨૦૧૫ નીચેની ઉપર (બોટમ-ટોપ) અભિગમ ધરાવે છે, જે સમુદાયમાં ચર્ચાવિચારણા, સહભાગીતાનો માર્ગ મોકળો કરે છે. આ એનઈપીની સૌથી મોટી ખાસિયત છે અને સમુદાયની સમસ્યાઓને સમજવા તથા વાસ્તવિકતાથી વાકેફ થવા નીતિનિર્માતાઓ માટે સહભાગીતાનો અભિગમ અપનાવવો તેમજ નીતિગત માળખામાં પર્યાપ્તપણે આ સમસ્યાઓનું સમાધાન રજૂ કરવું આવશ્યક હતું. સર્વસમાવેશક શિક્ષણ પર એનઈપી ૨૦૧૫ આ પ્રયાસને સફળતા અપાવે છે. આપણે સર્વસમાવેશક શિક્ષણની વૈચારિક સ્પષ્ટતાને માળખામાં જોઈએ છીએ. ઉદાહરણ તરીકે, સર્વસમાવેશક શિક્ષણને વિશેષ જરૂરિયાત ધરાવતા બાળકો માટે અલગ વ્યૂહરચના તરીકે જોવાને બદલે એનઈપી ૨૦૧૫ તેને પ્રાથમિક શિક્ષણથી લઈને ઉચ્ચ શિક્ષણ સુધી વિકલાંગ બાળકો કે યુવાનોની વિવિધ જરૂરિયાતોની વ્યાપક સમજણને ઓળખવાની જરૂરિયાત ગણે છે અને તેને શૈક્ષણિક વ્યવસ્થાના અભિન્ન અંગ તરીકે જુએ છે. એનઈપી ૨૦૧૫માં એવો અભિપ્રાય વ્યક્ત કરવામાં આવ્યો છે કે દરેક શિક્ષક વિદ્યાર્થીઓની વિવિધ જરૂરિયાતો પૂર્ણ કરવા સક્ષમ હોવા જોઈએ. એનઈપી ૨૦૧૫ વિશિષ્ટ જરૂરિયાતો ધરાવતી વ્યક્તિઓના સર્વસમાવેશન માટે હકારાત્મક અભિગમ કેળવવા તમામ સ્તરે શૈક્ષણિક ક્ષેત્રના કર્મચારીઓને તાલીમ આપવાની જરૂરિયાત પર ભાર મૂકે છે.

એનઈપી ૨૦૧૫ પર ઓનલાઈન ચર્ચા દરમિયાન શાળાઓમાં ઈ-લર્નિંગ આઈસીટીની પૂરતી વ્યવસ્થા ઊભી કરવાની જરૂરિયાત વ્યક્ત કરવામાં આવી હતી. વિકલાંગતાના ક્ષેત્રમાં કાર્યરત બિનસરકારી સંસ્થાઓ, કુટુંબો અને વિકલાંગ વ્યક્તિઓએ વિશેષ જરૂરિયાતો પૂર્ણ કરવા તમામ શિક્ષકોને તાલીમ આપવાની માંગણી કરી હતી.

આ ચર્ચા દરમિયાન વિકલાંગતા ધરાવતા બાળકો કે યુવાન સુધી પહોંચ ન શકવા માટે શહેરી-ગ્રામીણ વિભાજન મુખ્યત્વે જવાબદાર હોવાનું જણાયું હતું.

એનઈપી-૨૦૧૫માં શૈક્ષણિક વ્યવસ્થાના તમામ ઘટકો એટલે કે પ્રવેશ, પ્રવેશ માટેની નીતિઓ, શિક્ષકને તાલીમ, અભ્યાસક્રમની રચના, શિક્ષણની વ્યૂહરચના, અભ્યાસક્રમની સામગ્રી, મૂલ્યાંકન વ્યવસ્થા, વર્ચ્યુલ લર્નિંગ પ્લેટફોર્મ વગેરે સાથે સંબંધિત બાબતોને સમાવવામાં આવી છે.

એનઈપીએ ૨૦૧૫એ વિકલાંગતાના દૃષ્ટિકોણને સ્થાને સર્વસમાવેશક શિક્ષણના અભિપ્રાયને સ્વીકાર્યો છે. આ નીતિ વિકલાંગ બાળકોને અલગ વાતાવરણમાં ઉછેર આપવાના મતનું સમર્થન કરતી નથી. તેમાં સર્વસમાવેશકતાનો વિચાર કરવામાં આવ્યો છે અને તે દરેક બાળક સક્ષમતાવર્ધક અને સારસંભાળયુક્ત વાતાવરણમાં શિક્ષણનો અધિકાર મળે એ સુનિશ્ચિત કરવા ચોક્કસ, અવલોકનક્ષમ અને હાંસલ કરી શકાય તેવા લક્ષ્યાંકોને અનુરૂપ છે. તેમાં બાળકને વિકલાંગતા અને જાતિના આધારે અલગ કરવામાં આવતું નથી અને આવી ભેદભાવયુક્ત નીતિનો ત્યાગ કરવામાં આવ્યો છે. એનઈપી-૨૦૧૫નો મૂળભૂત સ્તરે અમલ થશે ત્યારે તેનામાં પરિવર્તનનો પવન ફૂંકવાની ઘણી સંભવિતતા છે.

આપણે સર્વસમાવેશક શિક્ષણ માટે કામ કરવાની અને તેમાં સફળતા મેળવવાની આશા રાખીએ, જે સક્ષમ વાતાવરણમાં વિશેષ જરૂરિયાતો ધરાવતા તમામ વિદ્યાર્થીઓ માટે દરવાજા ખુલ્લાં રાખે છે. અનુકૂળ શૈક્ષણિક વ્યવસ્થા, ઈ-લર્નિંગ સુવિધાઓ, પ્રસ્તાવિત સ્વયંમ ઓનલાઇન લર્નિંગ, સર્વસમાવેશક શિક્ષણ તાલીમ કાર્યક્રમ, રાષ્ટ્રીય કૌશલ્ય સંવર્ધન કાર્યક્રમ, તમામ શિક્ષકોની ક્ષમતાનું નિર્માણ તથા અન્ય પગલાં ભારતમાં તમામ માટે શિક્ષણ સુલભ કરાવશે.

**સંદર્ભ :**


1. Helander, E. (1993) Prejudice and Digniky. UNDP, N.Y.
2. The Salamanca Skakemenk and Framewort for Ackion on Special Needs Educakion. World Conference on Special Needs Educakion: Access and Qualiky, Salamanca, Spain, 7-10 June 1994. UNESCO and Miniskry of Educakion and Science, Spain 1994.
3. Jönsson, T. (1995) Inclusive Educakion. UNDP, Geneva
4. WCEFA. (1990) World Declarakion on Educakion for All, Inker-Agency Commission for khe World Conference on Educakion for All, 1990
5. Gloria Burrekk, Mika Nundy. (1994) Convenkion on khe Righks of khe Child, The Disabled Child
6. Lindqvisk, B. (1994) Special Needs Educakion: Concepkual Framewort, Planning and Policy Fackors. Paper presenked ak khe World Conference on Special Needs Educakion, Salamanca, Spain (From: NU News on Healkh Care in Developing Counkries 2/95, vol.9)
7. Ture Johnsson, (2003) Inclusive educakion CD developed for CBR Nekwort's diskance educakion programme
8. Rao Indumaki, From Panchayak parliamenk, (2000), CBR NETWORK
9. Rao Indumakhi, (2002) Counkry skakus on inclusive educakion/ special needs documenkakion good prackices, UNICEF, Regional Office
10. Rao Indumakhi ek al (2000)Moving Away from Lables -A classroom for All learners,CBR NETWORK, Bangalore
11. Porkage ko Every Village- 1998 -CBR NETWORK,Bangalore
12. Rao Indumakhi, (2001),Underskanding inclusive educakion from heark, EENET newslekkers and web publicakion
13. Mani MNG (2000) Inclusive educakion, Ramatrishna Vidyalaya, Coimbakore



**લેખિકા સી.બી.આર. નેટવર્ક (દક્ષિણ એશિયા)ના પ્રાદેશિક સલાહકાર છે. સી.બી.આર. નેટવર્ક યુ.એન. આર્થિક અને સામાજિકા કાઉન્સિલનો વિશેષ મસલતી દરજ્જો ધરાવે છે. ઈન્દુમતી રાવ વિકલાંગતા વિકાસ માટેની વૈશ્વિક ભાગીદારી સંગઠનનાં અધ્યક્ષ તરીકે ચૂંટાયાં છે.**



**આગામી આકર્ષણ**

**જૂન-૨૦૧૬**

**ભારતની વિવિધ ક્ષેત્રે પ્રગતિ તરફની કૂચ**

# વિકલાંગો માટે રોજગાર અને કુશળતાની તકો : વર્તમાન પરિસ્થિતિ અને ઉકેલો

**શાંતિ રાઘવન**



*છેલ્લા દસ વર્ષમાં ખાસ કરીને અગ્રણી મેટ્રોમાં ખાનગી ક્ષેત્રમાં વિકલાંગો (વિકલાંગો) માટે રોજગારીની તકો વધી છે. કંપનીઓ વિકલાંગોની ભરતીને બિઝનેસ વેલ્યુ તરીકે જોઈ રહી છે. કંપનીની ઉત્પાદકતા અને ગુણવત્તાની ચિંતા કુશળ ઉમેદવારો દ્વારા ઉકેલવામાં આવી હતી. સારા રોજગારક્ષમ ઉત્પાદનો પૂરા પાડીને વિશ્વાસ ઊભો કરવાનું વળતર કંપનીઓને મળ્યું છે. ૨૦૦૮ અને ૨૦૧૪માં મંદીના સમયમાં કંપનીઓએ વિકલાંગોની ભરતી કરી, જે એ બાબત પર ભાર મૂકે છે કે તમે સારા ઉત્પાદનો બનાવો તો તેના માટે હંમેશાં બજાર ઉપલબ્ધ હોય છે. છેલ્લા પાંચ વર્ષમાં કંપનીઓએ તીવ્ર ગતિએ વિકાસ કર્યો છે અને તેમને વ્યાપક પુરવઠા ગેપ જોવા મળ્યો છે. તેથી કેટલીક કંપનીઓએ પુરવઠાના સ્થિર સ્રોત તરીકે વિકલાંગો તરફ નજર દોડાવી છે.*

મંજુનાથ એક નાની કંપનીમાં સુપરવાઈઝર છે અને તેની ટીમમાં ૧૫ માણસો ટેક્સટાઈલ મશીનરી પાર્ટ્સ પર કામ કરે છે. આ કામમાં ગુણવત્તા ખૂબ જ મહત્ત્વની છે અને ગ્રાહક દ્વારા માલને નકારવાનો અર્થ ઉદ્યોગમાં નુકસાન છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું મેક ઈન ઈન્ડિયા અભિયાન ગુણવત્તાપૂર્ણ કામ આપતા મંજુનાથ જેવા લોકો પર આધારિત છે. મંજૂનાથની આંખમાં ખામી છે, તેમને ઝાંખું દેખાય છે અને તેમની ટીમમાં પણ શારીરિક વિકલાંગતા ધરાવતા વિવિધ લોકોનો સમાવેશ થાય છે.

સ્ટેન્લી સ્વ-નિર્ભર છે અને તે ફેનિલનો વેપાર કરે છે. તે સેરેબ્રલ પાલ્સીથી પીડિત વ્યક્તિ છે. તબસ્સુમ એક ઓફશોર સપોર્ટ સેન્ટરમાં કામ કરે છે અને સ્ક્રીન પર સતત દરિયાપાર ઈંગ્લેન્ડમાં ગ્રાહકો પર નિરીક્ષણ રાખે છે. તે શારીરિક વિકલાંગતા ધરાવે છે. પ્રદીપ એક મોલમાં કામ કરે છે. તે બૌદ્ધિક વિકલાંગ છે અને તેને ઝાંખુ દેખાય છે તથા ઓછું સંભળાય છે. રાજીવ એક મલ્ટિનેશનલ બેન્કમાં વિશ્લેષક છે અને તેને સાંભળવાની તકલીફ છે. પ્રશાંતને હકારાત્મક પગલાંના કારણે પંચાયત ડેવલપમેન્ટ ઓફિસર તરીકેની નોકરી મળી છે. તે અંધ છે. તેના અંધાપાના કારણે શરૂઆતમાં તેને કામ અપાતું નહોતું, પરંતુ કન્નડમાં ટાઈપ કરવાની વિશેષ તાલીમ અપાયા બાદ અને તેના ટોકિંગ સોફ્ટવેરની મદદથી દૃષ્ટિહિનતાના કારણે તેણે જે પડકારનો સામનો કરવો પડતો હતો તેમાંથી તે બહાર આવી શક્યો. આથી, તેને તેના સાથી કર્મચારીઓ અને ગ્રામવાસીઓ તરફથી આદર મળ્યો.

ગૌસિઆને તેની વિકલાંગતાની ગંભીરતાના કારણે તેની માતાએ સ્નાન કરાવવું અને ખવડાવવું પડે છે. આમ છતાં ગૌસિઆ એક બહુરાષ્ટ્રીય કંપનીમાં પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર તરીકે કમાણી કરે છે અને તેની માતાની સાર-સંભાળ રાખે છે. ઉલટાનું ઓનલાઈન પરથી તેણે ખરીદેલું વોશિંગ મશીન તેની માતાને ઘણી મદદ કરે છે. ગૌસિઆ અવાજ ઓળખતા સોફ્ટવેર જેવા વર્કપ્લેસ સોલ્યુશન્સના ઉપયોગથી ઓનલાઈન કામ કરે છે, જે તેને તેના અવાજની મદદથી ફોન નંબર ડાયલ કરવા, ઈન્ટરનેટનો અને અન્ય સોફ્ટવેર ટૂલ્સનો ઉપયોગ કરવા સક્ષમ બનાવે છે.

મંજુનાથ, સ્ટેન્લી, તબસ્સુમ, પ્રદીપ, ગૌસિઆ, રાજીવ, પ્રશાંત 'ચેન્જ ઈન ઈન્ડિયા'ના ભાગરૂપ છે. કુશળતા મેળવીને રોજગારી મેળવવા સક્ષમ બનીને તેઓ અન્ય લોકોની જેમ જ કામ કરે છે, કર ચૂકવે છે, તેમના પરિવારની

સારસંભાળ રાખે છે અને સામાન્ય સમાજનો ભાગ બન્યા છે. તેઓ આપણને યાદ કરાવે છે કે વિકલાંગતા, ગરીબી અને ભેદભાવ જેવા પડકારોમાંથી બહાર આવવાની તેના નાગરિકોની ક્ષમતા ભારતને મહાન બનાવે છે.

**વર્તમાન રોજગારી એન કુશળતાની પરિસ્થિતિ**

છેલ્લા દસ વર્ષમાં ખાસ કરીને અગ્રણી મેટ્રોમાં ખાનગી ક્ષેત્રમાં વિકલાંગો (વિકલાંગો) માટે રોજગારીની તકો વધી છે. કંપનીઓ વિકલાંગોની ભરતીને બિઝનેસ વેલ્યુ તરીકે જોઈ રહી છે. કંપનીની ઉત્પાદકતા અને ગુણવત્તાની ચિંતા કુશળ ઉમેદવારો દ્વારા ઉકેલવામાં આવી હતી. સારા રોજગારક્ષમ ઉત્પાદનો પૂરા પાડીને વિશ્વાસ ઊભો કરવાનું વળતર કંપનીઓને મળ્યું છે. ૨૦૦૮ અને ૨૦૧૪માં મંદીના સમયમાં કંપનીઓએ વિકલાંગોની ભરતી કરી, જે એ બાબત પર ભાર મૂકે છે કે તમે સારા ઉત્પાદનો બનાવો તો તેના માટે હંમેશાં બજાર ઉપલબ્ધ હોય છે. છેલ્લા પાંચ વર્ષમાં કંપનીઓએ તીવ્ર ગતિએ વિકાસ કર્યો છે અને તેમને વ્યાપક પુરવઠા ગેપ જોવા મળ્યો છે. તેથી કેટલીક કંપનીઓએ પુરવઠાના સ્થિર સ્રોત તરીકે વિકલાંગો તરફ નજર દોડાવી છે. વિકલાંગતા પર કામ કરતી નિષ્ણાત સ્વૈચ્છિક સંસ્થાઓ, મુખ્ય પ્રવાહની તાલિમ સંસ્થાઓ અને સોશિયલ એન્ટરપ્રાઈઝીસ હવે દ્વિતીય સ્તરના શહેરો અને જિલ્લાઓમાં પણ વિકલાંગોને કુશળ અને રોજગારી માટે સક્ષમ બનાવવા કામ કરી રહ્યા છે. સ્કિલિંગ લિડર્સ અને સુપરવાઈઝર્સ દ્વારા કંપનીમાં વિકલાંગોનો સફળતાપૂર્વક સમાવેશ કરવા અને એકીકૃત કરવા વેજ એમ્પ્લોયમેન્ટ માટે શક્ય બન્યું છે. ચોક્કસ ક્ષેત્ર અને રોજગારી તાલીમ માટે કંપનીઓ સાથે જોડાણથી સારી ગુણવત્તાના ઉમેદવારો પૂરા પાડવામાં મદદ મળી છે અને તેથી વધુ સારું પ્લેસમેન્ટ થઈ શકે છે. કંપનીઓ માટે તેમની ભાવી માગને પૂરી કરવા માટે યોગ્ય ઉમેદવારોની પાઈપલાઈન તૈયાર કરવા માટેની સ્થિતિ છે. હાલ સફળ જણાતા સ્કિલિંગ મોડેલમાં અનુભવના શિક્ષણના વ્યાપક ઘટક તત્ત્વો છે. વિકલાંગોની કુશળતાની તાલીમમાં એટિટ્યૂડ અને લાઈફ સ્કિલ ડેવલપમેન્ટનો સમાવેશ કરાયો ત્યારે કંપનીઓમાં તેમને જાળવી રાખવાનું પ્રમાણ ઊંચું રહ્યું છે. કુશળતાની પહેલમાં માતા-પિતાના વિકાસ પર વિશેષ ધ્યાન અપાય છે અને તે લાંબાગાળે વધુ ટકાઉ ઉકેલ સાબિત થયો છે. માતા-પિતા વિશ્વાસ નહોતા કરતા કે તેમના બાળકો જીવન અને રોજગારીની આકરી વાસ્તવિકતાઓનો સામનો કરી શકે છે. તેથી તેમની આર્થિક જરૂરિયાતો છતાં તેઓ તેમના બાળકોને લાંબા પ્રવાસ કરવા, શિફ્ટ્સમાં કામ કરવું અથવા ટાર્ગેટ્સ સાથે કામ કરવા જેવા તણાવપૂર્ણ કામ કરતાં અટકાવતા હતા.

સુપરવિઝન હેઠળ ૬૫થી નીચેના આઈક્યુ સાથે બૌદ્ધિક વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે પારસ્પરિક ચર્ચાની તાલીમ ખૂબ જ સફળ સાબિત થઈ છે. કુશળતા માટેની પરંપરાગત પદ્ધતિઓના બદલે આ પદ્ધતિ વધુ સારો વિકલ્પ સાબિત થઈ છે. શારીરિક વિકલાંગતા ધરાવતા લોકોની સ્કિલિંગ અને પ્લેસમેન્ટમાં કાઉન્સેલર અને ફિઝિયાટ્રિસ્ટની સહાયક સિસ્ટમ ઉપયોગી સાબિત થઈ છે.

રીટેલ, હોસ્પિટાલિટી, આઈટી, આઈટીઈએસ, ગારમેન્ટ્સ, ટેક્સટાઈલ્સ અને બેન્કિંગ જેવા વિકસતા સેક્ટર્સમાં કુશળતાની જરૂર છે. બ્યુટી અને વેલનેસ, મોબાઈલ રીપેરિંગ અને ભૌગોલિક સ્તરે ચોક્કસ વૃદ્ધિવાળા ક્ષેત્રોમાં સ્વ-રોજગારની કુશળતાની તાલીમ સફળ રહી છે.

**ભાવી પરિસ્થિતિ**

વડાપ્રધાન દ્વારા શરૂ કરવામાં આવેલી નેશનલ સ્કીલ પોલિસી આગામી સાત વર્ષમાં ૩૮ લાખ વિકલાંગોને કુશળતાની તાલીમ આપવાનો લક્ષ્યાંક ધરાવે છે. સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયમાં ઊભો કરવામાં આવેલો ડિપાર્ટમેન્ટ ઓફ એમ્પાવરમેન્ટ ઓફ પર્સન્સ વીથ ડિસએબિલિટી (ડીઈપીડબ્લ્યુડી) પીડબ્લ્યુડી માટે નેશનલ એક્શન પ્લાન અને એક્સેસિબલ ઇન્ડિયા અભિયાન શરૂ કરીને પીડબ્લ્યુડી માટે ઈકોસિસ્ટમ વિકસાવવામાં મદદ કરે છે. સ્કિલ પોલિસીને આગળ વધારવા સ્કિલ કાઉન્સિલ ફોર પર્સન્સ વીથ ડિસએબિલિટી (એસસીપીડબ્લ્યુડી)ની રચના કરાઈ છે. તેથી ભારતમાં આર્થિક વર્કફોર્સનો ભાગ બનવા માટે વિકલાંગો તૈયાર છે. આપણે ગંભીર શારીરિક અને માનસિક વિકલાંગતા પર વિશેષ ધ્યાન આપવાની સાથે વિવિધ વિકલાંગતાઓ ધરાવતા વિકલાંગો માટે સફળ મોડેલ્સનો લાભ ઊઠાવવાની જરૂર છે અને રોજગારીના બધા જ સ્વરૂપોને સમાન મહત્વ આપવાની જરૂર છે.

આપણે ૬૦૦થી વધુ ગ્રામીણ સ્વ-રોજગાર સંસ્થાઓ (આરએસઈટી આઈએસ) જેવી વર્તમાન ગુણવત્તાયુક્ત માળખાગત સુવિધાઓનો પણ લાભ લેવાની જરૂર છે. સ્વ-રોજગાર તાલીમ માટે તેનો ઉપયોગ થઈ શકે છે. વિવિધ સ્વ-રોજગાર તકો માટે વિશેષ અભ્યાસક્રમો બનાવવાની જરૂર છે. રોલ મોડેલ્સ તરીકે કામ કરી શકે અને વિકલાંગોને તાલીમ આપી શકે તેવા ક્વૉલિફાઈડ ગુણવત્તાયુક્ત વિકલાંગ

ટ્રેઈનર્સની પણ જરૂર છે.

છેલ્લા ૧૦ વર્ષમાં ૨૬ સેક્ટર્સમાં અલગ અલગ પ્રકારની વિકલાંગતા ધરાવતા વિકલાંગો માટે ૨૭૩થી વધુ નોકરીઓ સર્જાઈ છે, જેમાં તેમને અસરકારક રીતે કામ કરવા સક્ષમ બનાવાયા છે. ગંભીર વિકલાંગતા ધરાવતા વિકલાંગો માટે ઉકેલો શોધીને વધુ નોકરીઓ પેદા કરવાની જરૂર છે. વધુ પ્રમાણમાં વિકલાંગોને સ્થાન આપી શકે તેવા લીડર્સ વિકસાવવા પદ્ધતિસરના પ્રયત્નો કરવાની જરૂર છે.

જોબ એનાલિસીસ સર્વિસ, વર્કપ્લેસ સોલ્યુશન્સ, સમાવેશક સેવા, જાગૃતિ અને સંવેદનશીલતા, નેતૃત્વ વિકાસ અને અન્ય જેવી સેવાઓ પૂરી પાડવા માટે સહાયક સિસ્ટમ વિકસાવવી જોઈએ. કુશળતાની પહેલને સફળ બનાવવી ખૂબ જ મહત્ત્વની છે. આ વર્ષે શરૂ કરાયેલી અનેબલ એકેડમી વિકલાંગો માટે મુખ્ય પ્રવાહની આજીવિકા અંગે કામ કરતી કોમ્યુનિટિઝમાં સહયોગને પ્રોત્સાહન આપવા માટેનું એક પ્લેટફોર્મ છે. આ એક એવું પ્લેટફોર્મ છે, જ્યાં બધા જ હિસ્સેદારો સંશાધનોનો ઉપયોગ કરી શકે છે અને શૅર કરી શકે છે તથા અભિયાનો શરૂ કરી શકે છે, જે સંયુક્ત પ્રયાસોની શક્તિ પેદા કરે છે અને અત્યંત જરૂરી સહાય પૂરી પાડે છે. એક મિસ્ડ કોલ દ્વારા ઉપલબ્ધ થતી ઈન્ટરએક્ટિવ વોઈસ રીસ્પોન્સ સિસ્ટમ 'નમ્મા વાની' કર્ણાટકના ગ્રામીણ વિસ્તારમાં અનેક વિકલાંગો માટે વર્ચ્યુઅલ નેટવર્કિંગની સુવિધા પૂરી પાડે છે. અહીં વિકલાંગો તેમની કથની, સમસ્યાઓ શૅર કરી શકે છે અને જાગૃતિ, આશા ફેલાવીને તથા તેમના દૈનિક પડકારોનો સામનો કરીને એકબીજાની સમસ્યાઓ ઉકેલી શકે છે તેમજ આર્થિક રીતે સ્વતંત્ર બની શકે છે. આ ટેક્નોલોજી આધારિત પ્લેટફોર્મ ગેમ ચેન્જર સાબિત થશે અને વિકલાંગોની કુશળતા માટે ઉજ્જવળ ભાવીની ખાતરી આપશે.

'ચેન્જ ઇન ઇન્ડિયા' સફળ થશે ત્યારે 'મેક ઇન ઇન્ડિયા' પણ સફળ થશે, જેમાં સમાજના બધા જ વર્ગોનો સમાવેશ થશે. વિકલાંગોની કામ કરવાની સફળતા આ પરિવર્તનના પૂર્વચિહ્ન છે.

**શાંતિ રાઘવન અશોકા ફેલો અને અનેબલ ઈન્ડિયાના સ્થાપક મેનેજિંગ ટ્રસ્ટી છે. અનેબલ ઈન્ડિયા વિકલાંગો માટે આજીવિકાના માળખામાં અગ્રેસર છે અને તેણે છેલ્લા ૧૬ વર્ષથી વધુ સમયમાં હકારાત્મક પગલા લઈને ખાનગી રોજગારી, સ્વ-રોજગારી અને સમાવેશક રોજગારી માટેના રોજગારીના મોડેલ્સ સર્જ્યા છે. અનેબલ ઈન્ડિયા નવીન ઉકેલો મારફત મુખ્ય પ્રવાહના કામમાં શારીરિક, સ્પર્શ અને બૌદ્ધિક વિકલાંગોના સમાવેશક વિકાસમાં પણ અગ્રેસર છે.**



# અપંગ લોકો માટે સામાજિક સમાવેશ : મુદ્દાઓ અને વ્યૂહરચનાઓ

ડૉ. સંધ્યા લિમયે



*સમાજમાં એવી માન્યતા છે કે વ્યક્તિમાં વિકલાંગતાનું કારણ તેના પૂર્વ જન્મના કે ભૂતકાળના પાપ અથવા કર્મના કારણે છે અને ઈશ્વર દ્વારા કરાયેલી આ સજામાં કોઈ ફેરફાર કરી શકતું નથી. આ માનસિકતા અને અંતરાયોથી - વિકલાંગતા ધરાવતા લોકો - સમાજમાં ધીમે ધીમે ઉપેક્ષિત બને છે અને તેમને સમાજના મુખ્ય પ્રવાહ અને આર્થિક લાભોથી વંચિત થવું પડે છે. તેઓને સામાન્ય લોકોની સરખામણીમાં રોજબરોજના જીવનમાં અનેક બાબતોમાં ઉપેક્ષા સહન કરવી પડે છે.*

સામાજિક સમાવેશન કે સામાજિક રીતે બાકાત લોકોને સાથે લાવવા એ સમાજિક રીતે બાકાત થવાની પરિસ્થિતિ કે આદતોને પરિવર્તિત કરવાની દિશામાં એક હકારાત્મક પગલું છે. વિશ્વ બેન્ક દ્વારા સામાજિક સમાવેશનની વ્યાખ્યા નક્કી કરવામાં આવી છે. જેમાં સક્ષમતામાં સુધારાની પ્રક્રિયા, તકો અને લોકોના ગૌરવ કે પોતાની ઓળખના આધારે સમાજમાં ભાગ લેવાથી કે લાભો મેળવવાથી વંચિતોનો સમાવેશ થાય છે.

વિશ્વમાં વિકલાંગતા કે દિવ્યાંગ વ્યક્તિઓને એવા સૌથી વિશાળ લઘુમતી સમૂહ તરીકે માન્યતા મળેલી છે. જેઓ સમાજમાં ઉપેક્ષા, પછાત, અલગતા કે બાકાત રહેવા માટે સૌથી વધુ સંવેદનશીલ છે. ૨૦મી સદીના ઉતરાર્ધમાં મોટાભાગના દેશોએ વિકલાંગતા ધરાવતા લોકોને કોઈક પ્રકારની સહાયતા આપવાનો પ્રારંભ કર્યો છે. જેમાં દાન અને સંસ્થાકીય સંભાળથી લઈને સરકારી કે બિનસરકારી પ્રયાસોથી માનવ અધિકાર અભિગમ દ્વારા સારવાર અને પુનઃવસન પૂરું પાડવાનો સમાવેશ થાય છે.

ભારતની સ્વતંત્રતા પછી ભારત સરકારે મોટો સમૂહ ધરાવતા આ વર્ગની જવાબદારી સંભાળી છે અને વિકલાંગતા ધરાવતા લોકોના કલ્યાણ અને પુનઃ વસન માટે વિવિધ કાર્યક્રમો ઘડી કાઢ્યા છે.

વિકલાંગતા ધરાવતા લોકો અનેક પ્રકારની ઉપેક્ષાઓ અને અંતરાયોનો સામનો કરે છે. જેમાં શારીરિક અને વ્યવહારિક ઉપેક્ષા અને સામાજિક સમાવેશનને અસર પહોંચાડતી - સામાજિક ઉપેક્ષાનો સમાવેશ થાય છે. વર્તન અને વ્યવહારિક ઉપેક્ષામાં વિકલાંગતા ધરાવતા આવા લોકો પ્રત્યે સમાજનું નકારાત્મક વર્તન મુખ્ય છે. વિકલાંગતા પ્રત્યે સમાજમાં એક પ્રકારની સુગ પ્રવર્તે છે. સમાજમાં એવી માન્યતા છે કે વ્યક્તિમાં વિકલાંગતાનું કારણ તેના પૂર્વ જન્મના કે ભૂતકાળના પાપ અથવા કર્મના કારણે છે અને ઈશ્વર દ્વારા કરાયેલી આ સજામાં કોઈ ફેરફાર કરી શકતું નથી. આ માનસિકતા અને અંતરાયોથી - વિકલાંગતા ધરાવતા લોકો - સમાજમાં ધીમે ધીમે ઉપેક્ષિત બને છે અને તેમને સમાજના મુખ્ય પ્રવાહ અને આર્થિક લાભોથી વંચિત થવું પડે છે. તેઓને સામાન્ય લોકોની સરખામણીમાં રોજબરોજના જીવનમાં અનેક બાબતોમાં ઉપેક્ષા સહન કરવી પડે છે.

વિકલાંગતા ધરાવતા લોકોને એટલા માટે પણ ઘણું સહન કરવું પડે છે કેમ કે, તેનાથી તેમના અને તેમના પરિવારના જીવનની ગુણવત્તામાં ઘટાડો થાય છે. તેનાથી ઘણા લોકો પોતાને ઉપેક્ષિત અને

બિનઉપયોગી સમજે છે અને સમાજ પણ તેને બોજારૂપ ગણતો હોવાનું અનુભવે છે. તેમના પરિવારો, માતા-પિતા, બાળકો અને તેમના ભાઈ-બહેનો પણ નકારાત્મક વ્યવહાર, ગરીબી અને સામાજિક ઉપેક્ષાનો ભોગ બની શકે છે. ઘણા લોકો એવી લાગણી અનુભવે છે કે જ્યારે તેઓને પોતાના માટે સમાજના ટેકાની જરૂર હોય છે ત્યારે તેઓને મોટાભાગનો સમય સમાજ સામે લડવામાં ખર્ચ કરવો પડે છે.

ઉપેક્ષા એ વ્યક્તિગત રીતે, પરસ્પર સંબંધોની દષ્ટિએ અને સામાજિક દષ્ટિએ સામાજિક જીવનની પરિપૂર્ણતામાંથી બાકાત થઈ જવાનો મુખ્ય મુદ્દો છે. વિકલાંગતાને કારણે જે અનેક પ્રકારના ગેરલાભો અને ઉપેક્ષાઓ સહન કરવા પડે છે તે અન્ય સામાજિક બાબતો જેવી કે જાતિ, વંશીયતા, ધર્મ, વિસ્તાર, પ્રાંત વગેરેની સરખામણીમાં અનેક ગણી વધારે છે. વિકલાંગતા અને લિંગ ભેદ એ બંને એવા શારીરિક મુદ્દાઓ છે કે જે વ્યક્તિની સંપૂર્ણ ઉપેક્ષા કરે છે.

વિકલાંગતા પુરૂષને અન્ય સામાન્ય પુરૂષની સરખામણીમાં અશક્ત, અક્ષમ અને બિન-સ્વાવલંબી ગણવામાં આવે છે. એ જ રીતે વિકલાંગ સ્ત્રીને તેની ગૃહિણી તરીકેની ભૂમિકામાં સક્ષમ મનાતી નથી. એટલું જ નહીં પણ પત્નિ - માતા જેવી ભૂમિકા ઉપરાંત સામાન્ય સ્ત્રીની સુંદરતાની વ્યખ્યામાં પણ તેને ઉતરતી સમજવામાં આવે છે. આવા પુરૂષ અને મહિલાઓ સદીઓથી શારીરિક, માનસિક અને સામાજિક રીતે ઉપેક્ષિત અને અપમાનિત જીવન જીવતા આવ્યા છે, અને તેમને ઇરાદાપૂર્વકની ઉપેક્ષા, શાબ્દીક ગાળો કે જાતિ સતામણીનો પણ ભોગ બનતું રહેવું પડે છે.

પ્રાથમિક શાળાના વિકાસના ગાળા દરમિયાન સમાન રસ, શાળાની પ્રવૃત્તિઓ અને રમતગમતને કારણે મિત્રતા થતી હોય છે. શારીરિક વિકલાંગતા ધરાવતા ઘણા બાળકો તેમના જેવા અન્ય બાળકો સાથે સંબંધો બાંધવાની સામાજિક કળામાં ઉણપ અનુભવે છે. આવી મિત્રતા કેળવવા માટે વાતચીતની કળાની જરૂર હોય છે. બાળકોમાં વાતચીતની કળા અને સંબંધો બાંધવાની કળા શિખવવાનો પ્રારંભિક અનુભવ કુટુંબ કક્ષાએથી મળે છે જે આગળ જતાં સગા - વ્હાલાઓ અને સમાન જૂથો સાથે વધુ વિકસિત થાય છે.

માનવીના સામાજિક વ્યવહારની રીતભાત બાળપણના પ્રારંભથી જ વિકાસ પામે છે. અને બાળક જ્યારે પુખ્ત બને તે ત્યારે તેના બાળપણના અનુભવોનો તેના ઉપર મોટો પ્રભાવ હોય છે. સાંભળવાની વિકલાંગતા ધરાવતાં બાળકો અથવા બૌદ્ધિક વિકલાંગતા ધરાવતા બાળકો તેમની આસપાસના લોકો સાથે યોગ્ય રીતે વાતચીત કરી શકતા નથી અને નવા મિત્રો બનાવવામાં મુશ્કેલીથી તેમનું સ્વમાન ઘટે છે, અને તેનાથી તેની સામાજિક ઉપેક્ષાનો પ્રારંભ થાય છે. આવી વ્યક્તિઓમાં એકલતા અને ચિંતા ઉત્પન્ન થવાનું સૌથી મોટું કારણ સમાજના મુખ્ય પ્રવાહ સાથે સંવાદ કરવામાં થતી મુશ્કેલી છે. એકલતા અને ચિંતા વધવાનું મુખ્ય કારણ અને મોટી સમસ્યા સમાજના મુખ્ય પ્રવાહમાં સ્થાપિત એવી સંદેશાવ્યવહારની મુશ્કેલીઓ છે. જ્યારે બીજી તરફ દશ્ય અને તેના જેવી અન્ય વિકલાંગતા આવી વ્યક્તિઓને સહન કરવી પડતી મુશ્કેલીઓના સંદર્ભમાં સ્પષ્ટ રીતે જોઈ શકાય છે અને તેથી સમાજ પણ આવી ઉણપ કે ખામીઓને સ્વીકારવા માટે તૈયાર હોય છે અને તેમના પ્રત્યે સમાજના લોકોમાં એક નિશ્ચિત પ્રકારનું વર્તન પણ જોવા મળે છે. આથી સમાજના લોકોને વિવિધ પ્રકારની વિકલાંગતા ધરાવતા લોકો સાથે સંવાદ કરવાની તક આપવી જોઈએ જેથી તેમનો સમાજમાં સ્વીકાર કરવાની દિશામાં માર્ગ મળી શકે.

વિકલાંગો લોકોની અસમર્થતાને સ્વીકારીને ઉપયોગમાં લેવામાં આવતી ભાષાથી તેમની પરિસ્થિતિ માટે તેઓ જ જવાબદાર હોવાની ભાવના ઉત્પન્ન થાય છે. તેમને શિક્ષણ, રોજગાર અન્ય લોકો સાથે અર્થપૂર્ણ સંબંધો વગેરેથી વંચિત રાખવામાં આવે છે અને તેઓ બિનઉપયોગી અને બોઝારૂપ હોવાનું લેબલ મારવામાં આવે છે.

ઘણા બધા અપંગ લોકોએ પોતાની શારિરિક વિકલાંગતા છતાં પોતાના સ્થાનિક સમાજ અને આર્થિક સ્થિતિમાં અસરકારક ફાળો આપેલો છે અને જો તેમને યોગ્ય ટેકો આપવામાં આવે તો તેઓ સમાજના સામાન્ય પ્રવાહમાં સક્રિય રીતે હિસ્સેદારી કરી શકે છે. આવા ઘણા બધા લોકો તેમની સંભવિત ક્ષમતા અને કૌશલ્ય કરતાં પણ વધારે પ્રદાન કરતાં જોવા મળી રહ્યા છે. માત્ર તેમની ક્ષમતા પારખવાની જરૂર હોય છે. વાસ્તવમાં તેમને કામ અને કમાણી કરવા માટે સક્ષમ બનાવવાને બદલે આજે વિકલાંગતા ધરાવતાં ઘણા બધા લોકોને સરકારી યોજનાઓના લાભો અને તેમના કુટુંબોની દયા ઉપર આધારિત બનાવી દેવાયા છે. આવા લોકોની ઓછી કમાણી તેમના વૃધ્ધાવસ્થાના જીવનમાં પણ બાધારૂપ બને છે અને આમ વિકલાંગતાના ગેરલાભ તેમને નિવૃત્તિ પછી પણ સહન કરવા પડે છે.

શારીરિક વિકલાંગતાની વાત કરીએ તો મોટાભાગના આવા લોકોને સાનૂકુળ એવું વાતાવરણ આપવામાં મુશ્કેલી પડે

છે. ખાસ કરીને યોગ્ય વાહન વ્યવહાર, વ્યવસ્થા, વિકલાંગ સરળતાથી હરી ફરી શકે તેવી ઈમારતો વગેરે મુખ્ય છે. ઉદાહરણ તરીકે મુંબઈમાં અયોગ્ય ડિઝાઇન અને માળખાકીય સુવિધાઓના અભાવથી વિકલાંગ લોકોને મુંબઈની સ્થાનિક ટ્રેનમાં મુસાફરી કરવી ખૂબ જ મુશ્કેલ બની જાય છે. આપણે એ વાતનો સ્વીકાર કરવો પડશે કે વિકલાંગતા ધરાવતા લોકોને સામાન્ય લોકોની જેમ જ જાહેર પરિવહનના સાધનોમાં સરળ અને સુરક્ષિત રીતે પ્રવાસ કરવાનો અધિકાર છે અને તેઓ પોતાની વિશિષ્ટ વિકલાંગતા મુજબ આવી સુવિધા રેલવે તંત્ર પાસેથી માંગવાનો હક પણ ધરાવે છે.

વિકલાંગતા અંગે સરકારની નીતિની વાત કરીએ તો તે વિવિધ પ્રકારની વિકલાંગતા ધરાવતા વિવિધ સમૂહોને ધ્યાનમાં લેતી નથી. તેને કારણે વિકલાંગ વ્યક્તિને હંમેશા એવી લાગણી થાય છે કે તેમને તેનો હક મેળવવા માટે સરકારી - સીસ્ટમ સાથે સતત સંઘર્ષ કરવો પડે છે અને આ સરકારી સિસ્ટમ અને તેની બાબુશાહી વિકલાંગોને સમાજમાં સામેલ કરવાની દિશામાં અને તેની સુવિધાઓમાં વધારો કરવાની દિશામાં તેમની જરૂરિયાતોને કેન્દ્ર સ્થાને રાખતા નથી. રાજકીય અને કાયદાકીય પ્રક્રિયાથી વિકલાંગ વ્યક્તિ અલગ થલગ પડી જાય છે અને તેને પરિણામે તેને સમાજથી વિમૂખ થવું પડે છે.

**વ્યૂહરચનાઓ :**

વિકલાંગ લોકોની સમાજમાં સામેલગીરીની માંગ એ વાસ્તવમાં સમાજ દ્વારા કરાયેલા વિકલાંગોની વિરૂધ્ધના ઉપાયોનું જ પરિણામ છે. એ ખૂબ જ અગત્યનું છે કે, વિકલાંગોનું શોષણ થતું તુરંત અટકાવવામાં આવે. ઉપર ચર્ચા કરવામાં આવી તેવા વિકલાંગો માટેના અંતરાયોને દૂર કરવા માટે નાગરિક તરીકેની તેમની જવાબદારી અદા કરવા માટે તેમને તકો પૂરી પાડવા માટે આવા વિકલાંગ લોકોને ઘરોમાં, સમાજમાં અને કામકાજના સ્થળે તેમની સ્થિતિ સુધારવાની જરૂર છે. હવે ઓછી અપેક્ષાઓ અને બીજાના ઉપર આધારિત રહેવાની સંસ્કૃતિમાંથી બહાર આવવાનો સમય આવી ગયો છે. અને એવા સમાજની દિશામાં આગળ વધવું જોઈએ જેમાં વિકલાંગ લોકોને સક્ષમ બનાવી તેમને સમાજમાં ભાગીદાર બાનાવવાની દિશામાં પ્રયાસો કરવાની જરૂર છે.

વિકલાંગો માટે અંતરાયરૂપ બનતાં પરિબળો દૂર કરવાનું કાર્ય માત્ર સરકાર જ કરી શકે તેમ નથી, પરંતુ વિકલાંગ લોકોએ પોતે પણ કર્મચારીઓ, આરોગ્ય કાર્યકરો, શિક્ષણકારો, સ્થાનિક સામાજિક આગેવાનો વગેરે સાથે મળીને પોતાના જીવનની ગુણવત્તા સુધારવાની જરૂર છે અને એ રીતે સમાજમાં પોતાની સામેલગીરી વધારવાની જરૂર છે.

જો પૂરતાં સંસાધનો અને દૃષ્ટિકોણ સાથે તેનો સાવધાની પૂર્વક અમલ કરવામાં આવે તો તેનો નિશ્ચિતપણે ફાયદો મળી શકે છે.

આ માટે નીચેના મુદ્દાઓ ઉપર ધ્યાન આપવું જરૂરી બની રહેશે.

(૧) વિવિધ પ્રકારની વિકલાંગતા, તેમની જરૂરિયાતો અને તેમની ક્ષમતાઓ અંગે સંબંધિત વિવિધ વર્ગોમાં સમાનતા અને જાગૃતિ કેળવવા માટે કાર્યક્રમોનું આયોજન.

(૨) વિકલાંગો સાથે જેમને કામ કરવાનું છે તેવા વ્યવસાયિકો - જેમ કે ડોક્ટરો, શિક્ષકો, નોકરિયાતો, વકીલો, રોજગાર અધિકારીઓ, સ્થાનિક સામુદાયિક નેતાઓ વગેરેમાં વિકલાંગોની ક્ષમતા તેમની જરૂરિયાતો તેમના પ્રત્યેના વલણ વગેરે અંગે જ્ઞાનમાં વૃદ્ધિ કરવા તેમને માટે તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ.

(૩) વિવિધ વિકલાંગતા ધરાવતા લોકોની ક્ષમતા અને કૌશલ્ય પર વિશેષ ધ્યાન આપીને તેમને સ્વનિર્ભર બનાવવા પ્રયાસ કરવો.

(૪) વિકલાંગતાને લગતાં કોર્સનો બાળકોની શિક્ષણમાં અને ખાસ કરીને શિક્ષકો માટેની બી.એડ્. અને એમ.એડ્.ના અભ્યાસક્રમોમાં સમાવેશ કરવાનો સમાવેશ થાય.

(૫) વિકલાંગ લોકોને સમાજ પ્રત્યે યોગદાન આપવાની તકો પૂરી પાડવા વિશિષ્ટ અને સામાન્ય એવી નીતિ બનાવવી જોઈએ જે તેમની સમાજમાં સામેલગીરીને સુનિશ્ચિત કરે અને તેમની ક્ષમતાઓને ઓળખતી થાય.

(૬) વિકલાંગ લોકોની જરૂરિયાત સમાજના તમામ સ્તરના નાગરિકોને ઉપલબ્ધ બનાવવી જોઈએ અને આવી નીતિની રચના, માળખું અને અમલમાં તેનો સમાવેશ કરવો જોઈએ.

(૭) વિકલાંગ લોકોનો સરકારી મદદ અને સેવાઓની જરૂરિયાત તરફના અનુભવોમાં ફેરફાર લાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

(૮) સર્વ સમાવિષ્ઠ પર્યાવરણ અને અંતરાયો મુક્ત વૈશ્વિક વાતાવરણની જરૂરિયાત ઉપર ભાર મૂકવો જોઈએ.

**લેખિકા મુંબઈની ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ સાયન્સીસ ખાતે અપંગતા અભ્યાસ અને કાર્ય કેન્દ્રમાં એસોસિએટ પ્રોફેસર છે.**

# દૃષ્ટિ ક્ષમતા

અમીત સિંગ



*વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા ૨૦૦૧માં એક અહેવાલ પ્રસિદ્ધ કરાયો હતો જે ઈન્ટરનેશનલ ક્લાસીફિકેશન ઓફ ફંક્શનીંગ, ડીસએબિલિટી એન્ડ હેલ્થ એટલે કે આઈસીએફ તરીકે ઓળખાય છે. આઈસીએફ એ એક પ્રકારનું ધોરણ સુનિશ્ચિત કરે છે જેમાં માનવશરીરના અંગો અને માળખાની કામગીરી, પ્રવૃત્તિઓ ભાગીદારી ક્ષમતા અને સ્થિતિનું વર્ણન કરે છે.આ પ્રકારની પ્રવૃત્તિઓ સામાન્ય રીતે આપણાં આરોગ્યને કઈ રીતે અસર કરે છે અને આપણી આસપાસની દુનિયામાં આપણે કઈ રીતે કામ કરીએ છીએ, કામ કરી શકવા કેટલા સક્ષમ છીએ તેનું પ્રમાણ કે ધોરણ સુનિશ્ચિત કરે છે. આઈસીએફમાં 'પ્રવૃત્તિ'ની વ્યાખ્યા એવી આપવામાં આવી છે કે કોઈ કામનું અનુસરણ અથવા વ્યક્તિગત દ્વારા પગલું અને 'ભાગીદારી' એટલે વ્યક્તિની જીવનસ્થિતિમાં સામેલગીરી એવી વ્યાખ્યામાં કરવામાં આવી છે.*

સેન્ટર ફોર ડીસીઝ કન્ટ્રોલ (રોગ નિયંત્રણ કેન્દ્ર) દ્વારા વિકલાંગતા કે અપંગતાની એવી વ્યાખ્યા કરવામાં આવી છે કે "અપંગતા એટલે શરીર અને મગજની કોઈપણ એવી સ્થિતિ (ક્ષતિજનક) કે જેનાથી વ્યક્તિને કેટલીક પ્રવૃત્તિઓ કરવી મુશ્કેલ બને છે (પ્રવૃત્તિ નિયંત્રણ) અને પોતાના આસપાસના વિશ્વ સાથે સંવાદ-વાતચીત કે હળવું-મળવું વગેરેમાં પણ મુશ્કેલી પડતી હોય (ભાગીદારી નિયંત્રણો)."

એવી જુદા જુદા પ્રકારની વિકલાંગતા હોય છે કે જે વ્યક્તિની દૃષ્ટિ, હલનચલન, વિચારશક્તિ, સ્મૃતિ, શીખવાની પ્રવૃત્તિ, સંવાદની પ્રક્રિયા, સાંભળવાની ક્ષમતા, માનસિક આરોગ્ય, સામાજિક સંબંધો વગેરે ઉપર અસર કરે છે. વિકલાંગતા જુદી જુદી વ્યક્તિઓને અલગ અલગ રીતે અસર કરે છે અને તેને સર્વસામાન્ય એમ ના કહી શકાય કે વ્યક્તિ બિનકાર્યક્ષમ છે અને તેને સમગ્ર વસ્તીની સાથે જોડી ના શકાય. ઉપરાંત વિકલાંગતા એવી પણ હોય છે કે જે કોઈપણ વ્યક્તિને કોઈપણ તબક્કે તેના કે તેણીના જીવન ઉપર અસર પહોંચાડી શકે છે. તે કાંઈ કાયમ જન્મજાતથી હોતી નથી અને કોઈ અકસ્માત કે દુર્ઘટનાનો ભોગ બનવાથી પણ વ્યક્તિ વિકલાંગ બની શકે છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)ના જણાવ્યા મુજબ વિકલાંગતાના ત્રણ પરિમાણ છે :

૧. વ્યક્તિના શરીરમાં ક્ષતિ અથવા કામકાજ કરી શકવામાં ક્ષતિ અથવા માનસિક રીતે કામ કરવામાં ક્ષતિ, ક્ષતિના દાખલામાં અંગનું નુકસાન, દૃષ્ટિ ગુમાવવી કે પછી વિસ્મૃતિનો રોગ.
૨. પ્રવૃત્તિ નિયંત્રણ જેમ કે જોવામાં, સાંભળવામાં, ચાલવામાં કે પછી કોઈ પ્રશ્ન ઉકેલવામાં મુશ્કેલી હોય.
૩. રોજિંદી પ્રવૃત્તિમાં ભાગ લેવામાં મુશ્કેલીઓ કે મર્યાદાઓ જેમ કે ચાલવામાં મુશ્કેલી, સામાજિક કે રચનાત્મક પ્રવૃત્તિમાં ભાગ લેવામાં મુશ્કેલી અને આરોગ્ય કાળજી લેવામાં મુશ્કેલી અને સેવાઓ અટકાવવી વગેરે.

વિકલાંગતા જન્મજાત ખોડખાંપણની પણ હોઈ શકે અને કેટલાક સમય પછી જીવનમાં અસર કરે, જેમ કે જન્મથી જ સ્મૃતિ, શીખવું અને સમજણમાં મુશ્કેલી પડતી હોય, હલનચલન (પર્યાવરણ-માનવજીવનમાં આસપાસ ફરવું) દૃષ્ટિ, સાંભળવું, વર્તણૂક અને અન્ય ક્ષેત્રોમાં મુશ્કેલી પડતી હોય. આ પ્રકારની સ્થિતિ શરીરના તત્ત્વો (જીન)ને કારણે કે વંશપરંપરાગત કે પછી આકારવિજ્ઞાનને

કારણે જન્મથી જ યોગ્ય વિકાસ ના થયો હોય ત્યારે શરીર કે શરીરના અંગોને અસર કરે છે.

કેટલીક ચોક્કસ આરોગ્યસ્થિતિ (જેમ કે મધુપ્રમેહ, લોહી દબાણ વગેરે)ને કારણે વિકલાંગતા આવે છે, જેમ કે દૃષ્ટિ ગુમાવવી, મગજને નુકસાન થાય, કે કોઈ અંગ ગુમાવવું પડે. વિકલાંગતામાં સતત વધારો થાય તો શરીરમાં સતત કંપન આવવું, સ્થિરતા અને તૂટક તૂટક રીતે ચાલવું વગેરેની ગંભીર સ્થિતિ સર્જાઈ શકે છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા ૨૦૦૧માં એક અહેવાલ પ્રસિદ્ધ કરાયો હતો જે ઇન્ટરનેશનલ ક્લાસીફિકેશન ઓફ ફંક્શનીંગ, ડીસએબિલિટી એન્ડ હેલ્થ એટલે કે આઈસીએફ તરીકે ઓળખાય છે. આઈસીએફ એ એક પ્રકારનું ધોરણ સુનિશ્ચિત કરે છે જેમાં માનવશરીરના અંગો અને માળખાની કામગીરી, પ્રવૃત્તિઓ ભાગીદારી ક્ષમતા અને સ્થિતિનું વર્ણન કરે છે.આ પ્રકારની પ્રવૃત્તિઓ સામાન્ય રીતે આપણાં આરોગ્યને કઈ રીતે અસર કરે છે અને આપણી આસપાસની દુનિયામાં આપણે કઈ રીતે કામ કરીએ છીએ, કામ કરી શકવા કેટલા સક્ષમ છીએ તેનું પ્રમાણ કે ધોરણ સુનિશ્ચિત કરે છે. આઈસીએફમાં 'પ્રવૃત્તિ'ની વ્યાખ્યા એવી આપવામાં આવી છે કે કોઈ કામનું અનુસરણ અથવા વ્યક્તિગત દ્વારા પગલું અને 'ભાગીદારી' એટલે વ્યક્તિની જીવનસ્થિતિમાં સામેલગીરી એવી વ્યાખ્યામાં કરવામાં આવી છે.

વિકલાંગતાની સ્થિતિમાં ટેક્નોલોજી કે પ્રૌદ્યોગિકી તેમાં ખૂબ મોટી મદદ કરે છે અને જે તે વિકલાંગ વ્યક્તિને એક ચોક્કસ સ્તર સુધી કાર્યક્ષમ બનાવવામાં સહાય કરે છે. અલગ અલગ પ્રકારની વિકલાંગતામાં ટેક્નોલોજી અને ઉપકરણો અલગ અલગ રીતે ભાગ ભજવતા હોય છે. અગાઉ ચર્ચા કરી તેમ વ્યક્તિના જીવનમાં વિકલાંગતાને કારણે જે ક્ષતિ સર્જાય છે તેનો સેતુ બનવામાં ટેક્નોલોજી મદદ કરે છે. ટેક્નોલોજી બે રીતે મદદ કરી શકે જેમ કે એવા કોઈ ઉપકરણોની મદદથી જે તે વિકલાંગ વ્યક્તિ પોતાનું રોજિંદુ કામકાજ કરી શકે અને શરીરમાં તે ઉપકરણ બેસાડ્યું હોય તો તેના શરીરના સંકલિત ભાગ તરીકે કાર્ય કરી શકે છે.


ટેક્નોલોજીની ભૂમિકાને સામાન્ય રીતે અને માહિતી તથા દૂરસંદેશાવ્યવહાર ટેક્નોલોજીની દૃષ્ટિએ ખાસ અલગ રીતે સમજવાનો પ્રયાસ કરીએ તો જેને જોવામાં મુશ્કેલી પડે છે તેવા કિસ્સામાં તેનું મૂલ્યાંકન થવું જોઈએ. દૃષ્ટિ એટલે કે જોવામાં મુશ્કેલી પડતી હોય તેવા કિસ્સામાં જે તે વ્યક્તિની જોવાની ક્ષમતામાં વધારો થાય કે સુધારો થાય તેવી ટેક્નોલોજીનો ઉપયોગ કરતાં પહેલાં આઈસીટીને સમજવું અગત્યનું છે. કેમ કે આઈસીટી એક છત્રી છે કે જે માહિતી અને દૂરસંદેશાવ્યવહારને આવરી લે છે. આઈસીટી એવી ટેક્નોલોજીનો ઉલ્લેખ કરે છે કે જે દૂરસંદેશાવ્યવહાર દ્વારા માહિતી એકત્ર કરીને પૂરી પાડે છે. આઈસીટીમાં કોમ્પ્યુટર્સ, ઇન્ટરનેટ, વાયરલેસ નેટવર્ક, સેલફોન અને અન્ય સંદેશાવ્યવહાર માધ્યમો અને સાધનોનો સમાવેશ થાય છે. આઈસીટીમાં નવી સંદેશાવ્યવહાર ક્ષમતાને વિસ્તારવાની શક્તિનો સમાવેશ થાય છે. આઈસીટીમાં નવા સંદેશાવ્યવહારના સાધનોને સમાવવાની અને વિકલાંગ વ્યક્તિના જીવનમાં તેને ઉપયોગી નિવડવાની વિસ્તરણ ક્ષમતા રહેલી છે. આઈસીટીમાં સંકલિત ઉપકરણો દ્વારા શક્તિશાળી માહિતી ટેક્નોલોજીનો સમાવેશ થાય છે કે જે આપમેળે સંદેશાવ્યવહાર કરવાની શક્તિ ધરાવે છે. જેમ કે ઇન્ટરનેટ.

નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઇઝેશન (એનએસએસઓ) અને ૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ ભારતમાં વિકલાંગ વ્યક્તિઓમાં દૃષ્ટિ ખામીવાળી વ્યક્તિઓની સંખ્યા ખૂબ મોટી હોવાનું માલુમ પડ્યું છે તેમાં પણ દૃષ્ટિ ખામીને કારણે હલનચલન ના કરી શકતા હોય તેવી વ્યક્તિઓની સંખ્યા સૌથી વધારે છે. હલનચલન કરવામાં બિનકાર્યક્ષમતાની જેમ જોવામાં ખામીની ક્ષતિ એક જ અવયવને કારણે હોય તેમ જણાય છે. અન્ય શબ્દોમાં કહીએ તો એક જ અવયવ સંબંધિત કામગીરી હોય છે.

**વિકલાંગતા પ્રમાણે માહિતી** **(લાખમાં)**

| વિકલાંગતા | એનએસએસઓ (લાખમાં સરેરાશ) | વસ્તી (લાખમાં સરેરાશ) |
|---|---|---|
| હલનચલન | ૧૦૬.૩૪ (૫૧.૧૯ ટકા) | ૬૧.૦૫ (૨૭.૮૬ ટકા) |
| દૃષ્ટિ | ૨૮.૨૬ (૧૩.૬૦ ટકા) | ૧૦૬.૩ (૪૮.૫૪ ટકા) |
| સાંભળવું | ૩૦.૬૨ (૧૪.૭૪ ટકા) | ૧૨.૬૨ (૫.૭૬ ટકા) |
| બોલવું | ૨૧.૫૫ (૧૦.૩૭ ટકા) | ૧૬.૪૧ (૭.૪૯ ટકા) |
| માનસિક | ૨૦.૯૬ (૧૦.૦૯ ટકા) | ૨૨.૬૧ (૧૦.૩૩ ટકા) |
| **કુલ** | **૨૦૭.૭૩ (૧.૮ ટકા)** | **૨૧૯.૦૨ (૨.૧ ટકા)** |

દૃષ્ટિખામી કે જોવામાં મુશ્કેલી પડતી હોય તેવી ખામી કે ક્ષતિ એ જોવાની શક્તિ ગુમાવ્યાને કારણે થાય છે અને તે ગુણવત્તાયુક્ત ચશ્મા, કોન્ટેક્ટ લેન્સ, દવા કે ઓપરેશનથી દુરસ્ત થઈ શકતી નથી. આ પ્રકારની ખામીને કારણે જે તે વ્યક્તિને રોજબરોજની પ્રવૃત્તિઓ કરવામાં અવરોધોનો સામનો કરવો પડે છે. તેનો સંબંધ ભલે આંખ સાથે હોય તેમ છતાં તે આંખ પૂરતું મર્યાદિત નથી પણ માનસિક ચેતાતંતુ અને મગજના ફાઈબરની સાથે જોડાયેલું છે.




દૃષ્ટિખામી કદાચ આંશિક કે પૂર્ણ પણ હોઈ શકે અને તે જન્મજાતથી અથવા તો ત્યારબાદ જીવનમાં વિકસિત થતી જોવા મળે છે. જોવાની ખામી કદાચ કોઈ રોગ, માનસિક તણાવ અથવા જન્મજાત કે કોઈ અવિકસિત પરિસ્થિતિને કારણે સર્જાઈ શકે છે. એક એવું અનુમાન છે કે અડધા ઉપરાંતનો અંધાપો અટકાવી શકાય તેમ હોય છે. તેનું સાદું કારણ એ છે કે આંખમાં અંધાપો આવ્યાના રોગના લક્ષણો તેના શરૂઆતના તબક્કામાં જોવા મળતા નથી અને તેથી રોગ વિકસવાની શરૂઆત થાય કે શરૂઆતના તબક્કે જ તેને અટકાવવામાં આવે તો તે ખૂબ જ ઉપયોગી નિવડે છે. મોટાભાગના અંધાપાના કિસ્સામાં કે આંખમાં ખામી રોગમાં સ્ક્રીનિંગ અને વહેલી સારવાર ઉપલબ્ધ છે અને કેટલીક સારવાર તો પોષાય શકે તેવી હોય છે. જો કે એક માત્ર અંધાપાને કારણે જે સંપૂર્ણપણે દૃષ્ટિ જતી રહે તેવું હોતું નથી. એવી કોઈ પરિસ્થિતિ પણ હોય છે કે જેમાં જોવામાં ખામી હોય અને તેને 'આંશિક દૃષ્ટિ' એમ પણ કહી શકાય.

**આઈસીટી (ICT) એક સારવાર તરીકે**

એવું કોઈપણ ઉપકરણ કે સેવા કે જે વિકલાંગ વિદ્યાર્થીની કામકાજ કરવાની સ્વતંત્રતામાં વધારો કરે, ભાગીદાર બને, સિદ્ધિ પ્રાપ્ત કરે તેને મદદનીશ ટેક્નોલોજી તરીકે માનવામાં આવશે. મદદનીશ ટેક્નોલોજી એવી વ્યક્તિઓને મદદ કરે છે કે જે દૃષ્ટિ ખામી (વધારાની વિકલાંગતા સાથે કે તે સિવાય) ધરાવતી હોય. તેમને સામાન્ય અભ્યાસક્રમ મેળવી આપવામાં ઉપયોગી નીવડે છે અને તેમની શૈક્ષણિક કારકિર્દીમાં વધારો કરે છે.

મોટાભાગના દૃષ્ટિ ખામીવાળા લોકો દૃષ્ટિ પુનઃસ્થાપન, પર્યાવરણીય સુધારાત્મક પગલાંનો લાભ મેળવી શકે છે અને મદદનીશ ઉપકરણ તેમની દૃષ્ટિ સુધારવામાં મહત્તમ ભાગ ભજવે છે અને તેમને સ્વતંત્ર તથા ઉપયોગી જીવન જીવવામાં મદદ કરે છે. જ્યારે આઈસીટી એવી વ્યક્તિઓના બચાવમાં આવે છે કે જેઓ તમામ સ્થિતિથી અસર પામેલા હોય છે.

**લાકડી :**

આઈસીટી ઉપકરણમાં એક એવી લાકડીનો ઉપયોગ થાય છે કે જેની મદદથી વિકલાંગ વ્યક્તિ (અંધ લોકો) અડચણો દૂર કરી શકે છે અને દયનીય જીવન જીવવામાંથી પણ બહાર આવી શકે છે. નવી ટેક્નોલોજીનો ઉપયોગ જેમ કે એક એવા પ્રકારનું બેટ હોય છે કે જે અલ્ટ્રાસોનિક ટેક્નોલોજીથી સુસજ્જ હોય છે અને કમ્પ્યૂટર પ્રક્રિયાની શક્તિથી આપમેળે રસ્તામાં આવતી અડચણોને શોધી કાઢીને તેની સિગ્નલ દ્વારા જાણ વિકલાંગ વ્યક્તિને આપે છે. આ પ્રકારના સાધનો વિમાનમાં ઉપયોગમાં લેવામાં આવે છે. આ ઉપકરણનો ઉપયોગ કરનાર વ્યક્તિ આ બેટમાં વાયબ્રેશન સિગ્નલ સાઉન્ડ એલાર્મ કે હોટીક સિગ્નલનો ઉપયોગ કરી શકે છે.

**દિશાસૂચક યંત્રો :**

દૃષ્ટિ ખામી ધરાવનાર વ્યક્તિ કોઈ લાંબા પ્રવાસમાં કે મુસાફરીમાં જાય ત્યારે કોમ્પ્યુટર આધારિત આ દિશાસૂચક યંત્રોની મદદથી પોતાનું લોકેશન અને વ્યક્તિગત અગ્રતા નક્કી કરી શકે છે. આ ઉપકરણ કરનાર વ્યક્તિને તેની આસપાસના વાતાવરણથી તેને માહિતગાર રાખે છે. ગ્લોબલ પોઝીશન સિસ્ટમ (જીપીએસ)નો ઉપયોગ કરવાથી દિશાસૂચક ટેક્નોલોજીમાં એક મોટો બદલાવ આવી શકે તેમ છે. ઉપરાંત તેમાં ડેટાનો ઉમેરો કરવાથી જે તે વિકલાંગ વ્યક્તિને મોબાઈલ ફંકશન દ્વારા ઈન્ટરનેટની સાથે સાથે સંલગ્ન રહીને લોકેશન ડેટા યુઝીંગ મોબાઈલ ટાવર (A-જીપીસી અથવા મદદનીશ જીપીએસ) સાથે સંપર્કમાં રહીને પોતાની વિકલાંગતા દૂર કરવામાં સફળ થાય છે.

વાયરલેસ સિસ્ટમ જેમકે વાઈ-ફાઈ (વાયરલેસ) ફિડેલીટી, એનએફસી (નીયર ફિલ્ડ કોમ્યુનિકેશન) ઈન્ટ્રગ્રેટ ટેક્નોલોજી અને બ્લ્યુટુથ ટેક્નોલોજી અન્ય આવી જ ટેક્નોલોજીની સાથે રહીને

ઉપયોગ કરનાર વિકલાંગ વ્યક્તિના જીવનમાં ખૂબ મોટું પરિવર્તન આવી શકે તેમ છે. દૃષ્ટિ ખામી ધરાવતી વ્યક્તિઓ સંયુક્ત ઉપકરણ કે પછી મોબાઇલ ટેલિફોન ટેક્નોલોજી સાથેના ઉપકરણનો ઉપયોગ કરીને પોતાનું જીવન સરળ બનાવી શકે છે.

વાંચનપ્રવૃત્તિ રોજબરોજના જીવનમાં એક આવશ્યક કામ છે અને ઘણી બાબતોમાં તે નિર્ણાયક છે. બિલની ગોઠવણી કરવી, પાઠ્યપુસ્તક વાંચવું કે વર્તમાનપત્રો વાંચવા વગેરેનું વાંચન દૃષ્ટિ ખામી ધરાવતા લોકો માટે અગત્યનું છે. દૃષ્ટિ ખામીને કારણે તેઓ સહેલાઈથી મુદ્રિત પાના વાંચી શકતા નથી. મદદનીશ ટેક્નોલોજી તેમની આ જરૂરિયાત માટે ઉપાય કરવામાં આવ્યો છે અને વાંચન તથા વિકલાંગ વ્યક્તિ વચ્ચેની ખાઈને પુરવાનો પ્રયાસ કરાયો છે. ઓપ્ટીકલ કેરેક્ટર રીડર (ઓસીઆર) એ આ ટેક્નોલોજીનું મુખ્ય અંગ છે. દૃષ્ટિ ખામી ધરાવતા લોકો માટે ડિજિટલ બોલના પુસ્તકો, ડેઈસી સ્ટાન્ડર્ડ વગેરે એક સીમાચિહ્નરૂપ છે. પાઠ્યપુસ્તકો અને અખબારો સીધેસીધા ડિજિટલ ટેક્નોલોજી વડે વાંચી શકાય તેવી ટેક્નોલોજીની રજૂઆત થઈ છે અને આ અંગે નવી નવી ટેક્નોલોજી નજીકના ભવિષ્યમાં આવે તેવા પ્રયાસો હાથવેંતમાં છે.

વીડિયો મેગ્નીફાયર્સથી સુસરજ્જ વિકલાંગ વ્યક્તિ રોજિંદી પ્રવૃત્તિ, શાળામાં હાજરી અને પોતાનું અંગત જીવન માણી શકે છે. વીડિયો મેગ્નીફાયર્સમાં રહેલાં કાચને આઘાપાછા ગોઠવીને ઉપયોગકર્તા જે તે વસ્તુને ખૂબ મોટા આકારમાં નિહાળી શકે છે. મોટાભાગના કેટરેક્ટ કેસમાં કેટરેક્ટ ઓપરેશન દ્વારા જે તે વ્યક્તિને સાજી કરી શકાય તેમ છે. જો કેટરેક્ટ સર્જરી-ઓપરેશન એ વિકલ્પ ના હોય તો પુસ્તક સામગ્રી અને વસ્તુઓને જોવા માટે ડિસ્પ્લે ટેક્નિકનો ઉપયોગ કરી શકાય તેમ છે. ઓસીઆર સાથેના એક સોફ્ટવેરની મદદથી પડદા પર વાંચન શક્ય છે. તેનો ઉપયોગ થઈ શકે છે. ડાયાબિટીસ-મધુપ્રમેહથી પીડાતા લોકોની આંગળીઓમાં સંવેદનશીલતા સામાન્ય કરતાં ઓછી હોય છે ત્યારે ડાયાબિટીક રેટીનોપેથી તેમના માટે ઉપયોગી નિવડી શકે છે. કેમ કે તેઓ અંધજનો માટેની બ્રેઈલ લિપિનો ઉપયોગ કરી શકતા નથી કે ઉપયોગ કરી શકે તેમ ના હોવાથી તેમને આ ટેક્નોલોજી ઉપયોગી નિવડી શકે તેમ છે.

આઈસીટી ઉપકરણો સંકલિત પ્રકારના હોય છે અને તેને જોડીને નવું ઉપકરણ બનાવી શકાય છે અને તે થકી નવું કામ લઈ શકાય તેમ હોય છે. કૃત્રિમ બુદ્ધિશાળી (એઆઈ)નો ઉપયોગ સ્વશિક્ષણના કામ માટે થઈ શકે છે અને માંગ મુજબ કે આપમેળે પોતાનું કામ કરી બતાવે છે. તેનો એક દાખલો એ છે કે માઈક્રોસોફ્ટ કંપનીનો 'સીટીઝ અનલોકડ' નામનો પ્રોજેક્ટ છે જેમાં એડવાન્સ જીપીએસ (ગ્લોબલ પોઝીશન સિસ્ટમ) અને સ્માર્ટફોન ટેક્નોલોજીનો ઉપયોગ થાય છે. આ ઉપકરણ દૃષ્ટિ ખામી ધરાવતાં લોકોને તેમને શહેરો શોધવામાં મદદ કરે છે. ઈયર હેડફોન અથવા ગોગલ્સમાં વિવિધ સાધનો જેવા કે એક્સસેરોમીટર, જીરોમીટર, હોકાયંત્ર અને સ્પીકર્સ હોય છે. હેડફોનમાં આ વિવિધ ભાગોમાં ગોઠવેલા હોય છે જે ધારણ કરનાર વ્યક્તિને વિવિધ દિશામાંથી અવાજ આવતાં હોવાની છાપ ઉપસાવે છે. એવી અનુભૂતિ કરાવે છે. 'ઓરીએન્ટેટ' નામનું એક સાદું બટન દબાવવાથી બ્લ્યુટુથની મદદથી ઉપયોગકર્તા તે પોતાનું એટલે કે પોતે ચોક્કસ કયા સ્થળે છે તે જાણી શકે છે તેની આસપાસની વિગતો પણ જાણી શકે છે. તેની આંખના ભાગે એક કેમેરો હોય છે કે જે વ્યક્તિઓ અને વસ્તુઓને ઝડપી પાડીને ઉપયોગકર્તાને તેની જાણ કરે છે અને શું થઈ રહ્યું છે તેની જાણ કરે છે.

એડવાન્સ બ્રેઈલ લિપિનો વિકાસ થઈ રહ્યો છે જેમાં વાંચવાની ઝડપ તો વધે જ છે અને મોંઘા ભાવનું બ્રેઈલર પ્રિન્ટર ખરીદવાની પણ જરૂર નહીં પડે. નવી ટેક્નોલોજીમાં બુદ્ધિશાળી સામગ્રીની મદદથી કોઈપણ પુસ્તક, વાંચનસામગ્રી વગેરે કે જે બ્રેઈલ લિપિમાં છે તેની સપાટીમાં ફેરફાર થશે અને એક એવી છાપ ઉપસી આવશે કે જેનો સ્પર્શ કરવાથી ઉપયોગકર્તા ઝડપથી વાંચી શકશે.

વિકલાંગ વ્યક્તિઓ માટે અંગત જાહેરાત અને પદ્ધતિ તથા વાંચનસામગ્રી ભાષણમાં પરિવર્તિત થઈ જાય તેવી ટેક્નોલોજી તેમના જીવનને વધુ સરળ બનાવી શકે તેમ છે.

**ઉપસંહાર :**

આઈસીટીનું મૂલ્યાંકન થાય છે અને નવી ટેક્નોલોજી સાથે તેનો વિકાસ થઈ રહ્યો છે કે જે સામાન્ય વિકલાંગ વ્યક્તિ અને ખાસ કરીને દૃષ્ટિ ખામી ધરાવતા લોકો ઉપયોગી નિવડશે. કોઈ એક વ્યક્તિની દૃષ્ટિને અસર થઈ કે અસર થાય છે તે એક વિશિષ્ટ પરિસ્થિતિ અને સંજોગો હોય છે તેથી તેનો ઉપાય પણ એટલો જ વિશિષ્ટ હોઈ શકે. કોઈ એક ઉપાય કે ઉપચાર દરેકને લાગુ પડે તે શક્ય નથી, કેમકે દરેકના પ્રશ્ન અલગ અલગ રીતે અને વિશિષ્ટ પ્રકારના હોય છે. આઈસીટી દરેક ઉપયોગકર્તાની જરૂરિયાત પ્રમાણે ઉપકરણો બનાવવામાં મદદ કરે છે અને ઉપયોગકર્તાના જીવનને વધુ સરળ બનાવવામાં ભાગ ભજવે છે. આધુનિક યંત્રો આપમેળે કૃત્રિમ બુદ્ધિનો ઉપયોગ કરીને શીખે છે અને એ રીતે આ સંદર્ભમાં તેમને તાલીમ આપીને વધુ મૂલ્યાંકન થઈ શકે અને ઉપયોગકર્તા વિકલાંગ વ્યક્તિના જીવનને બહેતર બનાવવામાં વધુ યોગદાન આપવા સમર્થ છે.

**અમિત સિંગ દિલ્હી યુનિવર્સિટી ખાતે માહિતી અને સંચાર ટેક્નોલોજી પેટન્ટ અંગે સંશોધન કરે છે. તેઓ ઈન્ટેલેક્ચુઅલ પ્રોપર્ટી કાયદાના નિષ્ણાત છે.**

# વિકલાંગતા - સામાજિક સમસ્યાની વ્યાપક પરિપ્રેક્ષ્યમાં વિચારણા

**અરૂણીમા ડે**



*વિકલાંગતા ધરાવતી વ્યક્તિને સશક્ત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ અને આપણા સમાજના આ મહત્ત્વપૂર્ણ તબક્કા સાથે અસરકારકતા સાથે કામ કરવા મેનેજમેન્ટ વ્યૂહરચનાઓ અસરકારક બની શકે છે. પણ વિકલાંગ વ્યક્તિ અને સારસંભાળ કરનાર સેવા પ્રદાતાની પૃષ્ઠભૂમિનું મોડલ આવશ્યક અંગ છે અને વિકલાંગ વ્યક્તિની સારવાર કરવા શ્રેષ્ઠ પદ્ધતિ તરીકે જોવાય છે. તેનાથી વિકલાંગ વ્યક્તિમાં હકારાત્મકતા આવશે અને જીવન પ્રત્યેનો દૃષ્ટિકોણ બદલાઈ જશે. ઉપરાંત વિકલાંગતની સમસ્યાનું સમાધાન કરવા માટે કોઈ પદ્ધતિ સચોટ નથી, પણ સ્થિતિસંજોગોની સમજણ અને વ્યક્તિગત જરૂરિયાત અને સ્થિતિસંજોગો પર આધારિત સંકલિત અભિગમનો ઉપયોગ કરવો હિતાવહ છે.*

સ્વાસ્થ્ય આપણા સમાજના વિકાસનો મહત્ત્વપૂર્ણ માપદંડ છે. આપણા સમાજમાં વિકલાંગતા અગત્યની ભૂમિકા ભજવે છે. વિકલાંગતાને ઘણી વખત વ્યક્તિના જીવનની મર્યાદા ગણવામાં આવે છે, જેના પરિણામે વિકલાંગ વ્યક્તિઓને તેમના જીવનમાં ઘણી બધી બાબતોથી વંચિત રહેવું પડે છે અને અનેક મર્યાદાઓનો અનુભવ કરવો પડે છે. સામાન્ય રીતે જોવા મળ્યું છે કે વસતિ અને તેમાં સ્વાસ્થ્ય સંબંધિત વિવિધ રોગના પ્રમાણ પર વધારે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે, જ્યારે સ્વાસ્થ્યના સંબંધમાં જ મહત્ત્વપૂર્ણ વિકલાંગતા પ્રત્યે ઉદાસીનતા સેવવામાં આવે છે.


**ખામી, અપંગતા અને વિકલાંગતા**

ખામી, અપંગતા અને વિકલાંગતા એકબીજા સાથે સંબંધિત છે તેમ છતાં વિશેષ અર્થો ધરાવે છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનની માર્ગદર્શિકા મુજબ, ખામી - શરીરના બંધારણ અને દેખાવની અસાધારણતા સાથે સંબંધિત હોય છે તથા કોઈ કારણસર અંગ કે વ્યવસ્થાની કામગીરી સામાન્ય હોતી નથી. સામાન્ય રીતે ખામી શરીરના અંગમાં સમસ્યા સૂચવે છે, જ્યારે અપંગતા એ ખામીનું પરિણામ છે. કોઈ ખામીને પરિણામે વ્યક્તિગતની પ્રવૃત્તિને થતી અસર અપંગતા સૂચવે છે. એટલે તે વ્યક્તિગત સ્તરે સમસ્યા સૂચવે છે. બીજી તરફ વિકલાંગતાનો સંબંધ ખામીઓ અને અપંગતાના પરિણામે વ્યક્તિને થતા ગેરલાભ છે. એટલે વિકલાંગતા વ્યક્તિનું આસપાસના વાતાવરણ સાથે અનુકૂલન અને ક્રિયા-પ્રતિક્રિયાનું પ્રતિબિંબ છે. (વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન, ૧૯૮૦)

**સમસ્યાની વ્યાપકતા**

નીચેનું ટેબલ રહેણાકના સંબંધમાં ૨૦૦૧ અને ૨૦૧૧ની વસતિમાંથી પ્રાપ્ત થયેલા ડેટાના બે સેટ સૂચવે છે, જેમાં ભારતમાં વિકલાંગ પુરુષ અને મહિલાઓની વસતિ સામેલ છે. તે સ્પષ્ટપણે સૂચવે છે કે છેલ્લા દાયકા (૨૦૦૧થી ૨૦૧૧) દરમિયાન ભારતના ગ્રામીણ અને શહેરી એમ બંને વિસ્તારોમાં અપંગ વ્યક્તિઓની ટકાવારીમાં વધારો થયો છે. તેમ છતાં અન્ય ભાગ દર્શાવે છે કે શહેરી વિસ્તારોની સરખામણીમાં ગ્રામીણ વિસ્તારોમાં વસતિમાં અપંગ લોકોની સંખ્યા વધારે છે. આ ટેબલ સૂચવે છે કે દાયકા દરમિયાન પુરુષ અને મહિલા બંનેમાં અપંગતામાં આંશિક વધારો થયો છે. તેમાં પુરુષોમાં અપંગ લોકોની સંખ્યા વધારે છે, પણ ગત દાયકામાં પુરુષો કરતાં મહિલાઓમાં અપંગતામાં વધારો વધુ થયો છે.

**ભારતમાં કુલ વસતિમાં વિકલાંગ લોકોની ટકાવારીનું ટેબલ, ૨૦૦૧-૨૦૧૧**




| | Persons 2001 | Males 2001 | Female 2001 | Persons 2011 | Males 2011 | Female 2011 |
|---|---|---|---|---|---|---|
| Total | 2.13 | 2.37 | 1.87 | 2.21 | 2.41 | 2.01 |
| Rural | 2.21 | 2.47 | 1.93 | 2.24 | 2.43 | 2.03 |
| Urban | 1.93 | 2.12 | 1.71 | 2.17 | 2.34 | 1.98 |

(સ્રોત : સી-સીરિઝ, ટેબલ સી-૨૦, ભારતની વસતિ ગણતરી ૨૦૦૧ અને ૨૦૧૧)

**સંસ્કૃતિ અને વિકલાંગતા**

વિકલાંગતા સમજાવવાનો અન્ય એક માર્ગ આપણી સમસ્યાઓ તરફ જોવાની દૃષ્ટિ અને તેને રજૂઆત કરવાની ક્ષમતા સાથે છે. અપંગતા કે વિકલાંગતાને પડકારજનક ગણવામાં આવે છે. તેમાં વ્યક્તિ ક્યાં જન્મી છે એ મહત્ત્વપૂર્ણ નથી. જ્યારે તેઓ ભારત જેવા વિકાસશીલ દેશોમાં હોય છે, ત્યારે વિકલાંગ લોકો માટે પડકાર મોટો હોય છે. વિકલાંગ વ્યક્તિ અને તેમની સારસંભાળ રાખનાર લોકો એમ બંને પક્ષ માટે સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિ અને સાંસ્કૃતિક સક્ષમ મોડલની સમજણ મહત્ત્વપૂર્ણ છે. સમાન મૂલ્યો અને પરિપ્રેક્ષ્યની વહેંચણી બંને પક્ષ માટે કામગીરી સરળ બનાવે છે, કારણ કે સારસંભાળની પદ્ધતિ મુખ્યત્વે પૃષ્ઠભૂમિ દ્વારા પ્રભાવિત હોય છે (સ્ટોન, ૨૦૦૫). ઉપરાંત ભાષા વ્યક્તિની સમાજ અને વર્તમાન સામાજિક માળખા પ્રત્યે દૃષ્ટિ કેળવે છે. તે સમુદાયોના વલણને પ્રભાવિત કરે છે અને સમાજમાં વ્યક્તિઓના જીવનને અસર કરે છે. એટલે જ્યારે વિકલાંગતાની સમસ્યાનું સમાધાન કરવાનો વિચાર કરવામાં આવે ત્યારે ભાષા અને પૃષ્ઠભૂમિ પર વિશેષ ભાર મૂકવામાં આવે છે. વિકલાંગતા ધરાવતા લોકો સ્વાભાવિક રીતે અભિવ્યક્તિની મર્યાદા ધરાવે છે અને આવી મર્યાદા કાયમી હોય છે. એટલે વિકલાંગતા ધરાવતા લોકો (પીડબલ્યુડી) માટેનો કાયદો, ૧૯૯૫ માનવીય ગરિમા સુનિશ્ચિત કરે છે તથા તેમાં 'વિકલાંગ લોકો', 'શીખવા અસમર્થ લોકો' અને 'હતાશા સાથે જીવતા લોકો' વગેરેની સ્પષ્ટ વ્યાખ્યા કરવામાં આવી છે.

**વ્યાવસાયિક હસ્તક્ષેપની જરૂર**

અહીં ઉલ્લેખનીય છે કે જ્યારે સંસ્કૃતિના વિશિષ્ટ પરિપ્રેક્ષ્યનું અલગ-અલગ દૃષ્ટિકોણથી અવલોકન કરવામાં આવે છે, ત્યારે વિકલાંગતા વધારે વ્યાપક સ્વરૂપે જોવાય છે. વિકલાંગતાનું સક્ષમ અને અર્થસભર સ્તર સેવા પ્રદાતા માટે ઉપયોગી પુરવાર થઈ શકે છે. ઉપરાંત સમાજ સ્થિતિસંજોગો પ્રમાણે વિવિધ લોકોને જુદાં જુદાં લેબલ લગાવે છે. તેના પરિણામે વિકલાંગતા સાથે સંકળાયેલ મુશ્કેલીને ક્યારેય અવગણી ન શકાય.

સામાન્ય રીતે વ્યક્તિની વિકલાંગતા સંપૂર્ણ પરિવાર પર નકારાત્મક અસર કરે છે. તેના કારણે પરિવારની અંદર પણ સંબંધો બગડે છે અને સંવેદનાત્મક આઘાત, હતાશા, નિરાશા જન્મે છે. ઘણી વખત માતાપિતાઓના પરિવારના અન્ય સભ્યો સાથે સંબંધ પણ બગડે છે. જો આ તમામ બાબતોનું ધ્યાન રાખવામાં ન આવે તો કુટુંબમાં તનાવયુક્ત સ્થિતિ કાયમ રહે છે, જેના પગલે છેવટે પરિવારમાં વિચ્છેદ થાય છે અને ઘરમાં નકારાત્મક વાતાવરણ ઊભું થાય છે. વળી વિકલાંગ વ્યક્તિની સેવાસુશ્રુષા અને સારસંભાળ પાછળ ખર્ચ થવાથી કુટુંબની નાણાકીય સ્થિતિ નબળી પડે છે અને સામાજિક દરજ્જાનું પતન થાય છે. આ સ્થિતિને સંભાળવવામાં માતાપિતાનું શૈક્ષણિક સ્તર અને તેમનો વિકલાંગતા સાથે અગાઉનો અનુભવ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. કુટુંબના બાકીના સભ્યો, મિત્રો, પડોશીઓ અને અન્ય લોકોનો વિકલાંગ વ્યક્તિ સાથેનો વ્યવહાર સામાજિક વ્યવસ્થાનું પ્રતિબિંબ છે. આ પ્રકારના સ્થિતિસંજોગો કે પરિબળોમાંથી જુદી જુદી સ્થિતિ ઊભી થાય છે, જે માટે વ્યાવસાયિક હસ્તક્ષેપની જરૂર પડે છે. એટલે વિકલાંગો સાથે કામ કરવા સામાજિક કાર્યકર્તાઓની ભૂમિકા મહત્ત્વપૂર્ણ બની જાય છે.

**વિકલાંગતા અને સારસંભાળકર્તાઓ: સંભવિતતાઓ અને પડકારો**

વિકલાંગતા ધરાવતા લોકો સાથે કામ કરવું પડકારજનક છે. અહીં વિકલાંગ લોકોની સારસંભાળ રાખનાર વ્યક્તિઓને બે પ્રકારમાં વર્ગીકૃત કરી શકાશે : પ્રાથમિક કે અનૌપચારિક સારસંભાળકર્તાઓ, જે મોટા ભાગે પરિવારના સભ્યો કે મિત્રો હોય છે અને ગૌણ કે ઔપચારિક સારસંભાળકર્તાઓ, જેમાં ફિઝિશિયન, નર્સ કે અન્ય વ્યાવસાયિકો સામેલ છે, જેઓ વિકલાંગ વ્યક્તિને મદદ કરે છે. આ સંદર્ભમાં 'સાંસ્કૃતિક હસ્તક્ષેપ'નું મોડલ મહત્ત્વપૂર્ણ બની જાય છે. આ વિભાવનાનો ઉપયોગ મુખ્યત્વે હેલ્થકેર સંશોધકો કરે છે. તેનો ઉદ્દેશ દર્દીના સમુદાયમાંથી હેલ્થકેર વ્યાવસાયિકો દર્દીને કેવા પ્રકારની સેવાની જરૂર છે એ સમજવામાં ઘણી વખત મદદ કરે છે. વિકલાંગતાની સારવારમાં સંકળાયેલા સારસંભાળકર્તાઓ પણ સાંસ્કૃતિક હસ્તક્ષેપના મોડલનો ઉપયોગ કરે છે, જેમાં બંને પક્ષની પૃષ્ઠભૂમિ અને મૂલ્યો લગભગ સમાન હોય છે. આ સ્થિતિમાં સારસંભાળકર્તા વિકલાંગ વ્યક્તિ કે દર્દીને કેવા પ્રકારના વાતાવરણની, કેવી સારવારની જરૂર છે એ સારી રીતે સમજે છે. આ મોડલ સમાજના સાંસ્કૃતિક પાસાને ધ્યાનમાં રાખીને સારસંભાળકર્તાઓ વચ્ચે સારવારમાં ફરકને વ્યક્ત કરે છે. ઉદાહરણ તરીકે, ધાર્મિક જોડાણ, શિક્ષણ, સામૂહિક મીડિયા, વ્યવસાય, આવક જેવા પરિબળો અસરગ્રસ્ત લોકોની વર્તણૂંકો અને વિકલાંગતાની સમજણ મેળવવા મહત્ત્વપૂર્ણ પરિબળો છે. એટલે વિકલાંગ વ્યક્તિની સારસંભાળ રાખનાર સમુદાયો અને મુખ્ય જરૂરિયાતો પૂરી કરવા માટેની સેવા વચ્ચે 'સાંસ્કૃતિક સેતુ' સ્વરૂપે કામ કરે છે. એટલે આ મોડલ આપણને વ્યક્તિગત સ્તરે વિવિધ પરિબળોનો વિચાર કરવાની સુવિધા આપવાની સાથે વ્યક્તિગતના કુટુંબ, સમુદાય અને સેવા વ્યવસ્થાના માળખાનું અવલોકન કરવાની છૂટ આપે છે.

'સાંસ્કૃતિક હસ્તક્ષેપ'ના મોડલ મુજબ, વ્યૂહાત્મક હસ્તક્ષેપમાં વિશ્વાસ અને તાલમેળ સ્થાપિત કરવાનું સામેલ છે. સોતનિક અને જેઝેવસ્કી સ્પષ્ટપણે આ મોડલની વ્યૂહરચનાઓના ચોક્કસ પાસાં સૂચવે છે, જેમ કે હિમાયત કરવી, વકીલાત કરવી, મધ્યસ્થી કરવી, નેટવર્ક ઊભું કરવું, વાટાઘાટ કરવી, નવીનતા લાવવી, હસ્તક્ષેપ કરવો અને સંવેદનશીલતા દાખવવી. વિકલાંગ લોકોની સેવા કરનારે સારવાર પદ્ધતિમાં આ તમામ પાસાં સામેલ કરવાં જોઈએ. આ માટે સાંસ્કૃતિક હસ્તક્ષેપના મોડલના ત્રણ તબક્કામાં તેનો ઉપયોગ કરવામાં આવે છે : એક, સમસ્યાને ઓળખવી અને તેની સમજણ કેળવવી, બે, હસ્તક્ષેપની વ્યૂહરચનાઓ અને ત્રણ, પરિણામોનું મૂલ્યાંકન (સોતનિક અને જેઝેવસ્કી, ૨૦૦૫). એટલે સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિ સમજીને સારસંભાળ કરનાર સેવા પ્રદાતાએ જોખમ લેવું જોઈએ, અસ્પષ્ટ બાબતોને સમજવી જોઈએ અને સમુદાયમાં વિશ્વાસ હોવો જોઈએ તેમજ તે વિવિધ વ્યવસ્થાઓમાં કામ કરવા અનુકૂળ હોવા જોઈએ (પર્સન્સ કલ્ચરલ સિસ્ટમ અને સર્વિસ ડિલિવરી સિસ્ટમ) તથા સૌથી વિશેષ આ સેવા પ્રદાતાની કમ્યુનિકેશન એટલે આદાનપ્રદાન કરવાની કુશળતા સારી હોવી જોઈએ. વિકલાંગતા પર ધ્યાન કેન્દ્રિત કરતાં વ્યાવસાયિક સારસંભાળકર્તાઓ આ કરી શકે છે -

- પરિવર્તનના વાહક તરીકે કામ કરી શકે છે,
- વિકલાંગતાની સમસ્યા સાથે સંબંધિત કુટુંબો માટે સેવાઓ પ્રદાન કરવી,
- વિકલાંગતા ધરાવતી વ્યક્તિ સાથે કામ કરવા કુટુંબ અને સમુદાયને પ્રોત્સાહન આપવું,
- વ્યક્તિ અને કુટુંબને વિવિધ અનિચ્છિનિય સ્થિતિસંજોગોનો સામનો કરવા મદદ કરવી,
- વિકલાંગ અને સારસંભાળ રાખનાર

વ્યક્તિઓની પૃષ્ઠભૂમિ સમજીને તેમની વચ્ચે પારદર્શક આદાનપ્રદાનને પ્રોત્સાહન આપવું,

- વિકલાંગ વ્યક્તિ અને સારસંભાળ રાખનાર વ્યક્તિ એમ બંનેને સાથ આપવો,
- સહાયક સાધનો સાથે કુટુંબને જોડવા માટે મદદ કરવી, જેમ કે માનસિક સાથસહકાર આપવો અને જો જરૂર પડે તો કોગ્નિટિવ બિહેવિયરલ થેરપી (સીબીટી) અને મનોચિકિત્સકની મદદ લેવી, માહિતી આપવા, શિક્ષણ આપવા, કાર્યશાળા, સેમિનાર વગેરે યોજવા, રમકડાં અને પુસ્તકાલય, પુનઃસ્થાપન ઉપકરણ અને સહાયક ભાડાં, લાંબા અને ટૂંકાગાળાની સારસંભાળ, સામાજિક સહાય અને મદદ, માહિતી, સલાહ, માર્ગદર્શન સેવાઓ, પરિવહન અને સમાન સમસ્યાઓ ધરાવતા કુટુંબો માટે ઔપચારિક પારસ્પરિક સહકાર જૂથો જેવા વિવિધ સ્વરૂપે માતાપિતાઓને સક્ષમ બનાવવા,
- વિકલાંગ વ્યક્તિઓને પ્રેરિત કરવા સક્ષમ વાતાવરણ ઊભું કરવું,
- વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના વિકાસમાં સહભાગી થવું.

ઉપરાંત સારસંભાળ રાખનાર વ્યક્તિની અન્ય કામગીરીઓમાં આ બાબતો સામેલ હોઈ શકે છે - વિકલાંગ વ્યક્તિઓની વ્યક્તિગત જરૂરિયાતો સમજવી, તેમના વિકાસ પર સતત નજર રાખવી અને તે મુજબ તેની સારવાર કાર્યક્રમમાં સુધારો કરવો તથા માતાપિતાની જાણકારી અને સક્ષમતામાં વધારો કરવો. ભારતીય સ્થિતિસંજોગોનો વિચાર કરીએ તો અહીં લોકો પોતાની ભૂમિકા અને જવાબદારીઓ અદા કરવામાં માને છે તથા પ્રોત્સાહનને બદલે નિવારણને વધારે પસંદ કરે છે (ઉસ્કુલ, ૨૦૧૦). વિકલાંગ વ્યક્તિ માટે વ્યાવસાયિક મદદના સ્વરૂપમાં કુટુંબો માટે સહાયના તમામ સ્વરૂપો સામેલ છે. આ પ્રક્રિયામાં વિકલાંગ વ્યક્તિ માટે આ સુવિધા સુલભ થાય છે :

- હેલ્થકેર, શિક્ષણ, સામાજિક લાભ અને મકાન
- વિશેષ સહાય અને પુનર્વસન ઉપકરણ
- જે લોકો કામ કરી શકે તેમ નથી તેમનું સામાજિક પુનર્વસન અને રોજિંદી પ્રવૃત્તિ
- વ્યાવસાયિક પુનર્વસન અને તાલીમ, રોજગારી અને રોજગારી મેળવવા સહાય
- વ્યક્તિગત સહાય અને કાયદાકીય સંરક્ષણ
- સમુદાયમાં અર્થસભર પ્રવૃત્તિઓ અને મનોરંજક પ્રવૃત્તિઓ, સાંસ્કૃતિક, રમતગમત અને મનોરંજક પ્રવૃત્તિઓમાં સહભાગી થવું.

આ કારણે આ સમસ્યાનું સમાધાન કરતાં લોકો નેટવર્ક ઊભું કરવાની ક્ષમતા ધરાવતા હોવા જોઈએ, સમસ્યાનું સમાધાન કરવાની અસરકારક કુશળતા ધરાવતા હોવા જોઈએ અને શીખવાની ધગશ ધરાવતા હોવા જોઈએ તથા સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્યમાં મોટા ભાગે ઉચિત ભૂમિકા ધરાવતા હોવા જોઈએ.

**ઉપસંહાર**

વિકલાંગતા ધરાવતી વ્યક્તિને સશક્ત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ અને આપણા સમાજના આ મહત્ત્વપૂર્ણ તબક્કા સાથે અસરકારકતા સાથે કામ કરવા મેનેજમેન્ટ વ્યૂહરચનાઓ અસરકારક બની શકે છે. પણ વિકલાંગ વ્યક્તિ અને સારસંભાળ કરનાર સેવા પ્રદાતાની પૃષ્ઠભૂમિનું મોડલ આવશ્યક અંગ છે અને વિકલાંગ વ્યક્તિની સારવાર કરવા શ્રેષ્ઠ પદ્ધતિ તરીકે જોવાય છે. તેનાથી વિકલાંગ વ્યક્તિમાં હકારાત્મકતા આવશે અને જીવન પ્રત્યેનો દૃષ્ટિકોણ બદલાઈ જશે. ઉપરાંત વિકલાંગતની સમસ્યાનું સમાધાન કરવા માટે કોઈ પદ્ધતિ સચોટ નથી, પણ સ્થિતિસંજોગોની સમજણ અને વ્યક્તિગત જરૂરિયાત અને સ્થિતિસંજોગો પર આધારિત સંકલિત અભિગમનો ઉપયોગ કરવો હિતાવહ છે.

**સંદર્ભ :**


સોતનિક પી અને જેઝેવસ્કી, એમ એ (૨૦૦૫). સંસ્કૃતિ અને વિકલાંગતા સેવા. જે એચ સ્ટોન, કલ્ચર એન્ડ ડિસેબિલિટી (પાનું ૧૫થી ૩૦). કેલિફોર્નિયાઃ સાગે પબ્લિકેશન્સ ઇન્ક.

સ્ટોન, જે એચ (આવૃત્તિ) (૨૦૦૫). કલ્ચર એન્ડ ડિસેબિલિટી પ્રોવાઇટિંગ કલ્ચરલી કોમ્પિટન્ટ સર્વિસીસ. કેલિફોર્નિયાઃ સાગે પબ્લિકેશન્સ ઇન્ક.

ઉસ્કુલ, એ કે (૨૦૧૦). સ્વાસ્થ્ય અને બિમારીનું સામાજિક-સાંસ્કૃતિ પાસું. ડી ફ્રેન્ચ, એ વી કેપ્ટેઇન અને જે વેઇનમેન (આવૃત્તિ), હેલ્થ સાઇકોલોજી. ઓક્સફર્ડઃ બ્લેકવેલ પબ્લિશિંગ.



**લેખિકા કોલકાતાની વિદ્યાસાગર સામાજિક કાર્ય સ્કૂલ (વિદ્યાસાગર યુનિવર્સિટી) ખાતે આસિસ્ટન્ટ પ્રોફેસર છે. તેઓએ વિવિધ સ્વૈચ્છિક સંગઠનો સાથે કામગીરી કરી છે.**

# વિકલાંગ સહિત તમામ લોકો માટે સુલભતાની સુનિશ્ચિતતા - સંતુલિત સમાજ માટે ઉપયોગી

શિવાની ગુપ્તા

*'એક્સેસિબલ ઇન્ડિયા કેમ્પેઇન' (એઆઈસી) સાર્વત્રિક ઉપલબ્ધતા હાંસલ કરવા માટે રાષ્ટ્રવ્યાપી મુખ્ય અભિયાન છે, જે વિકલાંગ વ્યક્તિઓને સમાન તકો મેળવવા, સ્વતંત્ર જીવન જીવવા સક્ષમ બનાવવા અને સર્વસમાવેશક સમાજની અંદર જીવનના તમામ પાસાંઓમાં સંપૂર્ણપણે સહભાગી થવા સક્ષમ બનાવશે. આ અભિયાન સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયના વિકલાંગ વ્યક્તિઓના સશક્તિકરણ વિભાગ (ડીઈપીડબલ્યુડી) દ્વારા શરૂ કરવામાં આવ્યું છે. તે નિર્મિત વાતાવરણ, પરિવહન વ્યવસ્થા અને ઇન્ફોર્મેશન તથા કમ્યુનિકેશન ઇકો-સિસ્ટમની ઉપલબ્ધત વધારવા તરફ અગ્રેસર છે.*

વિકલાંગ વ્યક્તિઓની સર્વસમાવેશકતા માટે પ્રાથમિક જરૂરિયાતોની ઉપલબ્ધતા કે સુલભતા પૂર્વશરત છે. તે વિકલાંગ વ્યક્તિઓને સ્વતંત્ર જીવન જીવવા અને તેમના સમુદાયમાં સુરક્ષિત તથા સુવિધાજનક રીતે સહભાગી થવા સક્ષમ બનાવે છે. વિકલાંગતા અને ઉપલબ્ધતા એકબીજાના પ્રમાણમાં સંબંધ ધરાવે છે તેવું કહી શકાય, જેમાં ઉપલબ્ધતા વધવાથી વિકલાંગતાના સ્તરમાં ઘટાડો થાય છે. ઉપલબ્ધતાને વારસાગત અધિકાર ગણી શકાશે, જે દરેક વ્યક્તિને લાભ કરે છે, જેનો સંબંધ વિકલાંગતા જેવી સ્થિતિના કારણે વ્યક્તિઓ કે વસતિવિષયક જૂથ સાથે નથી.

પ્રાથમિક જરૂરિયાતોની ઉપલબ્ધતાના મૂળિયાં વિકલાંગ વ્યક્તિઓના સ્વતંત્ર હલનચલનમાં રહેલાં છે. તેની શરૂઆત વિકલાંગ વ્યક્તિઓને 'અવરોધમુક્ત વાતાવરણ' પ્રદાન કરવાના ઉદ્દેશ સાથે થઈ હતી અને ક્રમશઃ સાર્વત્રિક ડિઝાઇનમાં પરિવર્તિત થઈ ગઈ છે. સાર્વત્રિક ડિઝાઇન વિકલાંગ લોકોની પરિસ્થિતિ આધારિત કામગીરી કરવાનો કાર્યક્રમ કે નવનિર્ધાર છે. તેની ડિઝાઇન એવી રીતે બનાવવી જોઈએ કે તેની પ્રક્રિયામાં વિકલાંગ લોકોનું સર્વસમાવેશન થવું જોઈએ, વહેંચી શકાય તેવા લાભ મળવા જોઈએ અને જાતિ, વસતિવિષયક જૂથ તથા સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિઓને આધારે તેમને ઉચિત સેવા મળવી જોઈએ. સાર્વત્રિક ડિઝાઇનમાં વિકલાંગ વ્યક્તિઓ માટે "વિશેષ" ડિઝાઇનની વિચારસરણીમાંથી દરેક માટે "સામાન્ય" ડિઝાઇનની વિચારસરણી તરફનો મૂળભૂત ફેરફાર સંકળાયેલો છે. તેનો આધાર તમામ વપરાશકર્તાઓ દ્વારા ઉપયોગમાં લઈ શકાય તેવા બિલ્ડિંગ, નીતિઓ, ટેક્નોલોજી અને ઉત્પાદનો બનાવવા પર છે, જે તમામ માટે ઉચ્ચસ્તરીય સ્વતંત્રતા, સલામતી અને વપરાશ કરવાની ક્ષમતા ઓફર કરે છે અને તેમાં કોઈ વિશિષ્ટ ડિઝાઇન સ્વીકારવાની જરૂર નથી. ડિઝાઇનના અભિગમ તરીકે સાર્વત્રિક ડિઝાઇન વિકલાંગ વ્યક્તિઓને સુલભતા પ્રદાન કરવાના ખર્ચને વહેંચીને તેનું વાજબીપણું વધારે છે. તેમાં દરેક વ્યક્તિ માટેનો ખર્ચ વહેંચાઈ જાય છે.

વૈશ્વિક સ્તરે વિકલાંગ વ્યક્તિઓ માટે તકોની સમાનતા પર સંયુક્ત રાષ્ટ્રના પ્રમાણભૂત નિયમો (૧૯૮૩) નિયમ ૫ (સુલભતા)માં પર્યાવરણીય સુલભતા પર સહજ અને પર્યાપ્ત માર્ગદર્શન પ્રદાન કરે છે. તાજેતરમાં વિકલાંગ વ્યક્તિઓના અધિકારો પર સંમેલન યોજાયું હતું, જેમાં સામાન્ય સિદ્ધાંત અને ચોક્કસ કલમ તરીકે સુલભતા પર ધ્યાન અપાયું હતું.

એક સાધારણ સિદ્ધાંત તરીકે જરૂરી છે કે સંમેલનની તમામ કલમોનો અમલ કરવામાં આવે ત્યારે સુલભતાની ઉપલબ્ધતાનો અમલ કરવો જોઈએ. ચોક્કસ કલમ - 'સુલભતા' પર કલમ ૯ તરીકે તેનો અભ્યાસ 'અભિવ્યક્તિ અને અભિપ્રાયની આઝાદી, તથા માહિતીની સુલભતાની કલમ ૨૧, 'સુલભતાની જરૂરિયાતોની સંપૂર્ણ સમજણ મેળવવા વ્યક્તિગત ગતિશીલતા'ની કલમ ૨૦ સાથે કરવો જોઈએ. સંમેલનની 'સામાન્ય જવાબદારીઓ'ની કલમ ૪ સરકારને વિકલાંગો સાથે તમામ નાગરિકોને સુલભતા પ્રદાન કરવા દિશા આપે છે અને સુલભતાની 'પ્રગતિશીલ અનુભૂતિ'ના વિચારો રજૂ કરે છે.

પ્રાદેશિક સ્તરે જોઈએ તો લક્ષ્યાંક ૩માં આગામી દાયકા (૨૦૧૩-૨૦૨૨)માં એશિયા અને પેસિફિક વિસ્તારના દેશોમાં વિકલાંગ વ્યક્તિઓ માટે ભૌતિક વાતાવરણ, સરકારી પરિવહન, માહિતી અને સંચાર પર ધ્યાન કરવામાં આવ્યું છે. ભારતે આ જાહેરનામાનો સ્વીકાર કર્યો છે અને આ લક્ષ્યાંક હાંસલ કરવા એક્સેસિબલ ઈન્ડિયા કેમ્પેઇન (એઆઇસી) શરૂ કરવામાં આવ્યું છે.

**એક્સેસિબલ ઈન્ડિયા અભિયાન**

'એક્સેસિબલ ઈન્ડિયા કેમ્પેઇન' (એઆઇસી) સાર્વત્રિક ઉપલબ્ધતા હાંસલ કરવા માટે રાષ્ટ્રવ્યાપી મુખ્ય અભિયાન છે, જે વિકલાંગ વ્યક્તિઓને સમાન તકો મેળવવા, સ્વતંત્ર જીવન જીવવા સક્ષમ બનાવવા અને સર્વસમાવેશક સમાજની અંદર જીવનના તમામ પાસાંઓમાં સંપૂર્ણપણે સહભાગી થવા સક્ષમ બનાવશે. આ અભિયાન સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયના વિકલાંગ વ્યક્તિઓના સશક્તિકરણ વિભાગ (ડીઈપીડબલ્યુડી) દ્વારા શરૂ કરવામાં આવ્યું છે. તે નિર્મિત વાતાવરણ, પરિવહન વ્યવસ્થા અને ઈન્ફોર્મેશન તથા કમ્યુનિકેશન ઈકો-સિસ્ટમની ઉપલબ્ધત વધારવા તરફ અગ્રેસર છે. એઆઇસી બહુપાંખિયો અભિગમ ધરાવે છે, જેના મુખ્ય ભાગ આ મુજબ છે : (૧) અભિયાનનું નેતૃત્વ લેવું (૨) સામૂહિક જાગૃતિ (૩) કાર્યશાળાઓ મારફતે ક્ષમતાનું નિર્માણ (૪) હસ્તક્ષેપો (કાયદાકીય માળખાગત કાર્ય, ટેકનોલોજી સોલ્યુશન, સંશોધનનું નિર્માણ વગેરે) અને (૫) સહકારી-ખાનગી ભાગીદારીમાં કોર્પોરેટ ક્ષેત્રના પ્રયાસોને વધારવા. આ અભિયાનના અમલીકરણ માટે ડીઈપીડબલ્યુડીએ વિવિધ રાજ્યો સાથે સમજૂતિકરાર (એમયુઓ) કર્યા છે. અભિયાન માટેની વ્યૂહરચના ઇન્ચઓન સ્ટ્રેટેજી (૨૦૧૩-૨૦૨૨)ના લક્ષ્યાંકો અને સૂચકાંકો પર આધારિત છે.

ભારતના ઈતિહાસમાં પહેલી વખત ઉપલબ્ધતા પર આટલા મોટા પાયે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે અને એટલે સંપૂર્ણ દેશમાં આ અભિયાનને હૃદયપૂર્વક આવકાર મળ્યો છે. હું કહીશ કે એઆઈસીને વધુ ઉપલબ્ધ ભવિષ્ય માટે શરૂઆત તરીકે જોઈ શકાશે. આ વ્યૂહરચના અને અભિયાનની સારી બાબત એ છે કે તે દેશમાં ઉપલબ્ધતા પર સારી એવી જાગૃતિ ઊભી કરશે. ઉપરાંત અભિયાન ફક્ત શારીરિક ઉપલબ્ધતા પર જ કેન્દ્રિત નથી, પણ સાર્વત્રિક અભિગમ ધરાવે છે, જેમાં માહિતી અને કમ્યુનિકેશનની ઈકો-સિસ્ટમની ઉપલબ્ધતા પણ સામેલ છે.

તેમાં કોઈ પણ વ્યક્તિ નીચેના પડકારો અને ખામીઓ જોઈ શકે છે :

- ઉપલબ્ધતાના આધાર માટે લઘુતમ જરૂરિયાતો અને ઉપલબ્ધતાની ડિઝાઈનના માપદંડો અત્યારે સ્પષ્ટ નથી, પછી તે પર્યાવરણના નિર્માણમાં ઉપલબ્ધતા માટે હોય, પરિવહન માળખાની ઉપલબ્ધતા માટે હોય કે ઈન્ફોર્મેશન અને કમ્યુનિકેશન ઈકો-સિસ્ટમમાં ઉપલબ્ધતા માટે હોય. ભારત એક દેશ તરીકે સંપૂર્ણ સુલભતાના ધારાધોરણોનું પાલન કરતો નથી, ખાસ કરીને પરિવહન માળખા સાથે સંબંધિત. સાંકેતિક ભાષા માટે ધારાધોરણો વિકસાવવાનો લક્ષ્યાંક છે, પણ પરિવહન માળખાની દૃષ્ટિએ શૂન્યાવકાશ છે. મહત્ત્વપૂર્ણ ફરક સાથે પર્યાવરણનું નિર્માણ કરવા વિવિધ માર્ગદર્શિકા છે અને તેમાંથી કોઈ બિલ્ડર્સ અને સુવિધા વ્યવસ્થાપકો માટે ફરજિયાત નથી.
- અભિયાન ઉપલબ્ધતાના હિસાબ પર અતિ ભાર મૂકે છે. જોકે દેશમાં આ પ્રકારના તાલીમબદ્ધ હિસાબનીશોની ઊણપ છે અને દેશમાં એક્સેસ ઓડિટર બનવા માટે કોઈ તાલીમ ઉપલબ્ધ નથી.
- અભિયાન સંપૂર્ણપણે શહેરી વિસ્તારો પર કેન્દ્રિત છે. ગ્રામીણ વિસ્તારોમાં સુલભતા સુધારવાનો કોઈ લક્ષ્યાંક નથી.
- અભિયાન સરકારી માલિકીના માળખા પર કેન્દ્રિત છે, પછી તે બિલ્ડિંગ, વેબસાઈટ કે સરકારી પરિવહન માળખું હોય. ખાનગી ક્ષેત્ર દ્વારા પ્રદાન કરવામાં આવતી જાહેર સેવાઓ અને સુવિધાઓ અભિયાનના કાર્યક્ષેત્ર હેઠળ સામેલ નથી. જ્યારે સરકાર ખાનગી

કંપનીઓ દ્વારા પ્રદાન કરવામાં આવતી સેવાઓ અને સુવિધાઓમાં જાહેર નાણાં ખર્ચવા બંધાયેલી નથી, ત્યારે તેણે સુલભતા સુનિશ્ચિત કરવા તેના પર નિરીક્ષણ કરવું પડશે.

- વિવિધ શહેરો વચ્ચે અને શહેરની અંદર આંતરિક બળ પરિવહન નાગરિકો દ્વારા ઉપયોગમાં લેવાતું પરિવહનનાં સસ્તાં અને સૌથી અનુકૂળ માધ્યમો પૈકીનું એક છે. માર્ગ પરિવહનને વધુ સુલભ બનાવવા ધ્યાન કેન્દ્રિત કરવામાં આવતું નથી. (કદાચ તે માટે પરિવહનનો મોટો હિસ્સો ખાનગીકૃત છે.)
- સરકારી માળખામાં વધારાની સુવિધા ઉમેરી સુલભતાનું સ્તર હાંસલ કરવાની વ્યૂહરચના બનાવવામાં આવી છે, પણ દરેક સુવિધા નવી હોય તેવી સુનિશ્ચિતતા કરવાની જરૂર નથી, પછી તે બિલ્ડિંગ હોય, પરિવહન માળખું હોય, તાલીમ અને કમ્યુનિકેશન માળખું શરૂઆતથી સુલભ છે.

**એક્સેસિબલ ઇન્ડિયા અભિયાનથી પર**

અત્યારે સુલભતા કે ઉપલબ્ધતાનું અમલીકરણ અને નિરીક્ષણ કરવાની કામગીરી એમએસજેઈના કાર્યક્ષેત્રમાં આવે છે, કારણ કે તેને વિકલાંગતાની સમસ્યા સ્વરૂપે જોવામાં આવે છે. જોકે સુલભતા બે દૃષ્ટિએ અતિ મહત્ત્વપૂર્ણ છે - એક, તેનો લાભ કેટલાં લોકોને મળશે અને તેમાં કેટલાં મંત્રાલયો સંકળાયેલા હશે. સુલભતાના પર્યાપ્ત અમલીકરણ અને નિરીક્ષણને સક્ષમ બનાવવા આ સુધારા જરૂરી છે.

**કાયદાકીય સુધારા**

વિકલાંગતાના અધિકારોના કાયદા ઉપરાંત વિવિધ કાયદાકીય અને નીતિગત માળખાને આવશ્યક જરૂરિયાત તરીકે વિકલાંગ વ્યક્તિઓ માટેની સુલભતામાં સામેલ કરવું જોઈએ. આ કાર્યોમાં સામેલ છે - નિયમનો બનાવવા, શહેરી અને ગ્રામીણ વિકાસ માટે કાયદા બનાવવા, માર્ગ, રેલવે, નાગરિક ઉડ્ડયન અને દરિયાઈ પરિવહન સાથે સંબંધિત નિયમન સહિત સરકારી પરિવહન, કટોકટી અને આપત્તિ નિવારણ વ્યવસ્થાન સાથે સંબંધિત કાયદા, મકાનના કાયદા, ખરીદીના કાયદા, શિક્ષણ, સ્વાસ્થ્ય, પ્રવાસન, પોલીસ, અદાલતો, રમતગમત અને સાંસ્કૃતિક વગેરે જેવી વિવિધ સરકારી સેવાઓ અને સુવિધાઓ સાથે સંબંધિત કાયદાઓ.

કેટલાંક દેશોએ સીઆરપીડી સાથે તેમના પ્રયાસોના પરિણામોની સુસંગતતા વધારવા 'ઉપલબ્ધતાના કાયદા' બનાવ્યાં છે અથવા તેના પર વિચારણા કરી રહ્યાં છે. તેમાં કેનેડા[૩] અને યુરોપિયન યુનિયન[૪] સામેલ છે. ફિલિપાઈન્સ ૧૯૮૩[૫]થી સુલભતા સુધારવા સાથે સંબંધિત કાયદો ધરાવે છે, જેનો ઉદ્દેશ સુવિધાઓ અને અન્ય ઉપકરણો સ્થાપિત કરવા ચોક્કસ બિલ્ડિંગ્સ, સંસ્થાઓ, સંકુલો અને સરકારી સુવિધાઓ મારફતે વિકલાંગ વ્યક્તિઓની ગતિશીલતા વધારવાનો છે.

**અનુકૂળ ઈકો-સિસ્ટમ ઊભી કરવી**

- ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયન સાઈન લેંગ્વેજ અને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ક્લૂઝિવ એન્ડ યુનિવર્સલ ડિઝાઈન એમ બે સંસ્થાઓ સ્થાપિત કરવાની દરખાસ્ત મૂકવામાં આવી છે, જેને વહેલી તક કાર્યરત કરવી જોઈએ.
- સુલભતાના વિવિધ પાસાં માટે લઘુતમ જરૂરિયાતો અને ડિઝાઈનના ધારાધોરણો વિકસાવવા, જેમાં બિલ્ડિંગના ધારાધોરણો, પરિવહન જહાજની ડિઝાઈન અને પરિવહન ટર્મિનસના ડિઝાઈનના ધારાધોરણો, તમામ સરકારી સેવાઓ અને સુવિધા, પ્રસારણના ધારાધોરણો વગેરે માટે સેવાના ધારાધોરણો વગેરે.
- આર્કિટેક્ચર, એન્જિનિયરિંગ, ડિઝાઈનિંગ, ખરીદીનું વ્યવસ્થાન વગેરે જેવા તમામ વ્યાવસાયિક અભ્યાસક્રમોને સાર્વત્રિક ડિઝાઈન અને સુલભતામાં ફરજિયાત વિષય તરીકે સામેલ કરવા જોઈએ, પછી ભલે તે ગૌણ વિષય હોય. ઉપરાંત સાર્વત્રિક ડિઝાઈનમાં ચોક્કસ અભ્યાસક્રમો ઉપલબ્ધ હોવા જોઈએ.
- તમામ મુખ્ય અને અન્ય વિકાસલક્ષી કાર્યક્રમોની માર્ગદર્શિકાઓમાં વિકલાંગ વ્યક્તિઓ માટે સર્વસમાવેશકતા અને સુલભતા સુનિશ્ચિત કરવી, બજેટ અંકિત કરવું અને અમલીકરણ માટે પ્રક્રિયાઓ હાથ ધરવી તથા નિરીક્ષણમાં સુલભતાનું ધ્યાન રાખવું.
- નવી બિલ્ડિંગનો કબજો લેવા આગ લાગે ત્યારે સ્થળાંતરની જરૂરિયાતો જેવી ઉપલબ્ધતા ચકાસવા પ્રમાણપત્ર મેળવવું. અત્યારે આગ લાગે ત્યારે સ્થળાંતરની સુલભતા માટે ઉપલબ્ધતાની કોઈ જરૂરિયાત નથી.

**સરકારી ખરીદી**

કોઈ પણ દેશમાં સરકાર મોટી ગ્રાહક હોય છે. ઓઈસીડીના રિપોર્ટ મુજબ ભારતની સરકારી ખરીદી જીડીપીના ૨૦થી ૩૦ ટકા હોય છે. અમેરિકા અને યુરોપિયન યુનિયન સહિત કેટલાંક દેશોમાં સુલભતા સુધારવા સરકારી ખરીદીનો

અસરકારક ઉપયોગ થાય છે.

અત્યારે ભારતમાં સરકારી ખરીદીનો કાયદો અને કામગીરીમાં સુલભતાને ધ્યાનમાં રાખવામાં આવતી નથી. સરકારી ખરીદીની વ્યવસથા મારફતે વિવિધ ચીજવસ્તુઓની ખરીદી અને તેના પર સરકારી નાણાંના ખર્ચનો વિચાર કરીએ તો સરકાર તમામ ખરીદી વિકલાંગ વ્યક્તિઓ માટે સુલભ થાય તેવી સુનિશ્ચિતતા કરે એ મહત્ત્વપૂર્ણ છે. જો સુલભતાને પૂર્વજરૂરિયાત તરીકે સામેલ કરવામાં આવે તો ખરીદીની નીતિઓ ખરીદીના પરિણામની સાથે ખાનગી ક્ષેત્ર પર અને ઉત્પાદન કંપનીઓ પર હકારાત્મક અસર કરશે.

**ખાનગી ક્ષેત્રની સેવાઓ અને સુવિધાની સુલભતા**

સરકારે સેવાઓ અને સુવિધાનું ખાનગીકરણ વધારતા ખાનગી કંપનીઓ પર સુલભતા માટેના નિયમો લાગુ પડે એ મહત્ત્વપૂર્ણ છે. અત્યારે ભારતમાં સુલભતા સુનિશ્ચિત કરવા ખાનગી ક્ષેત્ર માટે કોઈ ફરજિયાત કાયદાકીય માળખું નથી. જોકે ખાનગી ક્ષેત્ર અને સુવિધા પ્રદાતાઓએ વિકલાંગ વ્યક્તિઓને સુલભતા પ્રદાન કરવા સમાન ભાર મૂકવો જોઈએ. તમામ સરકારી સેવાઓ વિકલાંગ વ્યક્તિઓ સાથે તમામને સુલભ હોવી જોઈએ, જેમાં ઇન્ટરનેટ મારફતે પ્રદાન કરવામાં આવતી સેવા સામેલ છે. સરકાર આ કેવી રીતે સક્ષમ કરી શકે તેવી કેટલીક ભલામણો આ મુજબ છે :

- સરકારી ખરીદીની વ્યવસ્થા ખાનગી ક્ષેત્ર દ્વારા સુલભતાની પૂર્તતા સુનિશ્ચિત કરે તેવી હોવી જોઈએ. ઉદાહરણ તરીકે સરકાર નિર્ણય લે કે જાહેર નાણાંમાંથી દેશમાં ખરીદવામાં આવતી તમામ એલીવેટર્સ સુલભતાના ધારાધોરણોનું પાલન કરવું પડશે. આટલી જંગી ખરીદીનો વિચાર કરો તો તેનાથી ખાનગી ક્ષેત્રના એલીવેટર ઉત્પાદકોને સુલભ વિકલાંગો સહિત તમામ લોકો માટે સુલભ હોય તેવી એલીવેટર્સનું ઉત્પાદન કરવા પ્રોત્સાહન મળશે.
- ખાનગી ક્ષેત્ર દ્વારા પ્રદાન કરવામાં આવતી તમામ જાહેર સેવાઓ અને સુવિધાઓ માટે પ્રથમ સરકાર પાસેથી લાઇસન્સ મેળવવું પડે છે. લાઇસન્સ મેળવવાના તબક્કે સુલભતા ફરજિયાત બનાવવાથી ઉપલબ્ધતાની સુનિશ્ચિત કરવામાં મદદ કરી શકે છે. ઉદાહરણ તરીકે, જો ખાનગી પરિવહનકર્તાઓને બસ સેવા ચલાવવાનું લાઇસન્સ આપવામાં આવે, તો બસમાં વિકલાંગ લોકો માટે ઉપલબ્ધતા પ્રદાન કરવાની જોગવાઈ મૂકવી જોઈએ અને બસના કર્મચારીઓના વિકલાંગોની પૂર્વજરૂરિયાતો પ્રત્યે જાગૃત કરવા જોઈએ. તેનાથી બસનું ઉત્પાદન કરતી કંપનીઓને અસર પણ થશે, જે વિકલાંગો સહિત તમામ લોકો માટે સુલભ બસોની ડિઝાઇન બનાવવા તૈયાર થશે.
- સુલભતા સુનિશ્ચિત કરવા પ્રમાણપત્રનો ઉપયોગ થઈ શકે છે. સરકાર પ્રમાણપત્ર પૂરાં પાડે છે. જેમ કે પ્રવાસન મંત્રાલય હોટેલ સ્ટાર રેટિંગ આપે છે અથવા ખાનગી ક્ષેત્ર ટેરી ગ્રીન રેટિંગ સિસ્ટમ ધરાવે છે. આ પ્રકારનું રેટિંગ અને પ્રમાણપત્રાની વ્યવસ્થાઓમાં સુલભતાને સામેલ કરવાથી હકારાત્મક ફેરફાર આવી શકે છે. જોકે સુલભતાને ઊંચું રેટિંગ આપીને મહત્ત્વ કે પોઇન્ટ આપવાનું વિચારવું જોઈએ. નહીં તો ખાનગી કંપનીઓ તેને સરળતાથી અવગણશે.
- સુલભતાને સામેલ કરવા અને જરૂરિયાત તરીકે સર્વસમાવેશ કરવા ગુણવત્તાની ચકાસણી કરવી અને આ માટે વ્યવસ્થા સ્થાપિત કરવી.

**લેખિકા એક્સેસ એબિલિટી - જે ભારતની શ્રેષ્ઠ મસલતી સેવાઓમાંની એક છે તેની સ્થાપક છે. ભારતમાં જાહેર સ્થળોની સુલભતા વધારવા તરફ તેઓએ તેમનું વ્યાવસાયિક જીવન આપ્યું છે. આંતરરાષ્ટ્રીય અપંગતા એલાયન્સ UN OHCHRO સાથે આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટમાં પણ તેઓનું યોગદાન છે.**


## અગત્યની સૂચના

**યોજનાના લેખકો/વાચકો નોંધ લે.**

**યોજના ગુજરાતી, અંગ્રેજી તથા હિન્દી તેમજ કુરૂક્ષેત્ર અંગ્રેજી, હિન્દીનું લવાજમ હવે ઓનલાઈન ભરી શકાશે. આ માટેની વિગતો નીચેની વેબસાઈટ પરથી મળી રહેશે.**

**www.yojana.gov.in**

# વિકલાંગો માટે પરિવહનના ઉપયોગની ઉપલબ્ધતા

ડૉ. દેવર્ષિ ચૌરસિયા



*સમાજના બધા જ વર્ગો, સ્કૂલ, કોલેજોમાં જાગૃતિ ફેલાવવા રાષ્ટ્રવ્યાપી એક્સેસિબલ ઈન્ડિયા અભિયાન હાથ ધરવું એ સમયની જરૂરિયાત છે. આ અભિયાન મારફત વ્યાવસાયિકો, ડેવલપમેન્ટ ઓથોરિટી, શહેરી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના અધિકારીઓ, રાજકારણીઓ, અમલદારો વગેરેમાં આપણી લાઈફ સ્ટાઈલ સાથે જોડાયેલી અને આપણી દૈનિક જરૂરિયાતોની જેમ જાહેર પરિવહનની સુવિધાઓને પણ સામાન્ય બનાવવા માટે જાગૃતિ લાવવી જરૂરી છે. જાહેર પરિવહન સુવિધાની ઉપલબ્ધતા પર તાલીમનો એક મહત્ત્વનો ભાગ જાગૃતિ વધારવાનો છે. ઉચ્ચ ગુણવત્તા અને ટકાઉ પરિવહન સિસ્ટમના એક મહત્ત્વપૂર્ણ તત્ત્વ તરીકે ઉપલબ્ધતા અંગે જાગૃતિ વધારવી જરૂરી છે. બસ, ટ્રામ્સ, ટ્રાન્ઝીટ, પ્લેન્સ અને જહાજો જેવા જાહેર પરિવહનની સરળ ઉપલબ્ધતાથી નિશ્ચિતપણે આપણને બધા જ લાભ થવાના છે.*

**આ સમસ્યાના ઉકેલ માટે વૈશ્વિક સ્તરે પહેલ :** ‘કોઈપણ વસ્તુના ઉપયોગની ઉપલબ્ધતા એટલે તેના ઉપયોગ માટે પ્રત્યેકને સમાન તક મળવી. તેમાં તે વ્યક્તિ તેના ઉપયોગ માટે સક્ષમ છે કે નહીં તે ધ્યાનમાં નથી લેવાતું. જોકે, આ સંદર્ભમાં વિકલાંગોનો ક્યારેય સંપૂર્ણપણે સમાવેશ કરાતો નથી (સંયુક્ત રાષ્ટ્ર, ૨૦૦૭)’. યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ઓન રાઈટ્સ ઓફ પર્સન્સ વીથ ડિસેબિલિટીઝ (યુએનસીઆરપીડી)માં કલમ ૯ હેઠળ વિકલાંગોને (એ) માહિતી, (બી) પરિવહન, (સી) શારીરિક વાતાવરણ, (ડી) કોમ્યુનિકેશન ટેક્નોલોજી અને (ઈ) વિવિધ સેવાઓ તેમજ ઈમર્જન્સી સેવાઓની ઉપલબ્ધતાની ખાતરી કરવી સરકાર માટે ફરજિયાત છે. આ કરાર પર ભારતે હસ્તાક્ષર કર્યા છે.

વિકલાંગ લોકો માટે, કોઈપણ બાબતની ઉપલબ્ધતાનો લાભ મેળવવા સક્ષમ બનાવવા એ વૈશ્વિક ઉપલબ્ધતા માટે ખૂબ જ મહત્ત્વનું છે. આ રીતે તેઓ સમાવેશક સમાજમાં સ્વતંત્રપણે જીવન જીવવા અને સમાન તકો માટે તથા જીવનના બધા જ પાસામાં પૂર્ણ ભાગીદારી આપી શકશે. ‘વિકલાંગતા (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) કાયદો ૧૯૯૫. કલમ ૪૪, ૪૫ અને ૪૬ સ્પષ્ટપણે પરિવહન, માર્ગ અને કામ કરવાના વાતાવરણમાં ભેદભાવ નહીં રાખવા પર ભાર મૂકે છે.’

**ભારતીય પરિસ્થિતિ :**

ભારતીય શહેરોમાં મોટાભાગની વસતિ દરરોજ કામ, અભ્યાસ ફરવા જેવા વિવિધ પ્રવાસોમાં તેમના ગંતવ્ય સ્થળે પહોંચવા માટે જાહેર પરિવહન પર આધારિત છે. વ્યક્તિગત વાહનોની ઓછી સંખ્યા, લાંબા અંતરના પ્રવાસ, મોંઘું ઈંધણ અને એકંદરે રસ્તા પર જોખમના ઊંચા પ્રમાણને પગલે બસો અને રેલવે નેટવર્ક ભારતમાં પરિવહન તથા સ્થાનિક અર્થતંત્રના વહનમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. શહેરોમાં જાહેર પરિવહનની માગ પૂરી કરવા માટે સમગ્ર દેશમાં જાહેર પરિવહનની માળખાગત સુવિધાઓના પ્રોજેક્ટ્સ પર લાખો રૂપિયાનો ખર્ચ થાય છે. તેમ છતાં મોટાભાગની માળખાગત સુવિધાઓ અને સેવાઓનો વિકલાંગો લાભ લઈ શકતા નથી.

આથી, વૃદ્ધો, બાળકો, ગર્ભવતી મહિલાઓ અને કામચલાઉ વિકલાંગો જેવા લોકો માટે પ્રતિકૂળ વાતાવરણ સર્જાય છે. લોકો રસ્તા પર, ટ્રાન્ઝીટ સ્ટોપ પર ચાલી શકતા નથી, સિગ્નલ્સ પાર નથી કરી શકતા અને અયોગ્ય રીતે

ડિઝાઈન કરાયેલા વાહનોમાં પોતાને એડજસ્ટ કરી શકતા નથી.

ભારતીય શહેરોમાં દરરોજ જાહેર પરિવહનમાં પ્રવાસ કરનારાઓની સંખ્યા વિપુલ છે, પરંતુ મોટાભાગની માળખાગત સુવિધાઓ અને સેવાઓ સામાન્ય વપરાશકારો માટે ડિઝાઈન કરવામાં આવે છે. વિકલાંગોના નાના વર્ગ અંગે શું ? આપણે વૃદ્ધો, બાળકો, ગર્ભવતી મહિલાઓ અને કામચલાઉ વિકલાંગોની સંખ્યાને ધ્યાનમાં લઈએ તો વિકલાંગોનો આંકડો અનેક ઘણો વધી શકે છે. જાગૃતિ ફેલાવીને તથા સામાજિક પ્રવચનો મારફત માળખાગત સુવિધાઓ અને પરિવહન સેવાઓની ડિઝાઈનમાં પ્રત્યેક વપરાશકારને ધ્યાનમાં લેવા જોઈએ. અત્યાધુનિક ટેક્નોલોજીની એપ્લિકેશન, જાગૃતિ અને સામાજિક હિસ્સેદારીની વિચારસરણી સાથે ખૂબ જ ઝડપથી બદલાતા વિશ્વમાં આપણી પરિવહન સેવા બધા જ વપરાશકારોની માગ અને જરૂરિયાતો પૂરી કરી શકે તેવી કુનેહ દર્શાવવાની જરૂર છે.

**જાહેર પરિવહનના પડકારો :**

ભારતીય શહેરોમાં જાહેર પરિવહનનો ઉપયોગ બધા જ વપરાશકારો માટે એક પડકાર છે. જાહેર સ્થળો, વાહનો સહિતની પરિવહન સુવિધાઓ વિકલાંગોના ઉપયોગ માટે યોગ્ય નથી. રાષ્ટ્રીય સ્તરે જેએનએનયુઆરએમ (જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન) અસરકારક જાહેર પરિવહન તંત્ર પૂરું પાડવા બીઆરટીએસ (બસ રેપીડ ટ્રાન્ઝિટ સિસ્ટમ) દરખાસ્ત તૈયાર કરવામાં શહેરો માટે મહત્ત્વની ભૂમિકા ભજવે છે. બીઆરટીએસની દરખાસ્તોમાં વિકલાંગોની સમસ્યાઓ પર ધ્યાન આપવામાં આવે છે, પરંતુ જાગૃતિ અને આ મુદ્દાની સંવેદનશીલતાના અભાવે આપણે વિકલાંગો માટેના યોગ્ય માપદંડોનો અમલ કરી શકતા નથી અને તેમને યોગ્ય સુવિધા પૂરી પાડી શકતા નથી. વધુમાં વર્તમાન માળખાગત સુવિધાઓની જાળવણીમાં બેદરકારી પણ એક મહત્ત્વનો મુદ્દો છે.

વિકલાંગો માટે કેટલીક જાહેર સુવિધાઓ અસ્તિત્વ ધરાવે છે ત્યારે તેનો કોઈ ઉપયોગ થઈ શકતો નથી, કારણ કે તે અન્ય સુવિધાઓ સાથે એકીકૃત કરાઈ નથી અથવા તે અલગ જગ્યા પર છે, ક્યાંક તેની આજુબાજુ અતિક્રમણ થયા હોવાથી તેનો ઉપયોગ થઈ શકે તેમ નથી. વધુમાં રસ્તાની બાહ્ય વાતાવરણના માર્ગો અને પગદંડીઓ પહોળી હોવી જોઈએ. જાહેર સાઈનબોર્ડ્સની સિસ્ટમ અંગે લોકોમાં નબળી માહિતીના કારણે કોઈ જાણતું નથી કે તેમની પાસે ખૂબ જ આવશ્યક સુવિધાઓની માહિતી છે, જે 'સંભવિત વપરાશકાર'ને અને અન્ય નાગરિકોને પણ પૂરી પાડવી જોઈએ. ભારત જેવા દેશમાં અસુવિધાજનક જાહેર માળખાગત સુવિધાઓ પર વસતિનું જંગી દબાણ હોય છે અને વિકલાંગોને લગભગ જાહેર સુવિધાઓના ઉપયોગ કરતાં અટકાવાય છે તેમજ અન્ય નાગરિકો તેમને જાહેર પરિવહનનો ઉપયોગ કરવા અંગે હતોત્સાહિત કરે છે. હાલમાં આપણી સુવિધાઓમાં ઘણો સુધારો થયો હોવા છતાં વિકલાંગોને તેમના ભૂતકાળના ખરાબ અનુભવના કારણે તેઓ તેનો મુક્તપણે ઉપયોગ કરી શકશે કે કેમ તેનો વિશ્વાસ નથી. વિકલાંગો વિશિષ્ટ વ્યક્તિ છે અને તેઓ માળખાગત સુવિધાઓના ઉપયોગની મર્યાદિત ઉપલબ્ધતા ધરાવે છે. તેથી સામાન્ય લોકોની સરખામણીમાં સમાજમાં તેમના પ્રત્યે વધુ ધ્યાન આપવાની જરૂર છે. (કેનેડી એન્ડ હેસ્લા, ૨૦૦૮)

ભારત સરકારે વિકલાંગો સહિત બધા જ નાગરિકો માટે અવરોધમુક્ત વાતાવરણ અને સમાન માળખાગત સુવિધાઓના ઉપયોગની ઉપલબ્ધતા હાંસલ કરવા 'સુગમ્ય ભારત અભિયાન' નામનું રાષ્ટ્રવ્યાપી જાગૃતિ અભિયાન શરૂ કર્યું છે.


**ડિઝાઈન, માર્ગદર્શિકા અને માપદંડો :**

જાહેર સેવાઓના ઉપયોગ માટે ડિઝાઈન, માર્ગદર્શિકા અને માપદંડો અનેક દેશોમાં છે. જો કે, રાષ્ટ્રીય માપદંડોની ગેરહાજરીમાં અન્ય દેશોમાંથી માપદંડોનો ઉપયોગ હિતાવહ છે. વિકલાંગો અને વૃદ્ધો માટે અવરોધમુક્ત વાતાવરણ ઊભું કરવા માટે સીપીડબ્લ્યુડી દ્વારા પૂરી પાડવામાં આવેલી માર્ગદર્શિકામાં સુધારાની અને તેને વધુ ઝીણવટપૂર્વક તૈયાર કરવાની જરૂર છે. આમ થાય તો જમીની સ્તર પર વધુ સાનુકૂળ રીતે જાહેર પરિવહન સેવાનો ઉપયોગ અને તે માટેની ડિઝાઈનનો અમલ થઈ શકશે. આ માટે દરેક સ્તરેથી પ્રયત્નો થવા જરૂરી છે. સરકારી, અર્ધસરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓ સહિત અનેક સંસ્થાઓ આ સંબંધમાં કામ કરે છે. વિવિધ સંસ્થાઓ વર્કશોપ્સ, સેમિનાર્સના આયોજન મારફત સામાન્ય લોકો, શહેરી વિકાસ માટે જવાબદાર સરકારી વિભાગના અધિકારીઓમાં જાગૃતિ ફેલાવે છે. શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓ પ્રારંભિક તબક્કામાં વિદ્યાર્થીઓમાં આ મુદ્દાની સંવેદનશીલતા અંગે જાગૃતિ ફેલાવીને મહત્ત્વપૂર્ણ યોગદાન આપી શકે છે. આ સંસ્થાઓ પ્રત્યક્ષ કામગીરી અને વર્તમાન સ્થિતિનું દસ્તાવેજીકરણ કરી શકે છે. વધુમાં તેઓ શૈક્ષણિક અથવા રિસર્ચ

પ્રોજેક્ટ માટે મૂલ્યવાન માહિતી એકત્ર કરી શકે છે તથા આ માહિતીમાંથી સમસ્યાના કારણોનું મૂલ્યાંકન થઈ શકે છે અને સમાજના લાભમાં ફેરફરો માટે ઉકેલોની ભલામણ કરી શકે છે.

**વર્તમાન/નવા ડેવલપમેન્ટની જરૂરિયાત :**

સમાજના બધા જ વર્ગોને આવરી લેવા માટે આપણને મલ્ટીમોડેલ ટ્રાન્ઝીટ સિસ્ટમની જરૂર છે અને સરકારે જેએનએનયુઆરએમ દ્વારા ચલાવાતા પરિવહન પ્રોજેક્ટ્સને ભંડોળ પૂરું પાડીને પહેલ કરી છે. આપણે બસ સ્ટોપ્સ, મેટ્રો સ્ટેશન્સ, સ્વતંત્ર તંત્ર તરીકે બીઆરટીએસનું બાંધકામ શરૂ કર્યું છે. આ સુવિધાઓ કદાચ ઉપયોગ કરી શકાય તેવી છે અને તે ઉપલબ્ધ ડિઝાઈન અને માપદંડોના બધા જ ફિચર્સ ધરાવે છે, પરંતુ તેની વાસ્તવિક સફળતાનો આધાર પ્રવાસ માટે 'ટ્રીપ ચેઈન'ની સંપૂર્ણ ઉપલબ્ધતા પૂરી પાડવા પર છે. ઉદાહરણરૂપે દૃષ્ટિહીન અથવા વ્હિલચેર યુઝર મુક્તપણે હરી-ફરી શકે તેવું એકીકૃત ઈન્ફ્રાસ્ટ્રક્ચર મળવું જોઈએ, જેમાં ચાલવા માટે પગદંડી, ઊભા રહેવા માટે પારા ટ્રાન્ઝીટ મોડથી લઈને બીઆરટીએસ સ્ટોપ અને મેટ્રો સ્ટેશન સુધી બધી જ માળખાગત સુવિધાઓ અને બધી જ જરૂરી માહિતી ઉપલબ્ધ હોય. આપણે એક હકીકત જાણીએ છીએ કે જાહેર પરિવહનનો ઉપયોગ કરનાર બધા જ વપરાશકાર પ્રવાસની શરૂઆત અને અંતમાં પદયાત્રી હોય છે. તેથી બાળકો અને વયસ્કો માટે રેલિંગ સાથે રેમ્પ્સ દૂર કરવા, પગદંડી બનાવવા જેવી પદયાત્રીઓ માટેની માળખાગત સુવિધાઓ વિકસાવવી મહત્વનું છે. ભૌતિક વાતાવરણની અનઉપલબ્ધતા સમાજમાં વિકલાંગોની પૂર્ણ ભાગીદારી માટેના સૌથી મહત્ત્વપૂર્ણ અવરોધોમાંની એક છે (હેનરી, ૨૦૦૯). વધુમાં પદયાત્રીઓ સલામત, સાનુકૂળ અને સુવિધાજનક રીતે જાહેર પરિવહન સુવિધાનો ઉપયોગ કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવી એ તેનો ઉપયોગ વધારવાનો સૌથી સરળ માર્ગ છે (ગ્રિફિન, ૨૦૦૦).




આકૃતિ ૧ : પ્રવાસની સાઈકલ (સ્રોત : જમીન આધારિત જાહેર પરિવહન વાહનોમાં વિકલાંગો માટે ઉપલબ્ધતાના માપદંડોનું મૂલ્યાંકન, લાફ્રાટ્ટા, ૨૦૦૮).

પબ્લિક ઈન્ફર્મેશન સિસ્ટમ, ટોઈલેટની સુવિધા, ટ્રાફિક સિગ્નલ્સ પરની પગદંડીઓ, રેમ્પ, રેલિંગ, ટેક્નિકલ પેવિંગ વગેરે ઉપલબ્ધ માળખાગત સુવિધાઓની ઉપલબ્ધતા માટે સારી સ્થિતિમાં રાખી શકાય તે માટે જાળવણી માટેની યોગ્ય નીતિ બનાવવી જોઈએ.

**સુગમ્ય ભારત અભિયાન (જાગૃતિ અને તાલીમ) : ભાવિ માર્ગ**

સમાજના બધા જ વર્ગો, સ્કૂલ, કોલેજોમાં જાગૃતિ ફેલાવવા રાષ્ટ્રવ્યાપી એક્સેસિબલ ઈન્ડિયા અભિયાન હાથ ધરવું એ સમયની જરૂરિયાત છે. આ અભિયાન મારફત વ્યાવસાયિકો, ડેવલપમેન્ટ ઓથોરિટી, શહેરી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના અધિકારીઓ, રાજકારણીઓ, અમલદારો વગેરેમાં આપણી લાઈફ સ્ટાઈલ સાથે જોડાયેલી અને આપણી દૈનિક જરૂરિયાતોની જેમ જાહેર પરિવહનની સુવિધાઓને પણ સામાન્ય બનાવવા માટે જાગૃતિ લાવવી જરૂરી છે. જાહેર પરિવહન સુવિધાની ઉપલબ્ધતા પર તાલીમનો એક મહત્ત્વનો ભાગ જાગૃતિ વધારવાનો છે. ઉચ્ચ ગુણવત્તા અને ટકાઉ પરિવહન સિસ્ટમના એક મહત્ત્વપૂર્ણ તત્ત્વ તરીકે ઉપલબ્ધતા અંગે જાગૃતિ વધારવી જરૂરી છે. બસ, ટ્રામ્સ, ટ્રાન્ઝીટ, પ્લેન્સ અને જહાજો જેવા જાહેર પરિવહનની સરળ ઉપલબ્ધતાથી નિશ્ચિતપણે આપણને બધા જ લાભ થવાના છે. (કુલેન, ૨૦૦૬)

તાલીમ મારફત કુશળ ડ્રાઈવર્સ, કન્ડક્ટર્સ, ટ્રાન્ઝીટ ઓપરેટર્સ, ફેસિલિટી સ્ટાફ, સિક્યોરિટી સ્ટાફ બધા જ

વપરાશકારોને સેવા આપે અને ખાસ કરીને વિકલાંગોની વિશેષ કાળજી રાખે તે ખૂબ જ જરૂરી છે. તાલીમના અભાવે તેમને વાહનો, સુવિધાની ઉપલબ્ધતા માટે કરવામાં આવેલા રોકાણ અને પ્રયત્નોનો ખ્યાલ નહીં આવે અને તે સરળતાથી વિકલાંગોને જાહેર પરિવહન સુવિધાઓનો ઉપયોગ કરતાં અટકાવશે.

ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજી (આઈસીટી)નો ઉપયોગ અને વાહનોમાં ગ્રીન ટેક્નોલોજીની કલ્પના બધા જ વપરાશકારો ખાસ કરીને વિકલાંગો માટે જાહેર પરિવહન માળખાગત સુવિધાઓને વધુ ઉપલબ્ધ, સલામત બનાવવા અને ત્વરીત માહિતી પૂરી પાડવા માટેનો જવાબ હોઈ શકે છે.

એલિઝાબેથ બાર્ટન અને લીન માઈકલે વર્ષ ૨૦૦૬માં પ્રકાશિત તેમના પુસ્તક 'ઈન્ક્લુઝિવ અર્બન ડિઝાઈન - સ્ટ્રીટ ઓફ લાઈફ' (સમાવેશક શહેરી ડિઝાઈન - જીવનનો માર્ગ)માં બરાબર જ નોંધ્યું છે કે 'વિકલાંગો તેમને પૂરું પાડવામાં આવતા વાતાવરણ દ્વારા વિકલાંગ છે.' આપણે ખરા અર્થમાં આપણા શહેરોને 'સ્માર્ટ' બનાવવા માગતા હોઈએ તો આપણે વય, લિંગ, શારીરિક સ્થિતિ, આર્થિક દરજ્જાને ધ્યાનમાં લીધા વિના બધા જ લોકો માટે શહેરોને 'ઉપલબ્ધ', 'સલામત' અને 'સમાવેશક' બનાવવા જોઈએ.

**સંદર્ભ ગ્રંથો :**


૧. સંયુક્ત રાષ્ટ્ર, (૨૦૦૭). ઉપલબ્ધતાઃ સંમેલનના માર્ગદર્શક સિદ્ધાંતો.

૨. મલહોત્રા, કે. (૨૦૧૦). ઉપલબ્ધતા અને વૈશ્વિક ડિઝાઈન - જાહેર પરિવહન અને બિલ્ટ એન્વાયરમેન્ટ માટેના અમલીકરણ, સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ, કુઆલા લુમ્પુર.

૩. કેનેડી, એમ. કે. અને બી. હેસ્લા (૨૦૦૮). આપણા પણ માનવ અધિકારો છે. વિકલાંગતા પર હાર્વર્ડ પ્રોજેક્ટ. હાર્વર્ડ.

૪. હેનરી, ટી. (૨૦૦૯). વિકલાંગો અંગેની નીતિ, વડાપ્રધાન કચેરી (સોશિયલ સર્વિસીસ ડિલિવરી).

૫. ગ્રિફિન, કે. ડબ્લ્યુ (૨૦૦૦). બિલ્ડિંગ ટાઈપ બેઝિક ફોર ટ્રાન્ઝિટ ફેસિલિટીઝ.

૬. કુલેન, એમ. (૨૦૦૬). બધા માટે પરિવહન ઉપલબ્ધતામાં સુધારો, માર્ગદર્શનથી સારો અમલ, ફ્રાન્સ : ઓઈસીડી પ્રકાશન.

૭. બાર્ટન, ઈ., લીન, એમ. (૨૦૦૬). સમાવેશક શહેરી ડિઝાઈન - જીવનનો માર્ગ

૮. ચૌરસિઆ, ડી. (૨૦૧૪), બસ રેપીડ ટ્રાન્ઝિટ સિસ્ટમ (બીઆરટીએસ) : શહેરી પરિવહનનો ટકાઉ માર્ગ (ભોપાલ બીઆરટીએસનો કેસ સ્ટડી), આઈજેઈએટી, વોલ્યુમ-૩, ઈશ્યુ-૪.



**ડૉ. દેવર્ષિ ચૌરસિયા ભોપાલ સ્થિત પ્લાનિંગ એન્ડ આર્કિટેક્ચર સ્કૂલના ફેકલ્ટી સભ્ય છે. તેમણે ભોપાલ (મધ્યપ્રદેશ, ભારત)ની મૌલાના આઝાદ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (એમએએનઆઈટી)માંથી આર્કિટેક્ચરમાં ગ્રેજ્યુએશન અને શહેરી વિકાસ આયોજનમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કર્યું છે. તેમણે મધ્ય પ્રદેશની સ્ટેટ ટેક્નોલોજીકલ યુનિવર્સિટી રાજીવ ગાંધી પ્રૌદ્યોગિકી વિશ્વવિદ્યાલય (આરજીપીવી)માંથી આર્કિટેક્ચર અને આયોજનમાં ડૉક્ટરેટની પદવી મેળવી છે. તેઓ હાલમાં શહેરી વિસ્તારોમાં પરિવહન અને બિલ્ટ એન્ડ સેટલમેન્ટની ટકાઉ ક્ષમતા સંબંધિત મુદ્દાઓ પર સંશોધન કરી રહ્યા છે.**


## અગત્યની સૂચના

### યોજનાના લેખકો/વાચકો

**યોજના મેગેઝિનના વાર્ષિક લવાજમ / છૂટક નકલના દરમાં ૧ માર્ચ, ૨૦૧૬થી અમલમાં આવે તે રીતે વધારો કરવામાં આવ્યો છે. લવાજમના દર નીચે મુજબ છે :**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | : | રૂ. ૨૩૦ |
| દ્વિવાર્ષિક લવાજમ | : | રૂ. ૪૩૦ |
| ત્રિવાર્ષિક લવાજમ | : | રૂ. ૬૧૦ |
| છૂટક નકલ | : | રૂ. ૨૨ |
| વિશેષાંક | : | રૂ. ૩૦ |

# વિકલાંગતાની લાચારીને ખુદ્દારીમાં બદલશે નાણાકીય સમાવેશન

પી.સી. દાસ



*વિકલાંગ વ્યક્તિઓની બેંક ધિરાણ, શિક્ષણ તથા રોજગારીથી વંચિત રહેવાની સમસ્યા ખતમ કરવા માટે ૨૪મી જાન્યુઆરી, ૧૯૯૭ના રોજ ભારત સરકારે રૂા. ૪૦૦ કરોડની શેરમૂડી સાથે નેશનલ હેન્ડીકેપ્ડ ફાયનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશનની સ્થાપના કરી હતી, જે કંપની કાયદાની કલમ ૨૫ હેઠળ નફો નહીં કરવાનો આશય ધરાવતી સંસ્થા છે. આ નિગમ તરફથી ૧૮ વર્ષથી ઉપરની ૪૦ ટકાથી વધુ વિકલાંગપણું ધરાવતી વ્યક્તિને હળવા વ્યાજે ધિરાણ અપાય છે. લોન માટે કોઈ મહત્તમ વયમર્યાદા રખાઈ નથી. આ નિગમની કામગીરીને બૃહદપણે બે વિભાગમાં વહેંચી શકાય : (૧) હળવા વ્યાજની લોન આપવી (૨) ધિરાણ નહીં પણ પૈસા પાછા નહીં લેવાની ગણતરીએ ગ્રાંટ આપવી.*

ભારતનું બંધારણ દરેક નાગરિકને આજીવિકા માટે કામકાજનો બંદોબસ્ત રાજ્ય કરે તેવી ચોખવટ કરાવે છે. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો પૈકી આર્ટિકલ ૩૯ કહે છે કે પુરુષ અને સ્ત્રી એમ તમામ નાગરિકને કામ મેળવી નિર્વાહ કરવાનો અધિકાર છે. જ્યારે આર્ટિકલ ૪૧ કહે છે કે પોતાની આર્થિક ક્ષમતા અને વિકાસની પહોંચ પ્રમાણે રાજ્ય દરેક નાગરિકને કામનો અધિકાર ઉપલબ્ધ કરાવી તેનું પાલન કરશે. બીજી બાજુ આર્ટિકલ ૪૨ની ભાવના એવી છે કે દરેક નાગરિકને પૂરતું કામ સહજપણે ઉપલબ્ધ બને તેવું વાતાવરણ રાજ્યએ ઊભું કરવાનું છે. વિકલાંગ નાગરિકની રોજગારીનો પ્રશ્ન આપણે આ જોગવાઈઓને ધ્યાનમાં રાખી અહીં ચર્ચવાનો છે.

વિકલાંગની કાયદેસરની વ્યાખ્યા એવી છે કે તબીબી સત્તામંડળ દ્વારા પ્રમાણિત હોય તેવી ૪૦ ટકા વિકલાંગપણું ધરાવતી વ્યક્તિ વિકલાંગ સમાજને પ્રગતિના સમાન અવસર ઉપલબ્ધ કરાવવા માટે ભારત સરકારે મહત્ત્વના ત્રણ કાયદા ઘડી કાઢી અમલમાં મૂક્યાં છે : (૧) રીહેબિલિટેશન કાઉન્સિલ ઑફ ઈન્ડિયા એક્ટ, ૧૯૯૨ (૨) પર્સન વીથ ડિઝએબિલિટી એક્ટ, ૧૯૯૫ (૩) નેશનલ ટ્રસ્ટ ફોર વેલ્ફેર ઓફ પર્સન્સ વીથ ઓટિઝમ, સેરિબલ પાલ્સી, મેન્ટલ રીટાર્ડેશન એન્ડ મલ્ટીપલ ડિઝએબિલિટી એક્ટ ૧૯૯૫. સંયુક્ત રાષ્ટ્રસંઘની વિકલાંગ વ્યક્તિઓના અધિકારની સંધિ, ૧૯૯૫નું ભારત પાલન કરતું આવ્યું છે, તો પોતાની રાષ્ટ્રીય વિકલાંગ નીતિ ઘડીને વિકલાંગ લોકોની શક્તિનો સમાજ અને દેશની પ્રગતિમાં ઉપયોગ કરવાની પ્રથા ભારતે પાડેલી જ છે. ટૂંકમાં દરેક વિકલાંગ નાગરિકને સન્માનભરી જિંદગી આપી વિકાસમાં તેનો સહયોગ લેવાતો રહ્યો છે.

વર્ષ ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે ભારતમાં વિકલાંગોની વસતિ ૨ કરોડ ૬૮ લાખ જેટલી હતી જે પૈકી પુરૂષો દોઢ કરોડ અને સ્ત્રીઓ ૧ કરોડ ૧૮ લાખની આસપાસ હતી. ભૌગોલિક દૃષ્ટિએ ૧ કરોડ ૮૬ લાખ જેટલા વિકલાંગ ગામડાઓમાં તો ૮૨ લાખ જેટલા શહેરમાં વસવાટ કરતા હોવાનું જણાયું હતું. રોજગારી પ્રાપ્ત કરવાની ઉંમર ધરાવતા વિકલાંગની સંખ્યા ૧ કરોડ ૩૪ લાખ જેટલી હતી. મતલબ કે વિકલાંગ નાગરિકો એવી માનવમૂડી છે જેની રાષ્ટ્રવિકાસમાં જરાય અવગણના કરી શકાય નહીં.

નાણાકીય સમાવેશન એટલે સમાજના વંચિત વર્ગને તેમની પ્રગતિ માટે નાણાકીય સેવા, બેંકિંગ તથા વીમા

જેવી પ્રોડક્ટની ઉપલબ્ધિ, બેંકધિરાણ પણ તેમાં જ ગણાય. વિકાસથી વંચિત રહી ગયેલા વર્ગને આર્થિક તથા સામાજિક સલામતિ બક્ષવા માટેના પ્રત્યેક આયોજનમાં નાણાકીય સમાવેશન અગ્રેસર રહે છે. મોદી સરકારે પણ તેનું મહત્ત્વ પારખી જનધન યોજના, બેંક ખાતા સંલગ્ન જીવન, અકસ્માત તથા આરોગ્ય વીમો તથા મુદ્રા યોજના મોટાપાયે લાગુ કરી છે. સામાજિક કલ્યાણ માટેની યોજના પણ નાણાકીય સમાવેશનના પ્લેટફોર્મ ઉપર સચોટ પરિણામ આપી શકે છે, કારણ કે સહાયનું વિતરણ સીધેસીધું લાભાર્થીને થાય તેવું શક્ય બને છે.

**વિકલાંગ એટલે સમાજમાં સૌથી વધુ વંચિત :**

પ્રગતિનો અવસર આપતી બેંકિંગ વ્યવસ્થાથી સૌથી વધુ વંચિત રહેવાની કમનસીબી વિકલાંગોમાં જોવા મળી છે. ગરીબી એક કારણ ખરું, પણ વિકલાંગોની ગરીબી લાચારીની બળતરા જેવી હોય છે. ગરીબ પરિવારનો વિકલાંગ વધુ ગરીબ બનવાનો કારણ કે તેની પાસે તક આવવાની નથી. વિકલાંગ મહિલાની દશા તો સૌથી વધુ લાચારીભરી જ હોવાની. તેમાં પણ શિક્ષણનો અભાવ તેને કામકાજ મેળવવામાં નડતો રહે છે. પરંતુ વિકલાંગનું નાણાકીય સમાવેશન તેની ગરીબી હટાવી કામકાજ માટે સાનુકૂળતા પેદા કરતું સાબિત થાય છે. વિકલાંગની લાચારીને ખુદ્દારીમાં બદલવાનું કામ નાણાકીય સમાવેશન કરે છે.

વિકલાંગ વ્યક્તિઓની બેંક ધિરાણ, શિક્ષણ તથા રોજગારીથી વંચિત રહેવાની સમસ્યા ખતમ કરવા માટે ૨૪મી જાન્યુઆરી, ૧૯૯૭ના રોજ ભારત સરકારે રૂા. ૪૦૦ કરોડની શેરમૂડી સાથે નેશનલ હેન્ડીકેટડ ફાયનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશનની સ્થાપના કરી હતી, જે કંપની કાયદાની કલમ ૨૫ હેઠળ નફો નહીં કરવાનો આશય ધરાવતી સંસ્થા છે. આ નિગમ તરફથી ૧૮ વર્ષથી ઉપરની ૪૦ ટકાથી વધુ વિકલાંગપણું ધરાવતી વ્યક્તિને હળવા વ્યાજે ધિરાણ અપાય છે. લોન માટે કોઈ મહત્તમ વયમર્યાદા રખાઈ નથી. આ નિગમની કામગીરીને બૃહદપણે બે વિભાગમાં વહેંચી શકાય : (૧) હળવા વ્યાજની લોન આપવી (૨) ધિરાણ નહીં પણ પૈસા પાછા નહીં લેવાની ગણતરીએ ગ્રાંટ આપવી.

**(૧) ધિરાણલક્ષી પ્રવૃત્તિ :**

- **સ્વરોજગારી માટે ધિરાણ :** આ યોજના હેઠળ વિકલાંગ વ્યક્તિને સ્વરોજગારીનું સાહસ કરવા માટે રૂા. ૨૫ લાખની લોન માત્ર ૫ થી ૮ ટકા જેટલા હળવા વ્યાજે આપવી. પોતાનો ધંધો રોજગાર શરૂ કર્યા બાદ આ લોન ૧૦ વર્ષમાં વિકલાંગે ભરપાઈ કરવાની હોય છે.
- **શિક્ષણ લોન :**

તેજસ્વી વિકલાંગ વિદ્યાર્થીને ઉચ્ચ શિક્ષણ માટે ફક્ત ૪ ટકા વ્યાજે શિક્ષણ લોન આપવામાં આવે છે. ભારતમાં અભ્યાસ માટે ૧૦ લાખ તો વિદેશમાં શિક્ષણ લેવા જવું હોય તો રૂા. ૨૦ લાખની લોન મળે છે. સાત વર્ષનો પરત ચૂકવણી ગાળો ધરાવતી લોનનો હપ્તો અભ્યાસ પૂરો કર્યા બાદ એક વર્ષ પછી અથવા નોકરી મળ્યાના ૬ મહિના પછી ચૂકવવાનો હોય છે.

- **સૂક્ષ્મ ધિરાણ :**

નબળા વર્ગના વિકલાંગને નાની રકમનું ધિરાણ તેની વર્તમાન આવકમાં વધારો કરવા માટે અપાય છે. સામાન્ય રીતે કોઈ સારી સ્વૈચ્છિક સમાજ સેવા કરતી સંસ્થાને વચ્ચે રાખી તેને ૧૦ લાખ રૂપિયા સુધીની રકમ આપી તેના દ્વારા જરૂરિયાતમંદ વિકલાંગોને પુનઃધિરાણ કરાવવામાં આવે છે. માત્ર પાંચ ટકા વ્યાજે રૂા. ૫૦ હજારની રકમ ૩ વર્ષ માટે વિકલાંગને અપાય છે. એક સ્વૈચ્છિક સંસ્થાને ૨૦ વિકલાંગને મદદ કરી તેને ગરીબીમાંથઈ બહાર કાઢવાનું કામ સોંપાય છે.

**(૨) બિનધિરાણલક્ષી પ્રવૃત્તિ :**

- વિકલાંગ વ્યક્તિઓની રોજગારપ્રાપ્તિ ક્ષમતાને નિખારવાનું કામ કરતાં કૌશલ્ય સંવર્ધન કેન્દ્રોને ગ્રાન્ટ વડે મદદ કરવામાં આવે છે. તાલીમ દરમ્યાન વિકલાંગને માસિક રૂા. ૨ હજારનું સ્ટાઈપેન્ડ આપવાની પણ વ્યવસ્થા છે.
- **શિષ્યવૃત્તિ યોજના :**

ભારત સરકારની વિકલાંગ માટેની શિષ્યવૃત્તિ યોજના ચલાવવાનું કામ પણ આ નિગમ સંભાળે છે. હાલ ટેક્નિકલ તથા વ્યાવસાયિક અભ્યાસક્રમમાં ભણતા ૨૫૦૦ વિકલાંગને આ નિગમ તરફથી શિષ્યવૃત્તિ મળી રહી છે.

વિકલાંગ સમાજ સુધી ધિરાણપ્રવાહ પહોંચાડવા માટે આ નિગમ દ્વારા ૩૬ જેટલી વિવિધ રાજ્ય સરકારની એજન્સી, જાહેરક્ષેત્રની બેંક તથા ૧૮ જેટલી પ્રાદેશિક ગ્રામીણ બેંક સાથે સહકારલક્ષી જોડાણ કરાયું છે. છેલ્લા ચાર વર્ષથી નિગમની કામગીરી ઉત્કૃષ્ટ હોવાનું પ્રમાણપત્ર મળતું રહ્યું છે. ૨૦૧૫-૧૬ની કામગીરી જોઈએ તો :

- **ધિરાણ :** નિગમે તેની સ્થાપના બાદ અત્યાર સુધીમાં ૧ લાખ ૨૬ હજાર વિકલાંગને રૂા. ૬૯૪.૨૯ કરોડનું ધિરાણ પૂરું પાડ્યું છે.

– **કૌશલ્ય તાલીમ :** ૩૬૬૧૬ જેટલા વિકલાંગને કૌશલ્ય સંવર્ધન તાલીમ આપવા માટે વિશ્વ સંસ્થાને રૂા. ૪૬.૨૧ લાખની ગ્રાન્ટ આપવામાં આવી છે. ૨૦૧૫-૧૬માં ૧૭ થી ૨૦ હજાર વિકલાંગના કૌશલ્ય સંવર્ધન માટે ગ્રાન્ટ આપવાનો લક્ષ્યાંક રખાયો છે.

– **શિષ્યવૃત્તિ :** નિગમ તરફથી ટેક્નિકલ તથા પ્રોફેશનલ અભ્યાસક્રમમાં ભણતા વિકલાંગને રૂા. ૪૭.૯૪ કરોડ જેટલી શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી હતી, જેમાં ૭૧૧૭ નવી અરજી હતી, જ્યારે ૧૦૯૭ વિકલાંગને ફરીથી શિષ્યવૃત્તિ અપાઈ હતી. નિગમની સ્થાપના બાદ કુલ રૂા. ૩.૫૧ કરોડ શિષ્યવૃત્તિ પેટે ચૂકવાયા છે.

મોદી સરકારના આગમન બાદ વિકલાંગ સમૂહનું નાણાકીય સમાવેશન વધારવા માટે નિગમે મહત્ત્વાકાંક્ષી યોજના નીચે મુજબ તૈયાર કરી છે :

**૧. બેક એન્ડ સબસિડી સ્કીમ :**

વિકલાંગ સશક્તિકરણ ખાતા સાથે પરામર્શ બાદ આ નિગમ પોતાના દ્વારા અપાતી લોનમાં બેક એન્ડ સબસિડી ઉમેરવાનું આયોજન કરી રહ્યું છે. ભારત સરકાર આ પ્રસ્તાવ મંજૂર કરે તો વિકલાંગ વ્યક્તિએ પોતાની લોનની હપ્તા ભરતા વધેલી છેલ્લી ૩૫ ટકા રકમ ભરવાની રહેશે નહીં.

**૨. ધિરાણ માટે બેંક સાથે કરાર :**

દેશના કોઈપણ ખૂણે વસતા વિકલાંગને નિગમની લોન તેની નજીકની બેંક શાખામાં ઉપલબ્ધ કરાવવા માટે નિગમ અનેક બેંકો સાથે સહયોગ કરાર માટે વાટાઘાટ ચલાવી રહ્યું છે. હાલ પાંચ બેંક સાથે કરાર થયા છે જેમાં પંજાબ નેશનલ બેંક, આંધ્ર બેંક, આઈ.ડી. બી.આઈ. બેંક, બેંક ઓફ બરોડા અને સ્ટેટ બેંક ઓફ હૈદ્રાબાદનો સમાવેશ થાય છે. ઉપરાંત ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, ઉત્તરાખંડ, ગુજરાત, હરિયાણા, મહારાષ્ટ્ર તથા આસામમાં ૧૮ જેટલી પ્રાદેશિક ગ્રામીણ બેંક સાથે નિગમે કરાર કર્યા છે.

**૩. બેંક સિવાયની ધિરાણ મંડળી સાથે સહયોગ :**

બેંક સિવાય પણ ધિરાણ અને બચત એકત્ર કરવાનું કામ કરતી નોનબેંકિંગ ફાયનાન્સ કંપની તથા ધિરાણ મંડળી પણ વિકલાંગ સુધી લોન પહોંચાડવાનું સશક્ત માધ્યમ હોવાથી નિગમ તેનો ઉપયોગ કરવા ધારે છે. આવી લઘુ ધિરાણ સંસ્થાઓ મારફતે વિકલાંગને હળવા વ્યાજની લોન પહોંચાડવામાં વિઘ્ન બનતા નિયમોમાં છૂટછાટ આપવા માટે રિઝર્વ બેંકને વિનંતી કરવામાં આવી છે.

**૪. વિકલાંગ માટે જોબ પોર્ટલ :**

વિકલાંગ નાગરિકોને નોકરી, સ્વરોજગારી, ધિરાણ અને કૌશલ્યવર્ધન તાલીમ જેવી સેવાઓ એક જ પ્લેટફોર્મ ઉપર ગમે ત્યાંથી ઉપલબ્ધ બનાવવા માટે અનોખું જોબ પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. સામાજિક ન્યાય તથા અધિકારિતા મંત્રીએ તા. ૨૧-૧-૨૦૧૬ના રોજ આ પોર્ટલનું પ્રારંભ કરાવ્યું. ત્યારથી નાણાકીય સમાવેશનમાં વેગ આવ્યાનું સૌ કોઈ અનુભવી રહ્યાં છે.

વિકલાંગ નાગરિકોને નાણાકીય સમાવેશન વડે સક્ષમ બનાવવા માટે મોદી સરકારે હમણા લીધેલા નિર્ણયો લાંબાગાળે સોનેરી ફાયદો કરાવવાના છે. આ નિર્ણયોની ઝલક જોઈએ તો :

૧. બેંક ધિરાણમાં ૧૦ ટકા રકમ અગ્રતા ભોગવતા વર્ગને ફાળવવાના નિયમમાં વિકલાંગનો ઉમેરો કરવો.
૨. માત્ર વાર્ષિક રૂા. ૩૫૦ પ્રિમિયમ ધરાવતી સ્વાવલંબન આરોગ્ય વિમા યોજના શરૂ કરવી.

– વિકલાંગ માટે પ્રિમેટ્રિક અને પોસ્ટમેટ્રિક સ્કોલરશીપ શરૂ કરવી.
– વિકલાંગને ઉચ્ચ શિક્ષણ માટે પૂરતી રકમની શિષ્યવૃત્તિ આપવી.
– 'એક્સેસિબલ ઈન્ડિયા' ઝુંબેશ ભારતમાં સફળ બનાવવું.
– વિકલાંગના કૌશલ્ય સંવર્ધન માટે રાષ્ટ્રીય કાર્યયોજના શરૂ કરવી.

**લેખકશ્રી દાસ રાષ્ટ્રીય અપંગ ધીરાણ અને વિકાસ નિગમમાં અધ્યક્ષ-સહ-મેનેજિંગ ડિરેક્ટર પદે છે.**

**સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરો છો ? તો 'યોજના' જરૂર વાંચો.**

# સુલભતા : વિકસિત ભારત માટે ભવિષ્યનો માર્ગ

ડૉ. ગૌરવ રાહેજા



*સુલભતા શબ્દને ડિકોડ કરવા અને તેનું અર્થઘટન કરવા વિશિષ્ટ અભિગમની જરૂર નથી, પણ આપણા માનસમાં, સંસ્કૃતિઓમાં, સામાજિક અભિગમોમાં અને માનવીય પ્રતિસાદમાં સંવેદનશીલતા જગાવવાની જરૂર છે. સુલભતાનો સંબંધ ફક્ત શારીરિક નથી, પણ સામાજિક અને સંસ્થાકીય છે. સરળ ભાષામાં કહીએ તો તે જીવનનો અનુભવ છે, જેમાં કોઈ પણ વ્યક્તિ સંપૂર્ણ સ્વતંત્રપણે કે મનુષ્ય પર લઘુતમ નિર્ભરતા સાથે તેમજ માનવીય ગરિમાને નુકસાન થયા વિના રોજિંદી કામગીરી કરી શકે છે, સંવાદ સાધી શકે છે.*

દેશનો વિકાસ અનેક રીતે પ્રતિબિંબિત થાય છે. નબળાં વસતિ જૂથોની સારસંભાળ કેવી રીતે લેવાય અને તેમના જીવનની ગુણવત્તા સુધારવા કેવા પગલાં લેવાયાં છે એમાં દેખાય છે. નબળાં વસતિ જૂથોમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સામેલ છે. તમને જાણીને નવાઈ લાગશે કે વિશ્વના ૫૦ ટકા વિકલાંગ લોકો અને વિશ્વના ૫૦ ટકા અંધ લોકો ભારતમાં છે, જેમની સ્થિતિ સુધારી વિકલાંગતાનું પ્રમાણ ઘટાડવા ચેરિટીથી લઈને સામાજિક મોડલનો અભિગમ અપનાવવાની જરૂર છે. ભારત વિકસિત દેશોની હરોળમાં સ્થાન મેળવવા આતુર છે ત્યારે જરૂરિયાતમંદ લોકોને માળખાગત સુવિધા અને ઉપયોગી માહિતીની સુલભતા આવશ્યક ભૂમિકા ભજવશે.

સામાન્ય રીતે ભારતમાં વિકલાંગો માટેની સુલભતાના મુદ્દે ચર્ચાનો પ્રારંભ થઈ ગયો છે. જીવનના તમામ ક્ષેત્રોમાં વિકલાંગ લોકોની સર્વસમાવેશકતા સુનિશ્ચિત કરવાની સફરમાં સહાનુભૂતિની સંસ્કૃતિ અન્ય એક અવરોધક પરિબળ છે. શિક્ષણ, મીડિયા અને માનવીય સંપર્કના અન્ય સંભવિત માર્ગો મારફતે જાગૃતિ લાવવા અને વિકલાંગતાની સમજણના પ્રશ્નો પર પ્રકાશ ફેંકવા સતત નવીનતા લાવવાની જરૂર છે. વિકલાંગતા મનુષ્યમાં રહેલી ખામી કે ખોડ પર પ્રકાશ ફેંકવાને લઈને નથી, પણ મનુષ્ય જીવનમાં વિવિધતાનો સ્વીકાર કરવા સાથે સંબંધિત છે. આપણે ભેદભાવની ભાવના વિના વિકલાંગ લોકો માટે પર્યાપ્ત જોગવાઈ કરવી જોઈએ. ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરના શબ્દોમાં કહીએ તો, 'સમસ્યા તમામ ખામીઓને દૂર કરવાને લઈને નથી, પણ તેમનું સંયુક્તપણે અસ્તિત્વ કેવી રીતે ટકાવવું તેને લઈને છે.'

સુલભતા પ્રસ્તુત અને શક્તિશાળી માધ્યમ છે, જે ઉપરોક્ત જુસ્સાને વાસ્તવિકતામાં પરિવર્તિત કરી શકે છે. તે કોઈ પણ વ્યક્તિની ક્ષમતાને પડકાર્યા વિના માનવીય વિવિધતાને સક્ષમ બનાવવાની ક્ષમતા ધરાવે છે. તેમાં દરેક વ્યક્તિની વિવિધ ક્ષમતાને પ્રાધાન્ય આપવામાં આવે છે. આપણા શહેરી અને ગ્રામીણ વાતાવરણમાં સંશોધન આધારિત અમલીકરણ અને સતત મૂલ્યાંકન હાથ ધરવાની જરૂર છે. સમકાલીન ભારતમાં પરિવહન વ્યવસ્થામાં સુલભતાનું આવું ઉદાહરણ દિલ્હી મેટ્રો છે. તેમાં સુલભતાનું સાતત્યપૂર્ણ સંકલન છે, જેને નિર્મિત માળખાના ભાગરૂપે નહીં, પણ તેનું સંચાલન કરવા માહિતી અને સેવા તરીકે સામેલ કરવાની જરૂર છે. વ્યાપક સંદર્ભમાં તે માનવીય વિવિધતા તરીકે શારીરિક ફરકની ઉજવણી કરવા અને તેના પરિપ્રેક્ષ્યમાં આર્થિક, સાંસ્કૃતિક અને સામાજિક વિવિધતા પણ લાવે છે. જોકે

તે માટે હજુ સુલભતાની સમજણને ફરી સમજાવવાની અને યોગ્ય રીતે તેનું અર્થઘટન કરવાની આવશ્યકતા છે.

**સુલભતા અને તેના મહત્ત્વની સમજણ**

સુલભતા શબ્દને ડિકોડ કરવા અને તેનું અર્થઘટન કરવા વિશિષ્ટ અભિગમની જરૂર નથી, પણ આપણા માનસમાં, સંસ્કૃતિઓમાં, સામાજિક અભિગમોમાં અને માનવીય પ્રતિસાદમાં સંવેદનશીલતા જગાવવાની જરૂર છે. સુલભતાનો સંબંધ ફક્ત શારીરિક નથી, પણ સામાજિક અને સંસ્થાકીય છે. સરળ ભાષામાં કહીએ તો તે જીવનનો અનુભવ છે, જેમાં કોઈ પણ વ્યક્તિ સંપૂર્ણ સ્વતંત્રપણે કે મનુષ્ય પર લઘુતમ નિર્ભરતા સાથે તેમજ માનવીય ગરિમાને નુકસાન થયા વિના રોજિંદી કામગીરી કરી શકે છે, સંવાદ સાધી શકે છે. આ શબ્દનું અર્થઘટન વધુ સાર્વત્રિક રીતે કરવા એક પ્રશ્ન પૂછવો જોઈએ, 'આપણે વર્તમાન વાતાવરણમાં ગરિમા અને ઈક્વિટી સાથે સ્વતંત્રપણે કામ કરવા સક્ષમ છીએ?' જો હા, તો આપણને જીવનની સુલભતાનો ખરો અનુભવ હશે અને જો ના, તો આપણે ચાવીરૂપ પરિબળો અને તેમના આંતરસંબંધોનું વિશ્લેષણ કરવાની જરૂર છે, જે અસુલભતા તરફ દોરી જાય છે. પછી આપણે અનુભવી શકીશું કે સુલભતા એ માનવીય કામગીરી અને શક્યતા વચ્ચેના માધ્યમો અને જટિલ આંતરક્રિયાઓનું પરિણામ છે. જો શક્યતા તમામ માટે માનવીય કામગીરીને સહકાર આપે, તો તેને સંપૂર્ણ સુલભતા ગણી શકાશે અને જો તે રિઝર્વેશન સાથે માનવીય કામગીરીને સમર્થન આપે, તો તે આંશિક સુલભતા હશે. તેની જેમ જો તે મુખ્ય માનવીય કામગીરીનો સહકાર નહીં આપે, તો તે અસુલભ બની શકશે.


તે આપણા સામાજિક, રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક દરજ્જાના મૂલ્યાંકન માટે આવશ્યક છે. સુલભતા આડેના અવરોધ ભૌતિક માળખાના અભાવનું જ પરિણામ નથી, પણ સભ્યતાના મૂલ્ય તરીકેની સમજણના અભાવનું પરિણામ છે. આપણા સમાજમાં સુલભતાનું ખોટું અર્થઘટન કરવામાં આવે છે. વિકલાંગો માટે સુલભતાની સમજણ લાંબા ગાળાના અનુભવનું પરિણામ છે, પણ અગાઉથી કેટલીક ખોટી ધારણાઓ બંધાઈ ગઈ છે, જે હજુ પણ અસ્તિત્વમાં છે. જ્યારે સુલભતા લાભદાયક અનુભવ છે અને સંપૂર્ણ સમાજના ફાયદા માટે વળતરદાયક રોકાણ છે, ત્યારે તેમાં છેલ્લાં દાયકા કરતાં વધારે ઝડપથી કામગીરી કરવાની જરૂર છે. વિકલાંગ લોકો માટેનો કાયદો, ૧૯૯૫ અમલીકરણ માટે મજબૂત પ્લેટફોર્મ પ્રદાન કરે છે. તે વાસ્તવિક રીતે સુલભતાની સ્થિતિને પણ નબળી કરે છે અને જણાવે છે કે, 'ઉચિત સરકારો અને સ્થાનિક સત્તામંડળો તેમની આર્થિક ક્ષમતા અને વિકાસની મર્યાદાની અંદર સુવિધાઓ વગેરે ઊભી કરવા જોગવાઈ કરશે.'

સુલભતાના મહત્ત્વ પર વિકલાંગતાના કાયદામાં વિસ્તરણ જેવા નિયમનો મારફતે વધારે ભાર મૂકવામાં આવે છે. વિકલાંગતાના સંશોધિત કાયદા મુજબ, હવે શિક્ષણ અને રોજગારીમાં વિકલાંગ લોકોને ૩ ટકા અનામતની જોગવાઈ પ્રદાન કરવામાં આવી છે. પણ પ્રશ્ન એ છે કે જ્યારે શૈક્ષણિક માળખું અને પ્રક્રિયાઓ સંપૂર્ણપણે સુલભ નથી, ત્યારે કોઈ વ્યક્તિને કેવી રીતે શિક્ષણ મળે? જ્યારે કાર્યસ્થળો હજુ પણ અસુલભ માળખા અને કામગીરીથી પીડાય છે, ત્યારે કોઈ વ્યક્તિ સર્વસમાવેશકતા માટે કેવી રીતે કામ કરશે?

વિકલાંગતા કાયદો, ૧૯૯૫ પસાર થયાના બે વર્ષ પછી આપણે મૂલ્યાંકન કરવાની જરૂર છે કે શું આપણે સર્વસમાવેશક ભવિષ્ય તરફ નોંધપાત્ર પ્રગતિ કરી શક્યાં છીએ ? સુલભતા સૂચકાંકનો વિકાસ હાલની સ્થિતિનો ચિતાર રજૂ કરશે. અત્યારે સુલભતાને ચકાસવાનો અને આપણી માળખાગત સુવિધાઓ (જાહેર ઈમારતો, માર્ગો, સંસ્થાઓ, પરિવહન ટર્મિનલ અને અસ્તિત્વ ધરાવતા તમામ નિર્મિત વાતાવરણના સ્વરૂપો)નું મૂલ્યાંકન કરવાની જરૂર છે, જેથી મૂલ્યાંકનની સ્પષ્ટ માર્ગદર્શિકા સાથે માપી શકાય તેવા માપદંડ આપણા સુલભતાના વાતાવરણની નિયમિત સમયાંતરે આકારણી કરશે. જોકે તેના વિકાસ અને પરિણામોને સહકાર આપવા પ્રગતિશીલ સંશોધનની જરૂર છે.

આકૃતિ એકમાં દર્શાવેલ વિનિત મોડલ માર્ગદર્શન અને સમજણ મેળવવાનો રસપ્રદ માર્ગ બન્યો છે, જેમાં વસતિના કેટલા ભાગને ઈચ્છિત ડિઝાઈન પ્રોડક્ટ, માળખા કે સિસ્ટમમાં સામેલ કરવામાં આવ્યો છે કે નહીં તેની આકારણી થાય છે. તે પ્રોડક્ટ, માળખું, સ્પેસ કે સિસ્ટમ કેટલી વસતિને સુલભતા આપશે તે નક્કી કરવા રસપ્રદ માહિતી આપે છે. આયોજનના ટોપ ડાઉન અને બોટમ અપ અભિગમોના સમન્વય તરીકે કોને સામેલ કરવામાં આવ્યાં છે અને કોને બાકાત રાખી શકાશે તેનો ચિતાર મેળવી શકાશે. અત્યારે સુલભતાના મૂલ્યાંકન અને પ્રગતિ માટે સ્પષ્ટ સમજણની જરૂર છે. વિનિત મોડલ સુલભતા સાથે સંકળાયેલ ભવિષ્યનો માર્ગ દર્શાવે છે. સાર્વત્રિક સુલભતા આપણા વર્તમાન શહેરી વાતાવરણમાં કુશળતાના મોટા સ્તર ઉમેરે છે અને આપણા વાતાવરણને સામાજિક રીતે ટકાઉક્ષમ બનાવે છે. કોઈ પણ વ્યક્તિને પ્રશ્ન થઈ શકે છે કે, સ્માર્ટ સિટીના વિકાસ મારફતે વસતિના કયા જૂથને સેવા આપવામાં આવશે? છેવટે તેનો લાભ કોને અને કેવી રીતે મળશે? અને વિકલાંગ લોકોને તેમાં કેવી જોગવાઈ સાથે સામેલ કરવામાં આવ્યાં છે? શહેરી વિકાસની

નવી પ્રક્રિયાઓમાં વસતિની સર્વસમાવેશકતા માટે સુલભતાનો માસ્ટર પ્લાન અતિ આવશ્યક લક્ષ્યાંક બની રહ્યો છે.




**આકૃતિ ૧ વિનિત મોડલ (સ્રોતઃ ક્રિએટ્સ એસ એન્ડ ક્લાર્કસન. જે, ૨૦૦૪)**

વર્ષ ૨૦૫૦ માટે વસતિના વિવિધ અંદાજો વ્યક્ત કરવામાં આવ્યાં છે. તેના પરથી કોઈ પણ વ્યક્તિને વયોવૃદ્ધ લોકો, કામચલાઉ વિકલાંગતા, હૃદય, શ્વાસોશ્વાસ અને અન્ય બિમારીઓ સાથે સરેરાશ આયુષ્ય જેવા પાસાંને ધ્યાનમાં રાખીને ભવિષ્યના ટ્રેન્ડનો અહેસાસ થાય છે. અહીં મુખ્ય પ્રશ્ન એ છે કે જ્યારે આપણે આયોજન, ડિઝાઇન, નિર્માણ અને કાર્યકારી માળખું ઊભું કરીશું, ત્યારે તેમને સમાવીશું? જો ના, તો આપણે તેમને બાકાત કરવાની અને અસુલભતાની કિંમતનું વિશ્લેષણ કરવું જોઈએ. સંપૂર્ણ સમજણ તરીકે દેશ અને સમાજને વધતી નિર્ભરતા, આર્થિક અસમાનતા મારફતે બાકાત રાખવાના પોતાના ખર્ચનું વહન કરવું પડશે. સુલભતા આ પ્રકારના ખર્ચમાં ઘટાડો કરી શકશે અને નિર્ભરતા વધારશે.

**ભવિષ્ય**

ભવિષ્યમાં વિકલાંગ લોકોની સુલભતા માટે કેટલાંક પરિબળો પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે, જેમાં નાગરિકોમાં જાગૃતિ લાવવી સૌથી મહત્ત્વપૂર્ણ પરિબળ છે. સરકારના સહકાર સાથે સહભાગી આયોજન, વ્યક્તિગત પહેલો મારફતે સમુદાયોમાં, પડોશીઓમાં, જાહેર ઇમારતો, પરિવહન અને શિક્ષણમાં સુલભતાની વહેંચણી કરવી જરૂરી છે. તે અત્યંત ચિંતાનો વિષય છે કે સુલભતા લઘુતમ માપદંડો પૂરતી મર્યાદિત નથી, પણ શ્રેષ્ઠ કામગીરી કરવા માપદંડો વધારવાની જરૂર છે. ઉપરાંત વિકાસ સત્તામંડળો, મ્યુનિસિપલ સંસ્થાઓની ક્ષમતાનું સંવર્ધન તથા ઓડિટર્સની વ્યવસ્થા માટે લાંબા ગાળાની વ્યૂહરચના બનાવવાની જરૂર છે, જેથી સુલભતા ડિઝાઇન, આયોજન અને મૂલ્યાંકન પ્રક્રિયાના અભિન્ન અંગ તરીકે જળવાઈ રહે તેવું સુનિશ્ચિતતા કરી શકાશે.

ભારતે સુવિકસિત ભવિષ્ય સુનિશ્ચિત કરવા યોગ્ય પ્રતિસાદ આપવો જોઈએ. આ માટે ભવિષ્યમાં કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના વિકલાંગો સહિત તમામ પ્રકારના મનુષ્યો માટે સુલભતા સુનિશ્ચિત કરવા ભાગીદારી માટે તકોનું સર્જન કરવું જોઈએ. સાર્વત્રિક ડિઝાઇન ફિલોસોફી મારફતે સુલભતા માટેનું વાતાવરણ ઊભું કરવું આવશ્યક છે, જેથી ભવિષ્યમાં ભારતીયોના નવા પડકારોને સહકાર આપવા અન્ય રાષ્ટ્રીય પડકારો સાથે વિકલાંગ લોકોના પડકારોને ઉચ્ચ પ્રાથમિકતા મળશે. ભારતીય શહેરી સંદર્ભમાં સુલભતા સૂચકાંકનો વિકાસ અને તેની અદ્યતન કામગીરી ટૂંક સમયમાં માપી શકાય તેવી વિભાવના બનશે. આ માટે ગ્રામીણ અને અર્ધશહેરી વિસ્તારોમાં સુલભતાની વિભાવના માટેની સમજણ ઊભી કરવી જોઈએ, જ્યાં મોટા ભાગનું ભારત અસ્તિત્વ ધરાવે છે.

**સંદર્ભ :**


૧. વિકલાંગ લોકો (સમાન તકો, અધિકારોનું સંરક્ષણ અને સંપૂર્ણ સહભાગિતા કાયદો, ૧૯૯૫), ભારત સરકાર

૨. કીટસ એસ. એન્ડ ક્લાર્કસન જે., (૨૦૦૪), કાઉન્ટરિંગ ડિઝાઇન એક્સક્લૂઝન, સ્પ્રિંગર વેરલાગ પબ્લિકેશન્સ, લંડન, પાનું ૭૩-૭૪



**લેખક આર્કિટેક્ચર અને આયોજન વિભાગના તથા આઇઆઇટી રુડકીમાં સેન્ટર ફોર એક્સલન્સ ઇન ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમ (સીટ્રાન્સ)માં એસોસિએટ પ્રોફેસર છે. સુલભતાના પર ૧૫ વર્ષના સંશોધન સાથે તેઓ ભારત સરકારની સુલભતા અને સાર્વત્રિક ડિઝાઇનની પહેલોમાં સલાહકાર છે.**

# વિકાસની રૂપરેખા - મે ૨૦૧૬

- **વડાપ્રધાને 'સ્ટેન્ડ અપ ઈન્ડિયા' પહેલ લોન્ચ કરી**

**દલિતો, આદિવાસીઓ અને મહિલાઓમાં ઉદ્યોગસાહસિક્તાને પ્રોત્સાહન આપવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૫મી એપ્રિલ ૨૦૧૬ના રોજ નોઈડા ખાતે 'સ્ટેન્ડ અપ ઈન્ડિયા' પહેલ શરૂ કરી હતી.** આ પહેલનો આશય દલિતો, આદિવાસીઓ અને મહિલાઓમાં ઉદ્યોગસાહસિક્તાને પ્રોત્સાહન આપી તેમના સશક્તિકરણનો છે. આ કેટેગરી હેઠળ ઓછામાં ઓછા બે આશાસ્પદ ઉદ્યોગસાહસિકોને ઋણ આપવાની કલ્પના કરાઈ છે. આ લોન રૂ. ૧૦ લાખથી લઈને રૂ. ૧ કરોડ સુધીની હોી શકે છે. આ પ્રસંગે ૫૧૦૦ ઈ-રીક્ષાનું પણ વિતરણ કરાયું હતું.

- **વૈશ્વિક સ્તરની કુશળતા વિકસાવવાના માપદંડો**

કુશળતાના ભારતીય માપદંડોને વૈશ્વિક સ્તરની સમકક્ષ લાવવાના હેતુ સાથે તાજેતરમાં 'ટ્રાન્સનેશનલ સ્કીલ સ્ટાન્ડર્ડ્સ' રજૂ કરાયા હતા. કુશળતા વિકસાવવાના આ માપદંડ ઈંગ્લેન્ડમાં ૮૨ પ્રકારની નોકરીઓ માટે બેન્ચમાર્ક સમાન છે, જે ૧૫ ભારતી સેક્ટર સ્કિલ કાઉન્સિલ્સમાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે. વધુમાં આ માપદંડો કેન્દ્ર સરકારની બે મહત્ત્વની પહેલો 'મેક ઈન ઈન્ડિયા' અને 'સ્કિલ ઈન્ડિયા'માં સહાયક સાબિત થઈ શકે છે.

ગલ્ફ કો-ઓપરેશન કાઉન્સિલ (જીસીસી)ના બધા જ દેશોએ યુકે સ્કિલ સર્ટિફિકેશનને માન્યતા આપી હોવાથી ભારતીય સ્કિલ સ્ટાન્ડર્ડ્સના બેન્ચમાર્ક માટે યુકેના માપદંડોની પસંદગી કરવામાં આવી હતી. આ સર્ટિફિકેશનથી ભારતીય કામદારો માટે આંતરરાષ્ટ્રીય સ્તરે રોજગારીની તકો વધશે તથા ભારતમાં કાર્યરત આંતરરાષ્ટ્રીય કંપનીઓમાં પણ કામ કરવા માટે તેઓ સજ્જ થઈ શકશે.

યુકે માપદંડોની સરખામણીમાં ભારતીય માપદંડોમાં જ્યાં પણ કોઈ અંતર જોવા મળશે તેને 'બ્રિજ ટ્રેઈનિંગ' હેઠળ પૂરું કરવામાં આવશે, જેનો લાભ રોજગારી માટે અન્ય દેશોમાં સ્થળાંતર કરવા ઈચ્છતા ભારતીય કામદારોને મળશે. આ બ્રિજ કોર્સિસ પર તાલિમ આપવા માટે ભારતીય ટ્રેનિંગ પૂરી પાડનારાઓ સાથે યુનાઈટેડ કિંગ્ડમની ફર્ધર એજ્યુકેશન કોલેજીસ (એફઈ) ભાગીદારી કરશે. એફઈ કોલેજીસ ભારતમાં ચોક્કસ સેક્ટર્સમાં સ્કિલ એકેડમિક્સ ઓફ એક્લન્સની સ્થાપના કરશે.

વધુમાં સિટી એન્ડ ગિલ્ડ્સ એન્ડ પીઅર્સન્સ જેવી યુકેની એવૉર્ડ વિજેતા સંસ્થાઓ ભારતીય એસએસસીએસના સહયોગમાં તાલિમાર્થીઓને પ્રમાણપત્ર આપશે.

યુકેની એવૉર્ડ વિજેતા સંસ્થાઓ દ્વારા ભારતીય એસએસસી એસેસમેન્ટ એન્ડ સર્ટિફિકેશનને પ્રમાણિત કરવાની બાબત આ ભાગીદારીનું સૌથી મહત્વનું પાસું છે. અન્ય દેશમાં સ્થળાંતર કરવા ઈચ્છતા લોકોએ માત્ર બેન્ચમાર્કિંગ પ્રક્રિયામાં ઓળખી કાઢવામાં આવેલા અંતર પર 'બ્રિજ ટ્રેઈનિંગ' લેવાની અને 'બ્રિજ ટ્રેઈનિંગ'ના અંગભૂત ઘટકો પર એક્સેસ મેળવવાની જરૂર છે. આમ માત્ર 'બ્રિજ ટ્રેનિંગ' પૂરી કરીને તથા તેનું પ્રમાણપત્ર મેળવીને તેઓ યુકે આઈવીક્યુ આપી શકશે, જેમાં ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ (જીસીસી) દેશો સહિત વૈશ્વિક સ્તરે સ્વીકૃત છે.

ભારતીય સેક્ટર સ્કિલ કાઉન્સિલ્સના સેક્ટર્સમાં ઓટોમોટીવ, કૃષિ, લાઈફ સાયન્સ, હેલ્થકેર, કેપિટલ ગૂડ્સ, એપરેલ, ટેક્સટાઈલ્સ, બ્યુટી એન્ડ વેલનેસ, ટેલિકોમ, હોસ્પિટાલિટી, આઈટી અને આઈટીઈએસ, કન્સ્ટ્રક્શન, રીટેલ, ઈલેક્ટ્રોનિક અને સિક્યોરિટીનો સમાવેશ થાય છે.

**યુઆઈડીએઆઈએ ૧ અબજ આધાર કાર્ડ બનાવ્યા**

યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (યુઆઈડીએઆઈ)એ ૪થી એપ્રિલ ૨૦૧૬ના રોજ ૧ અબજ આધારકાર્ડ બનાવ્યા હતા. યુઆઈડીએઆઈ ૨૦૧૦માં સૌપ્રથમ આધાર કાર્ડ ઈશ્યુ કર્યા બાદથી લગભગ સાડા પાંચ વર્ષના સમયમાં આ સિમાચિહ્ન પર પહોંચી ગઈ છે. કેન્દ્ર સરકારે ઐતિહાસિક આધાર (લક્ષ્યાંકિત નાણાકીય અને અન્ય સબસિડીઓ, લાભ અને અન્ય સેવા પૂરી પાડવી) કાયદો ૨૦૧૬નું જાહેરનામુ બહાર પાડ્યાના કેટલાક દિવસમાં જ આ સિમાચિહ્ન સર કરવામાં આવ્યું છે.

આધાર હવે દેશમાં ૧૮ વર્ષથી વધુ વયની ૯૩ ટકા વસતી (૨૦૧૫ના વસતીના અંદાજિત આંકડા મુજબ)ને આવરી લે છે.

અત્યાર સુધીમાં ૧૩ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આધારે ૯૦ ટકા વસતીને આવરી લીધી છે જ્યારે અન્ય ૧૩ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આ દર ૭૫-૯૦ ટકાના સ્તરે છે.

**આધારના કેટલાક સિમાચિહ્નો :**

– ૧૦૦ કરોડથી વધુ લોકો આધાર ધરાવે છે.
– ૭૩.૯૬ કરોડ (૯૩ ટકા) પુખ્ત વયના લોકો પાસે ભારતમાં આધાર કાર્ડ છે.
– ૨૨.૨૫ કરોડ (૬૭ ટકા) ૫થી ૧૮ વર્ષની વયના બાળકો આધાર ધરાવે છે.
– ૨.૩૦ કરોડ (૨૦ ટકા) ૦થી ૫ વર્ષની વયના બાળકો પાસે આધાર કાર્ડ છે.
– ૫-૭ લાખથી વધુ લોકોની દૈનિક આધાર માટે નોંધણી થાય છે.
– આધાર હવે વિશ્વમાં સૌથી મોટું ઓનલાઈન ડિજિટલ ઓળખ પ્લેટફોર્મ છે.

**આધારના લાભ**

– ડીબીટીએલ (પહેલ) - અંદાજે રૂ. ૧૪,૬૭૨ કરોડની બચત થશે.
– પીડીએસ - આંધ્ર પ્રદેશ, તેલંગણા, પુડુચેરી અને દિલ્હીના ૪ રાજ્યોમાં અંદાજે રૂ. ૨,૩૪૬ કરોડની બચત થશે.
– સ્કોલરશિપ - આંધ્ર પ્રદેશ, તેલંગણા અને પંજાબ જેવા ૩ રાજ્યોમાં અંદાજે રૂ. ૨૭૬ કરોડની બચત થશે.
– પેન્શન્સ (એનએસએપી) - ઝારખંડ, ચંડીગઢ અને પુડુચેરી જેવા ૩ રાજ્યોમાં રૂ. ૬૬ કરોડની બચત થશે.

**આધારનો વપરાશ**

– ૨૫.૪૮ કરોડ બેન્ક ખાતા યુનિક આધાર સાથે જોડાયા છે.
– ૧૨.૨૮ કરોડથી વધુ (૭૧ ટકા) રાંધણગેસ જોડાણોને આધાર સાથે લિંક કરાયા છે.
– ૧૧.૩૯ કરોડથી વધુ (૪૫ ટકા) રેશન કાર્ડ્સને આધાર સાથે લિંક કરાયા છે.
– ૫.૯૦ કરોડથી વધુ (૬૦ ટકા) નરેગા કાર્ડ્સ આધાર સાથે જોડવામાં આવ્યા છે.

**આધારની પ્રમાણભૂતતા**

– ૧૫૦.૬ કરોડથી વધુના પ્રમાણભૂત ટ્રાન્ઝેક્શન્સ યુઆઈડીએઆઈ દ્વારા કરાયા.
– ૮.૪ કરોડથી વધુ ઈ-કેવાયસી ટ્રાન્ઝેક્શન્સ યુઆઈડીએઆઈમાં કરાયા.
– યુઆઈડીએઆઈએ દૈનિક ૪૦ લાખ ટ્રાન્ઝેક્શન્સને પ્રમાણિત કર્યા.

આધાર પેમેન્ટ બ્રિજ (એપીબી) લાભાર્થીને તેની બેન્કની વિગતો દર્શાવ્યા વિના તેના આધાર નંબર મારફત સીધા જ સબસિડી / અન્ય ચૂકવણીના લાભો મેળવવા સક્ષમ બનાવે છે. એપીબીએ છેલ્લા બે વર્ષમાં નોંધપાત્ર વૃદ્ધિ દર્શાવી છે. ૨૩ કરોડથી વધુ લોકોએ આધાર પેમેન્ટ બ્રિજ પર તેમના બેન્ક ખાતાઓને તેમના આધાર નંબર સાથે સાંકળ્યા છે. એપીબી મારફત રૂ. ૨૮,૩૬૩ કરોડના મૂલ્યના કુલ ૯૪.૭૧ કરોડના સોદા થયા છે, જે મે ૩૧, ૨૦૧૪ સુધીમાં રૂ. ૪,૪૭૪ કરોડના મૂલ્યના ૭.૧૩ કરોડ એબીપી સોદાની સરખામણીમાં નોંધપાત્ર વધારો દર્શાવે છે.

આધાર અનેબલ્ડ પેમેન્ટ સિસ્ટમ (એઈપીએસ)માં છેલ્લા બે વર્ષમાં નોંધપાત્ર વૃદ્ધિમાં વધુ એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. એઈપીએસ એક એવી મિકેનિઝમ છે, જેના મારફત અંતરિયાળ ગામમાં એક લાભાર્થી બેન્કની બ્રાન્ચ પર ગયા વિના માઈક્રો એટીએમ પર તેનો આધાર નંબર અને ફિંગરપ્રિન્ટ આપીને તેના ઘરેથી જ નાંણાં જમા કરાવવા અથવા ઉપાડવા સક્ષમ બનશે. એઈપીએસ સોદાની કુલ સંખ્યા ૩૧ માર્ચ ૨૦૧૬ સુધીમાં ૧૦.૭૬ કરોડ થઈ હતી, જે ૩૧ મે, ૨૦૧૪ સુધીમાં ૪૬ લાખ જ હતી.

ભારત સરકારે વડાપ્રધાન જન ધન યોજના (પીએમજેડીવાય), મનરેગા, પેન્શન્સ, સ્કોલરશિપ્સ, ડીબીટીએલ, યુએએન (ઈપીએફઓ), પીડીએસ, પાસપોર્ટ્સ, સરકારી ઓફિસોમાં હાજરીની સિસ્ટમ સહિતની વિવિધ યોજનાઓ અને પહેલોને આધાર સાથે જોડીને યુઆઈડીએઆઈને પ્રોત્સાહન આપ્યું છે.

# ઉત્તર પૂર્વમાં આંતરરાષ્ટ્રીય ઈન્ટરનેટ ગેટવે

સરકારે બાંગ્લાદેશ સબમરીન કંપની લિ. પાસેથી સેવા મેળવીને દેશમાં ટેલિકોમ ક્ષમતા સુધારવા માટે અગરતલામાં ઈન્ટરનેશનલ ઈન્ટરનેટ ગેટવે (આઈઆઈજી)ની સ્થાપના કરી છે. ઈન્ટરનેશનલ ઈન્ટરનેટ ગેટવે સત્તાવાર રીતે ખુલ્લુ કર્યા બાદ દેશમાં મુંબઈ અને ચેન્નઈ બાદ આ પ્રકારનું ગેટવે ધરાવનાર ત્રિપુરા ત્રીજું રાજ્ય બન્યું છે. આ ઈન્ટરનેટ ગેટવેથી બધા જ ઉત્તર-પૂર્વીય રાજ્યોને તેનો લાભ મળશે. ઉત્તર પૂર્વના રાજ્યો માટે રૂ. ૫૩૩૬.૧૮ કરોડના ખર્ચે સમાવેશક ટેલિકોમ વિકાસ યોજના તૈયાર કરવામાં આવી છે. આ યોજના હેઠળ અરૂણાચલ પ્રદેશ અને આસામના બે જિલ્લા તથા ઉત્તર-પૂર્વના અન્ય રાજ્યોમાં બધા જ રાષ્ટ્રીય હાઈવે સાથે મોબાઈલ કનેક્ટિવિટી સુધારવામાં આવશે તેમજ જિલ્લા સ્તરે ઓપ્ટિકલ ફાઈબર કનેક્ટિવિટી વધારવાની પણ યોજના છે, જે માર્ચ ૨૦૧૮ સુધીમાં પૂરી કરાશે.

**નાગાલેન્ડના દિમાપુરમાં એપેરલ અને ગાર્મેન્ટ બનાવવાનું કેન્દ્ર**

નાગાલેન્ડના દિમાપુરમાં એપેરલ અને ગાર્મેન્ટ બનાવવાના કેન્દ્રનું ઉદ્‌ઘાટન કરાયું હતું. આ પ્રોજેક્ટનો આશય સ્થાનિક યુવાનોમાં એપેરલના ઉત્પાદનમાં ઉદ્યોગસાહસિક્તા વિકસાવવાનો અને આ કેન્દ્રોમાં સ્થાનિક લોકોને રોજગારી પૂરી પાડવાનો છે. દિમાપુરમાં એપેરલ અને ગાર્મેન્ટ બનાવવાનું કેન્દ્ર સંપૂર્ણ ઉત્તર-પૂર્વના રાજ્યોમાં સૌપ્રથમ છે. નાગાલેન્ડ સરકાર અને ઉદ્યોગસાહસિકોની મદદથી આ કેન્દ્ર એક વર્ષથી પણ ઓછા વિક્રમજનક સમયમાં કાર્યાન્વિત થઈ ગયું છે.

ઉત્તર પૂર્વીય રાજ્યોમાં એપેરલ અને ગાર્મેન્ટ બનાવવાના કેન્દ્રોની સ્થાપનાનો પ્રોજેક્ટ ભારત સરકાર દ્વારા ટેક્સટાઈલ સેક્ટરમાં હાથ ધરાયેલા કેટલાક મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સમાંનો એક છે. આ પ્રોજેક્ટ ઉત્તર પૂર્વીય ભારતમાં ટેક્સટાઈલ ઉદ્યોગમાં પરિવર્તન લાવવાની ક્ષમતા છે.

એપેરલ ઉદ્યોગ આવક સર્જનની દૃષ્ટિએ સૌથી સારું વળતર આપે છે તેમજ સંપૂર્ણ ટેક્સટાઈલ વેલ્યુ ચેઈનમાં રોજગારી પૂરી પાડે છે. આ એપરલ કેન્દ્રો ટેક્સ્ટાઈલ્સ અને કપડાંની એકંદર નિકાસમાં એપેરલ અને ગાર્મેન્ટ્સનો નિકાસ હિસ્સો વધારવાની દિશામાં એક નાનું પરંતુ મહત્વપૂર્ણ પગલું છે.

મુગા પીઉ બેઝિક સીડ સ્ટેશન કોબુલોન્ગ, મોકોકચુંગ માટે શિલાન્યાસ પણ કરાયો હતો અને કોહિમામાં મહિલા સશક્તિકરણ તથા સસ્ટેનેબલ આજીવિકા માટે નોર્થ ઈસ્ટર્ન રીજન ટેક્સટાઈલ પ્રમોશન સ્કીમ (એનઈઆરટીપીએસ) હેઠળ એરી સિલ્ક ડેવલપમેન્ટ પ્રોજેક્ટ પણ મંજૂર કરાયો છે.

સિલ્કની ગુણવત્તા અને તેના પ્રચારમાં નાગાલેન્ડ સંભવિત અગ્રેસર છે. છેલ્લા બે વર્ષમાં ટેક્સટાઈલ મંત્રાલયે નાગાલેન્ડમાં ત્રણ મહત્વના પ્રોજેક્ટ્સ મંજૂર કર્યા છે, જેમાં ભારત સરકાર રૂ. ૧૦૧.૨૫ કરોડની સહાય કરશે. આ પ્રોજેક્ટ હેઠળ એરી, મુગા અને મુલબેરીમાં વાવેતરથી લઈને ફિનિશ્ડ પ્રોડક્ટ અને માર્કેટિંગ સુધી વિવિધ ત્રણ પ્રકારના સિલ્કનું ઉત્પાદન કરાશે. આ પ્રોજેક્ટ્સ એરી, મુગા અને મુલબેરીમાં સિલ્કના વાવેતરમાં રોકાયેલા અંદાજે ૫,૦૦૦ ખેડૂતોને મદદરૂપ થશે તેવી અપેક્ષા છે અને વિવિધ પહેલ મારફત ગુણવત્તાપૂર્ણ સિલ્કના એકંદર ઉત્પાદનમાં ત્રણ ઘણો વધારો થવાની અપેક્ષા છે.

# ઈન્ચઓન વ્યૂહરચના

ઈન્ચઓન વ્યૂહરચના એશિયન અને પેસિફિક ક્ષેત્ર અને વિશ્વને અપંગો માટે અવરોધ મુક્ત સમાજ બનાવવાનો તથા એક દાયકામાં અપંગોને તેમના અધિકારો અપાવવાનો એક્શન પ્લાન છે. આ વ્યૂહરચનામાં સમાવિષ્ટ વિકલાંગ-સમાવેશક વિકાસ લક્ષ્યાંકોને સૌપ્રથમ વખત પ્રાદેશિક સ્તરે સંમતિ આપવામાં આવી છે. રીપબ્લિક ઓફ કોરિયાના ઈન્ચઓન ખાતે ૨૯મી ઑક્ટોબરથી બીજી નવેમ્બર, ૨૦૧૨ દરમિયાન સંયુક્ત રાષ્ટ્રના એશિયા અને પેસિફિક માટે આર્થિક અને સામાજિક પંચ (ઈકોનોમિક એન્ડ સોશિયલ કમિશન ફોર એશિયા એન્ડ પેસિફિક - ઈએસસીએપી)ના સભ્ય દેશોના મંત્રીઓ અને પ્રતિનિધિઓની બેઠકમાં આ વ્યૂહરચના અપનાવવામાં આવી હતી.

'ઈન્ચઓન સ્ટ્રેટેજી' એક દાયકાનો આ એક્શન પ્લાન ક્યાં અપનાવવામાં આવ્યો હતો તે સ્થળ દર્શાવે છે. એશિયા અને પેસિફિક પ્રદેશમાં ૬૫ કરોડ અપંગોમાંથી મોટાભાગના ગરીબીમાં જીવે છે. આવા સમયે આ લક્ષ્યાંકો તેમના અધિકારો પૂરા કરવા અને જીવનની ગુણવત્તા સુધારવા માટેના પ્રયાસોના વિકાસ પર નજર રાખવા પ્રદેશને સક્ષમ બનાવશે. આ વ્યૂહરચના ૨૦૧૩થી ૨૦૨૨ના દાયકા દરમિયાન અમલમાં મુકાઈ છે, જેના ૧૦ લક્ષ્યાંકો છે. આ લક્ષ્યાંકો પર કામ કરવા માટે ૨૭ લક્ષ્યો છે અને તેમાં વિકાસનું આકલન કરવાના ૬૨ સૂચકાંક છે. ઈન્ચઓન વ્યૂહરચના માટે સરકારો બધા જ અપંગો અંગેની માહિતી એકત્ર કરે તે જરૂરી છે, જેથી હવે આગળ આપણે શું કરવું જોઈએ તે જાણી શકાય છે.

**ઈન્ચઓન સ્ટ્રેટેજીના મુખ્ય વિચારો આ મુજબ છે :**

અપંગોનો આદર થવો જોઈએ, તેઓ પોતાની પસંદગી કરવા સક્ષમ હોવા જોઈએ, તેમની સાથે ભેદભાવ થવો જોઈએ નહીં અને સમાજમાં અન્ય લોકોની જેમ ભાગીદાર થવા સક્ષમ હોવા જોઈએ.

**આ વ્યૂહરચના હેઠળના લક્ષ્યાંકો :**

૧. ગરીબી ઘટાડવી અને કામ તથા રોજગારીની સંભાવનાઓ વધારવી, ૨. રાજકીય પ્રક્રિયા અને નિર્ણયો લેનારી સત્તામાં ભાગીદારીને પ્રોત્સાહન, ૩. શારીરિક વાતાવરણ, જાહેર પરીવહન, જ્ઞાન, માહિતી અને સંપર્કની ઉપલબ્ધતા વધારવી, ૪. સામાજિક સંરક્ષણ મજબૂત બનાવવું, ૫. દિવ્યાંગ બાળકોના શિક્ષણ અને પ્રારંભિક સમયમાં જ દરમિયાનગીરીનું વિસ્તરણ કરવું, ૬. લૈંગિક ગુણવત્તા અને મહિલા સશક્તિકરણ પર ભાર મૂકવો, ૭. અપંગ-સમાવેશક દુર્ઘટનાનું જોખમ ઘટાડવા અને સંચાલનની ખાતરી કરવી, ૮. અપંગોના આંકડાઓની વિશ્વસનિયતા અને તુલનાત્મકતામાં સુધારો કરવો, ૯. અપંગોના અધિકારો પરના સંમેલનના સુધારા અને અમલને પ્રોત્સાહન આપવું તથા સંમેલન સાથે રાષ્ટ્રીય બંધારણસભાની સુસંવાદિતા સાધવી, ૧૦. પેટાપ્રાદેશિક, પ્રાદેશિક અને આંતરપ્રાદેશિક સહકાર વધારવો.

# જમ્મુ અને કાશ્મીર માટે વિશેષ ઔદ્યોગિક પહેલ

યોજના 'જમ્મુ અને કાશ્મીર માટે વિશેષ ઔદ્યોગિક પહેલ (સ્પેશિયલ ઈન્ડસ્ટ્રી ઈનિશિયેટીવ ફોર જે એન્ડ કે - એસઆઈઆઈ જે. એન્ડ કે.)' ઉડાનને વર્ષ ૨૦૧૯-૨૦ સુધી લંબાવવામાં આવી છે. આ યોજના શરૂઆતમાં ૨૦૧૫-૧૬ સુધીના સમય માટે હતી.

ઉડાન એક રાષ્ટ્રીય એકીકૃત યોજના છે, જેનો આશય જમ્મુ અને કાશ્મીરના યુવાોનને દેશના અન્ય યુવાનો સાથે મુખ્ય પ્રવાહમાં લાવવાનો છે. આ યોજના માત્ર જમ્મુ અને કાશ્મીરના યુવાનોને કુશળતા અને રોજગારીની તકો જ પૂરી નહીં પાડે, પરંતુ કટ્ટરવાદ સામે લડવા અને ત્રાસવાદથી દૂર થવા માટે પણ પ્રેરિત કરશે.

ઉડાન જમ્મુ અને કાશ્મીરના યુવાનોને કોર્પોરેટ ઈન્ડિયાની શ્રેષ્ઠ કંપનીઓ સુધી પહોંચાડશે તથા કોર્પોરેટ ઈન્ડિયાને રાજ્યમાં ઉપલબ્ધ સમૃદ્ધ પ્રતિભા પૂરી પાડશે. અત્યાર સુધીમાં ૬૭ અગ્રણી કોર્પોરેટ્સે નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એનએસડીસી) સાથે ભાગીદારી કરી છે. ઉડાન હેઠળ આ કોર્પોરેટ જૂથોએ સંગઠિત રીટેલ, બેન્કિંગ, નાણાકીય સેવાઓ, આઈટી, આઈટીઈએસ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, હોસ્પિટાલિટી વગેરે ક્ષેત્રોને આવરી લેતાં રાજ્યમાંથી યુવાનોને તાલિમ આપવાની કટીબદ્ધતા દર્શાવી છે. ઉડાન હેઠળ ૧૯,૦૦૦થી વધુ ઉમેદવારોની પસંદગી થઈ છે, ૧૫,૦૦૦થી વધુ તાલિમમાં જોડાયા છે, જેમાંથી ૮,૭૦૦ ઉમેદવારોએ તાલિમ પૂરી કરી છે અને ૬,૮૩૮ને નોકરીઓ ઓફર કરવામાં આવી છે. અંદાજે ૪૦,૦૦૦ ગ્રેજ્યુએટ્સ, પોસ્ટ ગ્રેજ્યુએટ્સ અને ત્રણ વર્ષના એન્જિનિયરિંગ ડિપ્લોમા ધારકોને તાલિમ અને રોજગારીની તકો વધારવાનું આ યોજનાનું લક્ષ્ય છે, જે ૨૦૧૯-૨૦ સુધીમાં પૂરું થઈ શકશે. આ યોજનાના અમલની ગતિ વધારવા મેગા પસંદગી કાર્યક્રમો યોજવામાં આવ્યા છે, જેથી પસંદગીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. અત્યાર સુધીમાં રાજ્યના બધા જ જિલ્લાઓને આવરી લેતાં ૬૭ મેગા પસંદગી કાર્યક્રમો યોજાયા હતા.



# વિકલાંગોની વાસ્તવિકતા

પ્રો. ડૉ. અર્ચના એ. પરમાર



*અનુસાર શારીરિક અને માનસિક ખામી ધરાવનાર લોકોનું પ્રમાણ વધી રહ્યું છે. જેમાં મુક, બધિર, પ્રજ્ઞાચક્ષુ, મેન્ટલ પ્રોબ્લેમ વગેરેનો સમાવેશ થાય છે. NSSO (National Sample Survey Organisation) અને સેન્સસના રિપોર્ટ અનુસાર બે વાસ્તવિકતા જાણવા મળી છે :*
*– ભારતમાં શહેરી ક્ષેત્રની સરખામણીમાં ગ્રામ્ય વિસ્તારોમાં ડિસએબલ લોકોનું પ્રમાણ વધુ છે.*
*– મહિલાઓની સરખામણીમાં પુરુષોમાં ડિસએબિલીટીનું ટકાવારી પ્રમાણ ઊંચું છે.*
*આ બંને હકીકતના આધારે કહી શકાય કે ગ્રામીણ વિસ્તારમાં વિકલાંગોની સંખ્યા વધુ છે અને તેમાં પણ પુરુષોનું પ્રમાણ વધુ છે. પુરુષોમાં ૫૫.૯% અને સ્ત્રીઓમાં ૪૪.૧% ડિસએબિલીટી જોવા મળી છે.*

સમાજ અનેક પ્રકારના લોકોથી બને છે. ડૉક્ટર, વકીલ, એન્જિનિયર, વૈજ્ઞાનિક, રાજનીતિજ્ઞો, બુદ્ધિજીવીઓ. આ બધાની સાથે સામાન્ય જરૂરિયાતો માટે ઝઝૂમતો સામાન્ય માનવી પણ સમાજનો અભિન્ન અંગ છે. આ બધા લોકોની પોતાની આગવી ઓળખ છે. જ્યારે બીજી તરફ સમાજનો એક વર્ગ જે અમુક પ્રકારની શારીરિક અને બૌદ્ધિક ક્ષતિથી ગ્રસ્ત છે તેની ઓળખાણ શું ? આપણે તેને ફિઝિકલી કે મેન્ટલી ચેલેન્જડ વ્યક્તિ તરીકેની ઓળખ આપી. વાસ્તવમાં આ એમની પર્યાપ્ત ઓળખ નથી. ઘણીવાર સમાજના ડાહ્યા અને શાણપણ ધરાવનાર લોકો તેમને ડિસએબલ વ્યક્તિ કે અપંગ કે વિકલાંગ તરીકે સંબોધે છે. આપણા દેશમાં થતા અનેક સર્વેક્ષણ અનુસાર શારીરિક અને માનસિક ખામી ધરાવનાર લોકોનું પ્રમાણ વધી રહ્યું છે. જેમાં મુક, બધિર, પ્રજ્ઞાચક્ષુ, મેન્ટલ પ્રોબ્લેમ વગેરેનો સમાવેશ થાય છે. NSSO (National Sample Survey Organisation) અને સેન્સસના રિપોર્ટ અનુસાર બે વાસ્તવિકતા જાણવા મળી છે :

– ભારતમાં શહેરી ક્ષેત્રની સરખામણીમાં ગ્રામ્ય વિસ્તારોમાં ડિસએબલ લોકોનું પ્રમાણ વધુ છે.

– મહિલાઓની સરખામણીમાં પુરુષોમાં ડિસએબિલીટીનું ટકાવારી પ્રમાણ ઊંચું છે.

આ બંને હકીકતના આધારે કહી શકાય કે ગ્રામીણ વિસ્તારમાં વિકલાંગોની સંખ્યા વધુ છે અને તેમાં પણ પુરુષોનું પ્રમાણ વધુ છે. પુરુષોમાં ૫૫.૯% અને સ્ત્રીઓમાં ૪૪.૧% ડિસએબિલીટી જોવા મળી છે.

**ભારતમાં વિકલાંગતાનું પ્રમાણ :**

ભારતમાં થયેલા અભ્યાસ અનુસાર ૧.૨ કરોડ લોકો કોઈ ને કોઈ ડિસએબિલિટીથી પીડાઈ રહ્યા છે. જ્યારે સેન્સસ ૨૦૦૧ના રિપોર્ટ અનુસાર ૨૧ મિલિયન લોકો વિકલાંગ છે. જેની વિગતો કોષ્ટકમાં દર્શાવેલ છે. જ્યારે સેન્સસના રિપોર્ટ અનુસાર આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, જમ્મુ-કાશ્મીરમાં ૨.૫૧% ડિસએબલ વસ્તી છે. જ્યારે તામિલનાડુ, આસામ, મેઘાલય, નાગાલેન્ડમાં ૧.૭૫% કરતાં પણ ઓછી વસ્તી ડિસએબલ છે. સમાજના વિભિન્ન વર્ગો અનુસાર ૨.૪૫% અનુસૂચિત જાતિ, ૨.૦૫% અનુસૂચિત જનજાતિ, ૨.૧૮% અન્ય જાતિના વિકલાંગ છે. પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓમાં ડિસએબીલિટીનું પ્રમાણ ઓછું છે. પરંતુ તામિલનાડુમાં પુરુષોની સરખામણીએ સ્ત્રીઓમાં ડિસએબીલિટી વધુ જોવા મળી. જ્યારે

અરૂણાચલ પ્રદેશમાં સ્ત્રીઓમાં સૌથી ઓછી ડિસએબિલિટી જોવા મળી છે. ૨૦૦૧થી ૨૦૧૧ની વચ્ચે ડિસએબલ વસ્તી ૨૨.૪% વધી છે. ૨૦૦૧માં જે ૨.૧૯ કરોડ વસ્તી હતી એ ૨૦૧૧માં ૨.૬૮ કરોડ થવા પામી. નેશનલ સેમ્પલ સર્વે અને સેન્સસના આંકડાકીય માહિતીમાં ખૂબ તફાવત છે, પરંતુ બંનેના અભ્યાસનું એક જ તારણ નીકળે છે કે ભારતમાં ડિસએબલ લોકોનું પ્રમાણ વધ્યું છે.

**કોષ્ટક નં ૧**

**સેન્સસ અનુસાર ડિસએબલ વસ્તીનું પ્રમાણ**

| | **કુલ વસ્તી** | **% પ્રમાણ** |
|---|---|---|
| કુલ વસ્તી | ૧,૦૨૮,૬૧૦,૩૨૮ | ૧૦૦% |
| ડિસએબલ વસ્તી | ૨૧,૯૦૬,૭૬૯ | ૨.૧% |
| ડિસએબીલિટીના પ્રકાર | | |
| ૧. જોવાની ખામી (Seeing) | ૧૦૬૩૪૮૮૧ | ૧.૦% |
| ૨. બોલવાની ખામી (Speech) | ૧૬૪૦૮૬૮ | ૦.૨% |
| ૩. સાંભળવાની ખામી (Hearing) | ૧૨૬૧૭૨૨ | ૦.૧% |
| ૪. મુવમેન્ટની ખામી (Movement) | ૬૧૦૫૪૭૭ | ૦.૬% |
| ૫. માનસિક ખામી (Mental) | ૨૨૬૩૮૨૧ | ૦.૨% |

**સ્ત્રોત :** CENSUS REPORT. ૨૦૦૧

**વિકલાંગોની અનેરી દુનિયા :**

ભારતના સંવિધાનમાં ભારતીયોને સમાનતા, સ્વતંત્રતાના હકો આપ્યા છે. તેમાં ડિસએબલ લોકોનો પણ સમાવેશ થાય છે. જેમાં રાજ્ય સરકારોને જવાબદારી સોંપવામાં આવી કે તેઓ વિકલાંગોના વિકાસ માટે પુરતા પ્રયત્ન કરે. સક્ષમતાની નીતિ અપનાવે. બંધારણના આર્ટિકલ ૨૫૩ના યાદી નં. ૧૩માં "The Person with Disabilities Act"નો ઉલ્લેખ છે. આ કાયદો જમ્મુ-કાશ્મીર સિવાય સમગ્ર ભારતમાં અમલી બનાવાયો છે. ભારતનું સમવાયીતંત્ર હંમેશાં લોકકલ્યાણને મહત્ત્વ આપે છે અને કલ્યાણલક્ષી વિવિધ કાયદાકીય જોગવાઈઓ કરવામાં આવે છે. ડિસએબલ કે ડિફરન્ટલી એબલ લોકો માટે સ્કોલરશિપ, નોકરીમાં અનામત, સ્વચાલક સાયકલની ભેટ જેવી જોગવાઈઓ કરે છે એટલું જ નહીં તેમને પણ સારા કામ માટે પારિતોષિક આપવામાં આવે છે. પરંતુ સમાજ તરફથી વિકલાંગોને કેટલો સપોર્ટ મળે છે ? ફિઝિકલી ચેલેન્જડ વ્યક્તિ કરતા પણ માનસિક રીતે અસ્વસ્થ વ્યક્તિને કુટુંબની સાથે સમાજના પ્રેમ અને લાગણીની હૂંફની જરૂર હોય છે ત્યારે અમુક લોકો દ્વારા તેને પાગલ કે અણસમજુ માની હડધુત કરવામાં આવે છે આવું વર્તન કેટલે અંશે વ્યાજબી છે ? પરંતુ આ વિકલાંગોની દુનિયાની કડવી વાસ્તવિકતા છે જેમાં પ્રેમ, સન્માનને બદલે અવજ્ઞા અને તિરસ્કારનું વાતાવરણ સમાજ પાસેથી મળે છે. મગજ સાથે સંબંધિત અનેક રોગો એવા છે જે શરીર અને માનસિક વિકાસ બંને રૂંધે છે. આવા અનેક રોગોમાં ઑટિઝમ અને સેરેબ્રલ પાલ્સીનો સમાવેશ થાય છે. આ બંને પ્રકારના રોગો વિશે ગ્રામ્ય સમાજ પાસે ખૂબ ઓછી માહિતી છે. રોગોના લક્ષણોની માહિતીના આધારે જો તેનો સમયસર ઇલાજ કરાવામાં આવે તો બાળકની વિકાસની કક્ષા વધી શકે. તે ૧૦૦% ફિટ બની શકતું નથી કારણ મેડિકલ પરિભાષામાં આ ડિસઓર્ડર તરીકે ઓળખાય છે, પરંતુ યોગ્ય સમયના ઉપચારથી બાળક પરાવલંબી જીવનમાંથી મુક્તિ મેળવી શકે અને ડગલે ને પગલે અન્યની મદદ લીધા વગર પોતાની દૈનિક ક્રિયા કરી શકે. ઑટિઝમ અને સેરેબ્રલ પાલ્સીની સામાન્ય બાબતો જોઈએ.

**(૧) સેરેબ્રલ પાલ્સી :**

સેરેબ્રલ પાલ્સી જેને સામાન્ય રીતે મગજના લકવા તરીકે ઓળખવામાં આવે છે. જે ટૂંકમાં CP તરીકે ઓળખાય છે. ભારતમાં આ રોગના ૨૫ લાખથી વધુ બાળકો છે. મગજને પહોંચેલ નુકસાનના પરિણામે મગજ દ્વારા સ્નાયુ અને શરીર પરનું નિયંત્રણ ગુમાવે છે. સેરેબ્રલનો અર્થ મગજ/બ્રેઇનના આધારે કાર્ય કરવું અને પાલ્સીનો અર્થ સ્નાયુઓના ઉપયોગમાં રહેલી નબળાઈ. આ થવા પાછળ અનેક કારણો જવાબદાર છે. જેમ કે રેડિયેશન, ઈન્ફેકશન, હેડ ટ્રોમા, જન્મ સમયે બાળકને ઑક્સિજન પૂરતો પ્રાપ્ત ના થવો. જેના આધારે ત્રણ પ્રકારના સેરેબ્રલ પાલ્સી જોવા મળે છે :

– સ્પાસ્ટિક સેરેબ્રલ પાલ્સી
– એટોક્સિક સેરેબ્રલ પાલ્સી
– એથિઓઇડ સેરેબ્રલ પાલ્સી / ડિસકાઇનેટિક સેરેબ્રલ પાલ્સી

**સ્પાસ્ટિક સેરેબ્રલ પાલ્સી :**

સૌથી વધુ જોવા મળતો આ પ્રકાર છે. લગભગ ૭૦ થી ૮૦% કેસો સ્પાસ્ટિક પાલ્સીના હોય છે. જેમાં માંસપેસીઓ ખૂબ જ સખત હોય છે. અનેકવાર મોં અને જીભને નિયંત્રિત કરતી માંસપેશીઓમાં તકલીફને કારણે બોલવાની સમસ્યા પણ ઉદ્‌ભવે છે, તદ્‌ઉપરાંત મંદબુદ્ધિની સમસ્યા પણ અનેક કેસોમાં જોવા મળે છે.

**એટોક્સિક સેરેબ્રલ પાલ્સી :**

આ પ્રકાર ૫ થી ૧૦% લોકોમાં જોવા મળે છે, જેમાં સ્નાયુઓના સંતુલન અને સમન્વયની સમસ્યા હોય છે. આ રોગથી પીડાતો વ્યક્તિ સ્થિર ચાલી શકતો નથી. આ પ્રકારના દર્દીને લખવાની અને

ટાઈપિંગની સમસ્યા થાય છે. અનેક કિસ્સાઓમાં તો જોવા અને સાંભળવાની શક્તિ પર પણ પ્રભાવ પડે છે.

**એથિઓઈડ સેરેબ્રલ પાલ્સી :**

આ સમસ્યામાં વ્યક્તિ સીધો ઊભો રહી શકતો નથી, બેસી શકતો નથી, ચાવવામાં તકલીફ પડે છે. કોઈ વસ્તુને સીધી રીતે પકડી પણ શકતો નથી જેમ કે ટૂથબ્રશ, સ્પુન, પેનપેન્સિલ વગેરે પકડી શકતો નથી.

સેરેબ્રલ પાલ્સી ૭૦% કેસોમાં જન્મ પૂર્વે થાય છે. ઘણીવાર જન્મના અમુક સમય બાદ એના લક્ષણ દેખાય છે. મગજને કોઈપણ કારણોસર નુકસાન પહોંચે ત્યારે સેરેબ્રલ પાલ્સી થાય છે.

આ રોગની સારવાર જો સમય પર કરાવવામાં આવે તો બાળક ઘણું રિકવર થઈ શકે. જે માટે ફિઝિકલ થેરાપી, ઑક્યુપેશનલ થેરાપી, ઑરલ મેડિકેશન, સ્પિચ થેરાપી, બિહેવિયર થેરાપી કરાવી શકાય. બોટેક્સ મેડિસિન પણ ઉપયોગી નિવડે છે. પરંતુ બધા જ માતાપિતા એટલા સદ્ધર નથી હોતા કે નિયમિત ફિઝિયોથેરાપિસ્ટ પાસે પોતાના બાળકને લઈ જઈ શકે. આવા માતાપિતા પાસે એક માત્ર વિકલ્પ છે સરકારી હોસ્પિટલો. આઝાદીના ૬ દાયકા વીત્યા બાદ પણ ૨૫ લાખ બાળકો સેરેબ્રલ પાલ્સીથી વિકલાંગતાનો ભોગ બનેલા છે તેના મુખ્ય બે કારણો છે :

૧. જન્મ બાદ તરત જ યોગ્ય સારવાર શરૂ કરવામાં આવતી નથી. અમુક પછાત ગ્રામ્ય વિસ્તારો મેડિકલ સાયન્સને બદલે દોરા-ધાગામાં શ્રદ્ધા રાખે છે ત્યારે ભારત કઈ રીતે વિકલાંગમુક્ત બની શકે. આજે પણ અનેક માતાપિતા બાળકની તકલીફને શરૂઆતના તબક્કાથી ધ્યાનમાં લેતા નથી અને સમય વિત્યા બાદ આ તકલીફનું કોઈ નિવારણ નથી.

૨. ગરીબ પેરેન્ટસ માટે ખાનગી હોસ્પિટલોમાં નિયમિત સારવાર શક્ય બનતી નથી જ્યારે બધા જ તાલુકામાં સરકારી હોસ્પિટલોમાં ફિઝિયોથેરાપી સેન્ટર કાર્યરત હોતા નથી. અમુક કેસોમાં સ્પિચ થેરાપીની પણ જરૂર પડે જે અમુક જ હોસ્પિટલોમાં હોય છે.

આ રોગ પર વિશ્વમાં સૌ પ્રથમવાર પાંચમી સદીમાં હિપોક્રેટસે અભ્યાસ કરેલો. ત્યાર બાદ ૧૯મી સદીમાં વિલિયમ જોન લિટલે આ રોગ વિશે સઘન અભ્યાસ હાથ ધર્યો અને તેને “Little desease” નામ આપ્યું ત્યાર બાદ વિલિયમ ઓસ્લરે આ રોગને CEREBRAL PALSY નામ આપ્યું. આવો જ બીજો રોગ છે ઑટિઝમ...

**(૨) ઑટિઝમ :**

ઑટિઝમ કે જે ઑટિઝમ સ્પેક્ટ્રમ ડિસઑર્ડર તરીકે પણ ઓળખાય છે. જે દરેક બાળકમાં અલગ અલગ હોય છે. ઑટિઝમ જેમાં મગજનો ધીમો વિકાસ થાય છે. આ રોગ થવા માટે અનેક કારણો જવાબદાર છે, જેમ કે જિનેટિક કારણો, ન્યુરોલોજીકલ પરિબળ, ક્રોમોઝોમના બંધારણને પરિણામે. કારણો જે પણ હોય પરંતુ આ રોગને પરિણામે વ્યક્તિ સામાન્ય જીવનથી દૂર રહે છે. ઑટિસ્ટીક બાળકનો વિકાસ સામાન્ય બાળકો જેવો હોતો નથી. ઑટિઝમથી ગ્રસ્ત બાળકનું જીવન કસોટીપૂર્ણ હોય છે. તેમને પરિવારના પ્રેમ, લાગણી અને સહયોગની ખાસ જરૂર હોય છે. પ્રતિવર્ષ ૨ એપ્રિલને ઑટિઝમ જાગરૂકતા દિવસ તરીકે મનાવાય છે. ઑટિસ્ટિક બાળકોમાં અનેક સમસ્યાઓ જોવા મળે છે, જેમ કે,

– બાળક ૧૨ મહિનાનું થાય તો પણ ધીમો ગણગણાટ કરવો કે શબ્દોનો ઉચ્ચારણ કરી શકતો નથી.
– ૧૬ મહિનાનું થાય છતાં બાળક એક શબ્દ પણ બોલી શકતું નથી.
– વર્બલ અને નોન વર્બલ કોમ્યુનિકેશનમાં મુશ્કેલી.
– રિપિટિટીવ વર્તન અર્થાત્ એક ને એક પ્રકારના વર્તનને પુનરાવર્તિત કરે છે.
– ઑટિસ્ટિક વ્યક્તિની રોગપ્રતિરોધક શક્તિ ઓછી હોય છે.
– ઑટિઝમના રોગીને PACAની સમસ્યા હોય છે. એનો અર્થ થાય છે નોન ફૂડ ખાવાની ટેવ. બિન ખાદ્ય ખોરાક ખાવાની ઈચ્છા કે ટેવમાં રેતી, પેપર, ચોક, માટી, પેઈન્ટ જેવી વસ્તુઓ ખાતા હોય છે.

અમેરિકામાં ૩.૫ મિલિયન લોકો આ રોગના શિકાર છે. પરંતુ આપણા સમાજ કરતા વિકસિત દેશોમાં રોગનિવારણ સુવિધાઓ ઉપલબ્ધ છે. ભારતમાં માતાપિતા શરૂઆતમાં પોતાનું બાળક ઑટિસ્ટિક છે એ વાત સ્વીકારવા તૈયાર હોતા નથી. કારણ કે સમાજ આવા બાળકો સ્વીકારવા તૈયાર નથી, જ્યારે વિદેશમાં આવું વાતાવરણ હોતું નથી. આપણા દેશમાં અમુક વ્યક્તિઓ એવા પણ છે જેને પોતાની ખામીને કમજોરીમાં પરિવર્તિત કરવાને બદલે પોતાની તાકાત બનાવી. અભિષેક ઠાવરેના નસીબે એક હાથ અને પગ છિનવી લીધા છતાં ભારતનો પ્રથમ તિરંદાજ બન્યો જે દાંતથી કમાન ખેંચે છે અને ભારતનો પ્રથમ ટીથ આર્ચર બનવાનું ગૌરવ મેળવ્યું. સુધાચન્દ્રન જેને આર્ટિફિસિયલ પગ સાથે ભારતની મહાન નૃત્યાંગનાનું ગૌરવ મેળવ્યું. આવા તો અનેક મહાનુભાવો છે પરંતુ બધા જ લોકો આવી હિંમત દાખવી શકતા નથી, કારણ એ માટે પૂરતો સપોર્ટ પણ જરૂરી છે. શારીરિક કે માનસિક ખામી ધરાવનાર વ્યક્તિ કોઈની મદદ વગરનું જીવન જીવી શકે એવી પરિસ્થિતિનું નિર્માણ કરવું પડશે. જેમાં સરકાર, સમાજના વિભિન્ન લોકો, બિનસરકારી સંગઠનોએ સહિયારા પ્રયાસ કરવા પડશે.

**લેખક શ્રી દોશી આર્ટસ કોમર્સ કૉલેજ, વાંકાનેર-રાજકોટમાં અર્થશાસ્ત્ર વિભાગમાં અધ્યાપક છે.**

# વિકલાંગો માટે નવી શિક્ષણનીતિ

**લાભુભાઈ ટી. સોનાણી**



*ભારતમાં ૧૯૮૪માં નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ તૈયાર કરવામાં આવી. જેમાં સર્વ પ્રથમ વિકલાંગોને અપાતા શિક્ષણને તેના અધિકારના સ્વરૂપમાં સ્વીકારી શિક્ષાનો દરજ્જો આપવામાં આવ્યો. આ નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં ચેપ્ટર-૬ વિકલાંગોના શિક્ષણ માટે લખવામાં આવ્યું, જેમાં વિકલાંગો માટેની ખાસ શાળાઓ, સંકલિત શિક્ષણ, વિકલાંગો માટેના શૈક્ષણિક સાધનો અને પદ્ધતિઓનું સંશોધન જેવા અનેક મુદ્દાઓનો સમાવેશ થયેલો જોવા મળે છે. ભારતમાં ૮૦ના દાયકા બાદ વિકલાંગોના પુનઃ સ્થાપનની સેવાઓને વેગ મળે તેવા અનેક પ્રયાસો થયા. ૧૯૮૭માં સર્વ પ્રથમ 'મેન્ટલ હેલ્થ એક્ટ' ઘડવામાં આવ્યો. ભારતની પાર્લામેન્ટે આ બીલને સંમતિ આપી વિકલાંગ વ્યક્તિઓના ઉત્થાન માટેની તેમની પ્રતિબદ્ધતા પુરવાર કરી.*

વિશાળ માનવ સમુદાય વચ્ચે કોઈ શારીરિક કે માનસિક અક્ષમતાના કારણે કોઈ પણ વ્યક્તિને તેની મર્યાદાઓના કારણે વિવશ કે અન્ય પર આધારિત જીવન જીવવા મજબૂર બનવું પડે તે સમગ્ર માનવ સમાજ માટે ચિંતા અને ચિંતનનો વિષય બને છે. આઝાદી પૂર્વથી વિકલાંગ માટે અનેક કલ્યાણકીય પ્રવૃત્તિઓ થતી આવી છે પરંતુ આવા વર્ગના લોકો માટે આ તમામ પ્રવૃત્તિઓ કલ્યાણની ભાવનાઓથી વિશેષ આગળ વધી શકી નથી.

સર્વ પ્રથમ યુનાઈટેડ નેશન દ્વારા ૧૯૮૧નું આખું વર્ષ વિકલાંગવર્ષ તરીકે ઉજવવામાં આવ્યું. જેના પરિણામે વિકલાંગો પ્રત્યે સમાજ અને દુનિયાનાં તમામ દેશોમાં જાગૃતિ આવી. અનેક વિશ્વ પરિષદોમાં વિકલાંગોના શિક્ષણ, રોજગાર અને પુનઃસ્થાપન માટે પરામર્શો યોજાઈ. તજજ્ઞો દ્વારા વિવિધ વિષય પર તલસ્પર્શીય અભ્યાસ સાથે અનેક પેપર પ્રસ્તુત થયા. વિશ્વના દેશોએ વિકલાંગ બાળકોને પણ તમામ અસરકારક સેવાઓનો સમયસર લાભ મળે તે દિશામાં પગલાંઓ લેવા એકમત થયા.

ભારતમાં ૧૯૮૬માં નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ તૈયાર કરવામાં આવી. જેમાં સર્વ પ્રથમ વિકલાંગોને અપાતા શિક્ષણને તેના અધિકારના સ્વરૂપમાં સ્વીકારી શિક્ષાનો દરજ્જો આપવામાં આવ્યો. આ નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં ચેપ્ટર-૬ વિકલાંગોના શિક્ષણ માટે લખવામાં આવ્યું, જેમાં વિકલાંગો માટેની ખાસ શાળાઓ, સંકલિત શિક્ષણ, વિકલાંગો માટેના શૈક્ષણિક સાધનો અને પદ્ધતિઓનું સંશોધન જેવા અનેક મુદ્દાઓનો સમાવેશ થયેલો જોવા મળે છે. ભારતમાં ૮૦ના દાયકા બાદ વિકલાંગોના પુનઃ સ્થાપનની સેવાઓને વેગ મળે તેવા અનેક પ્રયાસો થયા. ૧૯૮૭માં સર્વ પ્રથમ 'મેન્ટલ હેલ્થ એક્ટ' ઘડવામાં આવ્યો. ભારતની પાર્લામેન્ટે આ બીલને સંમતિ આપી વિકલાંગ વ્યક્તિઓના ઉત્થાન માટેની તેમની પ્રતિબદ્ધતા પુરવાર કરી. ૧૯૮૭માં જ સમગ્ર વિકલાંગ જગતને તમામ અસરકારક સેવાઓનો લાભ ઉપલબ્ધ બને તેવા ઉપદેશથી અનેક તજજ્ઞ મિત્રોની મદદથી એક વિકલાંગધારાનાં વિધેયક માટે મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો. કેન્દ્રીય મંત્રીમંડળ અને પાર્લામેન્ટ વચ્ચે આ તૈયાર થયેલ મુસદ્દાએ અનેક સંઘર્ષનો સામનો કરવો પડ્યો. આખરે ૧૯૯૨માં વિકલાંગ બાળકોને ગુણવત્તાયુક્ત અને અસરકારક શિક્ષણની સેવાઓ દેશભરમાં ઉપલબ્ધ બને તેવા ઉમદા હેતુસર રિહેબિલિટેશન કાઉન્સિલ ઓફ ઇન્ડિયાની રચના આર.સી.આઈ. એક્ટ દ્વારા કરવામાં આવી. આ ભારતીય પુનર્વસન સંસ્થા દ્વારા વિકલાંગ બાળકો ઉપરાંત તેમને તાલીમ આપતા શિક્ષકો

માટે અનેક તાલીમી અભ્યાસક્રમો તૈયાર કરવામાં આવ્યા. વર્ષોથી કાર્યરત શિક્ષકો માટે સેતુ અભ્યાસક્રમ ઘડી કાઢી તેમને પણ સેવારત તાલીમી અભ્યાસ દ્વારા સુસજ્જ કરવા મહત્ત્વનું પગલું ભર્યું. બાદ વિકલાંગ બાળકોના કૌશલ્ય વિકાસ અને શૈક્ષણિક અભિવ્યક્તિમાં અનેક સારા પરિણામો મળવાની શરૂઆત થઈ.

૧૯૮૭માં તૈયાર કરાયેલ મુસદ્દાને એક વૈધાનિક સ્વરૂપ મળવાની સંભાવનાઓ પ્રજ્વલિત બની. ૨૨ ડિસેમ્બર, ૧૯૯૫ના રોજ પાર્લામેન્ટમાં ઘણાં સમયથી જેની રાહ જોવામાં આવતી હતી તે બીલ પ્રસ્તુત કરવામાં આવ્યું. આ બીલ એટલે 'પર્સન વીથ ડિસેબિલિટી એક્ટ-૧૯૯૫' (વિકલાંગ ધારો-૧૯૯૫) આ કાયદામાં કુલ ૧૪ ચેપ્ટરની ૭૪ કલમોમાં વિકલાંગોના અધિકાર વિષે વિસ્તૃત પ્રકાશ પાડવામાં આવ્યો છે, જેમાં સાત પ્રકારની ક્ષતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે : (૧) સંપૂર્ણ અંધ (૨) અલ્પ દૃષ્ટિ (૩) મટી ગયેલ રક્તપિત્તવાળી વ્યક્તિ (૪) શ્રવણ ખામી (૫) હાડકાની ખોડખાંપણ કે હલન-ચલનની વિકલાંગતા (૬) માનસિક પછાત અને (૭) માનસિક બીમારી.

આ કાયદાના ચેપ્ટર-૧માં વિકલાંગતાની વ્યાખ્યાઓ કરવામાં આવેલ છે તેમજ કાયદામાં વપરાયેલ શબ્દોની સમજૂતિ પણ આપવામાં આવી છે. કાયદાના અમલ માટે કેન્દ્ર અને રાજ્ય સ્તરે કાનૂન મુજબ કરવામાં આવેલ વ્યવસ્થાની સમજૂતિ ચેપ્ટર-૨ અને ૩માં કરવામાં આવી છે. વિકલાંગતાનું સમયસર નિદાન, નિવારણ, વિકલાંગ બાળકોનું શિક્ષણ, રોજગારી, પુનર્વસન, અવરોધમુક્ત વાતાવરણ તેમને મળતી સવલતો વગેરે વિશે સવિસ્તૃત જોગવાઈઓ આ કાયદાને આધીન કરવામાં આવેલ છે.

આ ઉપરાંત ૧૯૯૯માં કેટલીક ગંભીર વિકલાંગતા માટે 'નેશનલ ટ્રસ્ટ એક્ટ' પણ ભારત સરકાર દ્વારા ઘડવામાં આવેલ છે. ૧૯૯૦ થી ૨૦૦૦ના દાયકાને વિકલાંગોનો સુવર્ણકાળ લેખી શકાય, કારણ કે આ સમયગાળામાં વિકલાંગો માટે સમગ્ર વિશ્વમાં ક્રાંતિનો યુગ આવ્યો, જેના પરિણામે વિકલાંગોને 'ડિસેબલ'ને બદલે લોકો 'ડિફરન્ટલી એબલ' કહેતા થયા. કોઈ પણ વ્યક્તિની શારીરિક કે માનસિક ક્ષમતાને પિછાણીને તેમને આવશ્યક સગવડો પૂરી પાડી. જ્યારે સામાન્ય સમાજની વચ્ચે પોતાની શક્તિઓનો પરિચય કરાવવા સમાજ અને સરકાર દ્વારા ઉત્તમ તક આપવામાં આવે છે. ત્યારે જ તેના માટે વપરાયેલ 'વિકલાંગ' શબ્દનો અર્થ ચરિતાર્થ બને છે. આપણે જોયું વિકલાંગ ધારો ૧૯૯૫માં અવરોધમુક્ત વાતાવરણ માટે આખું એક ચેપ્ટર આપવામાં આવ્યું છે. આ કાયદામાં વિકલાંગો માટે ભૌતિક અવરોધમુક્ત બાબતો પર જેટલું લક્ષ્ય આપવામાં આવ્યું છે તેટલું લક્ષ્ય સમાજની વિચારસરણીની માનસિક અવરોધમુક્ત બાબતો પર આપવામાં આવ્યું હોત તો આજે જે વિકલાંગોએ પ્રગતિ કરી છે તેના કરતા પણ તેઓ અનેકગણા આગળ વધી શક્યા હોત.

યુ.એન.સી.આર.પી.ડી. (યુનાઈટેડ નેશન કન્વિનશન એક્ટ)ની વિભાવનાઓને વિકલાંગોના ઉત્થાન માટે ચરિતાર્થ કરવા વિકલાંગ વિધેયક ૨૦૧૧ તૈયાર કરવામાં આવ્યું. આ બીલ વિકલાંગોની ક્ષમતાઓને તેમની શક્તિઓને ઉજાગર કરી શકે તેવા ઉદ્દેશ્યથી ૨૧મી સદીના પડકારોને ધ્યાનમાં લઈ ઘડવામાં આવ્યું, જેનો ઉદ્દેશ્ય વિકલાંગતાના કારણે કોઈ પણ જાતના ભેદભાવ વિના વિકલાંગ વ્યક્તિઓના માનવ અધિકાર, મૂળભૂત અધિકારો સંપૂર્ણપણે પ્રાપ્ત થાય તે હતો. વિકસિત રાષ્ટ્રની પરિકલ્પનાને સિદ્ધ કરવા જેમણે શારીરિક કે માનસિક અડચણોનો સામનો કરવો પડે છે તેવા વર્ગને પણ અસરકારક સેવાઓનો લાભ મળે છે તે અનિવાર્ય છે. ખાસ કરીને આવા પડકારરૂપ બાળકો અને વ્યક્તિઓને સેવા આપનાર કર્મચારીઓને પણ સમાજની મુખ્ય ધારામાં તેઓ સુવ્યવસ્થિત રીતે કદમ સાથે કદમ મેળવી શકે તેવા આર્થિક ફાયદાઓ સાથે તેમના કલ્યાણ માટે પગલા ભરવા રહ્યા. વિશ્વના વિકસિત દેશોની માફક આપણા દેશના વિકલાંગ બાળકોને શિક્ષણના દરેક ક્ષેત્રે આગળ વધવા તક મળે. તેમની સરળ પહોંચને અનુરૂપ જરૂરી સગવડો ઉપલબ્ધ બને તેમના માટે મનોસામાજિક પાસાઓ સહિત માનવ સંસાધન વિકાસની દિશામાં પણ યોગ્ય વ્યવસ્થા ગોઠવાય તો સમાન અને ભેદભાવરહિત વાતાવરણ સ્થાપિત થઈ શકશે. વિકલાંગ બાળકો અને વિકલાંગ મહિલાઓ માટે પણ અલગ પગલાં લેવા રહ્યા. તેમજ આ બધી જ અસરકારક સેવાઓ માટે વૈધાનિક સવલતો પણ ઉપલબ્ધ બનાવવી પડશે. વિકલાંગ બાળકોને પણ રાજકીય અધિકારો આપવા રાજકીયપક્ષો અને સરકારે વિચારવું રહ્યું. જેમાં ખાસ કરીને સ્વતંત્રતાનો અધિકાર, ન્યાયપ્રાપ્તિનો અધિકાર, સંમિલિતપણાનો અધિકાર, હિંસા-સતામણી કે શોષણ સામે રક્ષણ મળવાનો અધિકાર, ગોપનીયતાનો અધિકાર, વાણી અને અભિવ્યક્તિનો અધિકાર, ઘર અને કુટુંબનો અધિકાર, મતદાનનો અધિકાર, ચૂંટણી માટે ઉમેદવારી અને જાહેર હોદ્દાઓ પર રહેવાનો અધિકાર જેવા અધિકારો વિકલાંગોને આપણા બંધારણની વિભાવના મુજબ પ્રાપ્ત બને તે જોવાની જવાબદારી સૌ કોઈની બને છે.

**લેખક કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાના સી.ઈ.ઓ. તરીકે સેવાઓ આપે છે તેમજ વિકલાંગો માટેની અનેક સંસ્થાઓમાં માર્ગદર્શક તરીકે કાર્ય કરે છે.**

# ડૉ. બી.આર. આંબેડકર અને શિક્ષણ

**કલ્પેશ પી. વોરા**



*ડૉ. આંબેડકર સ્પષ્ટપણે માનતા હતા કે શિક્ષણથી સ્વાભિમાન પ્રકટે છે. શિક્ષણથી સમાજ સ્વાવલંબી થતો હોય છે. પરિણામે સમાજની પ્રગતિ થતી હોય છે. "જેવી રીતે સાત્ત્વિક વિટામીન તેમજ અન્ય તત્ત્વોવિહિન ખોરાક વગર વ્યક્તિ દુર્બળ અને અલ્પ આયુવાળો થાય છે, તેવી જ રીતે શિક્ષણના અભાવે માનવી મૂઢ-બુદ્ધિહીન તેમજ અન્યનો ગુલામ જેવો રહેતો હોય છે." શિક્ષણ જ રાષ્ટ્રીય ઉન્નતિનો મૂળ મંત્ર છે. સામાજિક ક્રાંતિનો મુળાક્ષર છે. આથી જ સતત વ્યસ્ત જીવનચર્યા વચ્ચે પણ તેઓ શિક્ષણની મહત્તા વિસર્યા નહોતા. શિક્ષણનું જીવતું જાગતું આદર્શ ઉદાહરણ તેઓ પોતે જ હતા.*

ભારતમાં ૧૮૩૩ના ચાર્ટ એક્ટ અન્વયે નિઃશુલ્ક શિક્ષણનો પ્રારંભ થયો, જેમાં મહેસૂલી આવકમાંથી એક લાખ રૂપિયા કંપની સરકારના શાસન હેઠળના વિસ્તારમાં શિક્ષણ માટે ખર્ચવાની જોગવાઈ હતી. પ્રારંભમાં મિશનરી શાળાઓથી શિક્ષણનો પ્રારંભ થયો. (જેમાં જ્યોતિબા ફુલેએ શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું.)

અલબત્ત, આ શિક્ષણની વ્યવસ્થા વિશેષવર્ગ (વર્ણ) બ્રાહ્મણો પૂરતી સિમિત હતી, કારણ કે કંપની સરકાર મુસિબતમાં ન મૂકાય તેવા બ્રાહ્મણોના ભયને લીધે બધા અંગ્રેજો નીચલા થરના - શુદ્રોને શિક્ષણ આપવાના મતના નહોતા !! આપણા મુંબઈ ઈલાકાના ગવર્નર માઉન્ટ્સ એલફીસ્ટન (Mountsturt Elphistone) પણ આ મતના હતા. જેમના નામની એલ્ફીસ્ટન હાઈસ્કૂલ અને કૉલેજ (મુંબઈ)માં છે, તેમાં ડૉ. ભીમરાવ આંબેડકરે બી.એ. સુધીનો અભ્યાસ કર્યો હતો.

"સ્ટેટ સેક્રેટરી સર Charls Woodના ૧૮૫૪ના અહેવાલ પછી આમજનતા માટે શિક્ષણના દ્વાર ખોલવામાં આવ્યા. તેમાં વિશેષ વર્ગને શિક્ષણ આપવાના અધોગામી નિસ્પંદન સિદ્ધાંત Downward Fitration Theoryનો ત્યાગ કરી સર્વ માટે શિક્ષણ સુલભ કર્યું હતું. આથી તેને ભારતમાં પાશ્ચાત્ય શિક્ષણ માટેનો **'મેગ્નાકાર્ટા'** માનવામાં આવે છે. "૧

આમ, ભારતમાં શિક્ષણ સર્વવ્યાપી થવાના કાર્યને ઘણા બધા અવરોધોમાંથી પસાર થવું પડ્યું હતું તેમ છતાં દલિત વર્ગો માટે તો અસ્પૃશ્યતાને પાપે શિક્ષણ મેળવવું લગભગ અશક્ય જેવું હતું. અલબત્ત પ્રજાવત્સલ્ય રાજવી સયાજીરાવ ગાયકવાડ ત્રીજા (૧૮૬૩-૧૯૩૯), શાહુ મહારાજ (૧૮૭૪-૧૯૨૨) જેવા અપવાદ કહી શકાય. ડૉ. બાબાસાહેબ આંબેડકરે જે પરિસ્થિતિમાં શિક્ષણ સંપાદન કર્યું હતું અને તે શિક્ષણના પ્રતાપે જ તેઓ ઉચ્ચસ્તરે પહોંચ્યા હતા. તેઓ અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા હતા ત્યારે તેમના વડીલને પત્રમાં લખ્યું હતું કે, "દીન-દલિતોની દૈન્યસ્થિતિના વિનાશ માટેનો એક માત્ર માર્ગ - શિક્ષણ છે. કાર્યકરોએ શિક્ષણ માટે ઝઝૂમવું જોઈએ. તેમણે શેક્સપિયરના નાટકનું વાક્ય ટાંકતાં લખ્યું કે 'દરેક માનવીના જીવનમાં તકની ભરતી આવે ત્યારે તેનો ઉપયોગ કરવો જોઈએ." ડૉ. બાબાસાહેબ આંબેડકર પ્રખર ચિંતક તેમજ બહુમુખી પ્રતિભાયુક્ત 'ડાયનેમિક' - Dynamic વિદ્યાપુરુષ હતા. ભારતીય સમાજજીવનના વિવિધ આયામો વિશેના તેમના ચિંતનમાંથી સ્ફુટ

થયેલા વિચારો આજે પણ પ્રસ્તુતતા ધરાવે છે. જે એક આર્ષદૃષ્ટાની આર્ષવાણી જેવા લાગે છે. ડૉ. આંબેડકરે તેમના ત્રણ ગુરૂ (બુદ્ધ-કબીર-જ્યોતીબા ફુલે) માના જ્યોતિબા ફુલે (૧૮૨૭-૧૮૯૦) શિક્ષણ અને કાર્યમાંથી પ્રેરણા પ્રાપ્ત કરી હતી. મહાત્મા ફુલેનું મૂળ સૂત્ર હતું કે...

''વિદ્યાના અભાવે મતિ નાશ પામી
મતિના અભાવે નીતિ નાશ પામી
નીતિના અભાવે (પ્ર)ગતિ નાશ પામી
ગતિના અભાવે વિત્ત નાશ પામ્યું
વિત્તના અભાવે શૂદ્ર હતાશ થયા
આટલો મોટો અનર્થ એક અવિદ્યાથી થયો.''૨

નિરક્ષર પ્રજા માનસિક રીતે ગુલામ, નૈતિકદૃષ્ટિએ પતિત, સાંસ્કૃતિક દૃષ્ટિએ પંગુ, આર્થિક દૃષ્ટિએ કંગાળ-દરિદ્ર પરિણામે સામાજિક દૃષ્ટિએ પછાત રહેતી હોય છે. તેને કોઈપણ પ્રકારની પ્રતિષ્ઠા-માન-સન્માન મળતું નથી. **ડૉ. આંબેડકર સ્પષ્ટપણે માનતા હતા કે શિક્ષણથી સ્વાભિમાન પ્રકટે છે. શિક્ષણથી સમાજ સ્વાવલંબી થતો હોય છે. પરિણામે સમાજની પ્રગતિ થતી હોય છે.**૩

''જેવી રીતે સાત્ત્વિક વિટામીન તેમજ અન્ય તત્ત્વોવિહિન ખોરાક વગર વ્યક્તિ દુર્બળ અને અલ્પ આયુવાળો થાય છે, તેવી જ રીતે શિક્ષણના અભાવે માનવી મૂઢ-બુદ્ધિહીન તેમજ અન્યનો ગુલામ જેવો રહેતો હોય છે.'' શિક્ષણ જ રાષ્ટ્રીય ઉન્નતિનો મૂળ મંત્ર છે. સામાજિક ક્રાંતિનો મુળાક્ષર છે. આથી જ સતત વ્યસ્ત જીવનચર્યા વચ્ચે પણ તેઓ શિક્ષણની મહત્તા વિસર્યા નહોતા. શિક્ષણનું જીવતું જાગતું આદર્શ ઉદાહરણ તેઓ પોતે જ હતા. સમાજના છેવાડે રહેતા અછૂતનો દીકરો વ્યક્તિ શિક્ષણના સહારે ક્યાંથી ક્યાં પહોંચી શકે છે ? ૧૯૨૪માં બહિષ્કૃત હિતકારણી સભા (Depressed classes Institute - 20-07-1924) દ્વારા સ્થાપના કરી તેના મુદ્રાલેખમાં **શિક્ષિત બનો** પ્રથમ જ હતું.''૪ તા. ૧૦-૧૧ એપ્રિલ, ૧૯૨૫ના દિવસે મુંબઈ ઈલાકા બહિષ્કૃત પરિષદના અધિવેશનમાં પ્રમુખસ્થાનેથી પ્રેરણાદાયી પ્રવચન કરતાં ડૉ. બાબાસાહેબ આંબેડકરે દલિતોને કહ્યું કે... 'મિત્રો, જૂનું એટલું સોનું તેવું હવે ચાલશે નહીં. વડવાઓએ કર્યું તે દીકરાઓએ કરવું તે પણ હવે ચાલશે નહીં. પરિસ્થિતિ બદલાઈ છે. આપણે પણ બદલાવું પડશે. જ્ઞાની થવું પડશે. જેટલો સમય જાય છે તે કિંમતી છે, હવે સમય વેડફવો આપણને પોષાય તેમ નથી. આપણા બાળકોને શિક્ષણ આપવું જ પડશે.'૫ આમ, તેઓ દલિતવર્ગને શિક્ષિત કરવા માટે સતત જાગૃત રહ્યા હતા. સામાજિક પ્રવૃત્તિના પ્રારંભથી તેઓ શિક્ષણના પ્રખર હિમાયતી હતા. ''૧૯૨૮માં તેમણે ડૉ. પી.જી. સોલંકી સાથે રહી Depressed classes Educaion Societyની સ્થાપના કરી તે સંસ્થાના ઉપક્રમે સરકારી ગ્રાન્ટ-સહાય યોજનાનો લાભ લઈ મુંબઈ ઈલાકામાં દલિતવર્ગના વિદ્યાર્થીઓ માટે પાંચ છાત્રાલયો શરૂ કર્યા હતા. જેનું એક છાત્રાલય ખાનપુર, અમદાવાદમાં ચાલતું હતું. ૧૯૩૫ સુધી જેના ગૃહપતિ વડોદરાના તુલસીદાસ મૂળજીભાઈ આચાર્ય (૧૮૯૫-૧૯૭૫) હતા જેના વહીવટ ઈન્સ્પેક્શન માટે ડૉ. બાબાસાહેબ આંબેડકર ૧૯૨૮ના જુલાઈમાં અમદાવાદ પ્રથમ વાર પધાર્યા હતા.''૬

ડૉ. આંબેડકર શિક્ષણ બાબતે સ્પષ્ટ રીતે માનતા હતા કે... ''શિક્ષણ એ પવિત્ર સંસ્કાર છે, શાળામાં માનવ સુસંસ્કૃત બને છે. શાળા એટલે ઉત્તમ ઘડતરનું પવિત્ર સ્થળ, શિક્ષણ એટલે રાષ્ટ્રીયતા, માનવતા અને અજ્ઞાન દૂર કરવાનું ઉદ્દામ કાર્ય. શિક્ષકગણ રાષ્ટ્રના સારથિ સમા છે, કારણ કે તેમના હાથમાં શિક્ષણની લગામ હોય છે.'' પોતાના ઉમદા વિચારોને આચારમાં મૂકવા તેમણે મજૂરમંત્રી હતા ત્યારે ૧૯૪૪માં લોર્ડ લિનલિથીગોને મળી દલિત વિદ્યાર્થીઓના ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ મોકલવાની યોજના કરી અને શિક્ષણ વિભાગ દ્વારા શિડ્યુલ્ડ કાસ્ટ સ્કોલરશીપ બોર્ડની રચના કરાવી હતી. જેના પ્રથમ સેક્રેટરી એન. શિવરાજ હતા. જેમાં અસંખ્ય વિદ્યાર્થીઓ પરદેશ જઈ ઉચ્ચ શિક્ષણ મેળવી રાજ્ય તથા કેન્દ્ર સરકારમાં ઊંચા હોદ્દા ઉપર બિરાજમાન થયા હતા. 'ફાઈનાન્સ કમિટી'માં જ્યારે દરખાસ્ત મોકલવામાં આવી હતી ત્યારે મુસ્લિમલીગના તમામ સભ્યોએ આ 'પ્રપોઝલ'નો જોરદાર વિરોધ કર્યો હતો. કમિટીના ચેરમેન સર રાયસન અને બેરિસ્ટર દેશમુખના પ્રયત્નોને પરિણામે 'પ્રપોઝલ' પસાર કરવામાં આવ્યું હતું. તે નોંધવું જ રહ્યું કે મુસ્લિમલીગના સભ્યોએ પ્રથમ વચન આપી વિશ્વાસઘાત કર્યો હતો.

ભારતીય સંવિધાનના શિલ્પી ડૉ. બાબાસાહેબ આંબેડકર મરાઠાવાડનાં **''સ્વપ્નદ્રષ્ટા''** હતા. હૈદરાબાદના નિઝામ પાસેથી ઔરંગાબાદમાં નજીવી કિંમતે આશરે ૧૫૦ એકર જમીન પ્રાપ્ત કરી હતી, જેનું નામ તેમણે બૌદ્ધ ભિક્ષુ નાગસેન ઉપરથી **''નાગસેનવન''** રાખ્યું હતું. જૂન ૧૯૦૫માં ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદના વરદ્હસ્તે **''મિંલિદ મહાવિદ્યાલય''**નો પાયો નાંખ્યો હતો. તે અરસામાં પ્રતિષ્ઠિત નાગરિકો

બાબાસાહેબના આ સાહસને હસતા અને કહેતા કે... ''અહીં વળી કૉલેજ ચાલે ખરી !'' આજે તો આ સંસ્થાના જ અનેક શાળા કૉલેજો છે. એટલું જ નહીં, પરંતુ મરાઠાવાડ યુનિવર્સિટીની સ્થાપના થઈ. એક ભવ્ય શિક્ષણ નગરી બની છે. મરાઠાવાડની એક પણ ખાનગી કે સરકારી કચેરી એવી નહીં હોય જેમાં આ સંસ્થાઓના વિદ્યાર્થી ન હોય. આઝાદી પછીની પેઢીના ૮૦ ટકાથી વધારે લોકો આ સંસ્થાના શિષ્ય છે. ઔરંગાબાદમાં આકાશવાણી કેન્દ્ર, વિમાન ઘર બધું જ બાબાસાહેબના પુણ્ય પ્રતાપે પ્રાપ્ત થયું. બ્રોડગેજ રેલવે, કાયાગાંવ ટેકાપુલ સર્વ બાબાસાહેબની કલ્પનાનું ફળ છે. ''ઔરંગાબાદ'' નામ બદલી બાબાસાહેબ **''પુષ્પનગરી''** નામ રાખવાની મનીષા સાથે આપણી વચ્ચેથી અલવિદા કરી ગયા. મહાન મરાઠી સાક્ષર સાહિત્ય સમ્રાટ પુ.લ. દેશપાંડેએ કહ્યું કે... **''અહલ્યાનો ઉદ્ધાર જેવી રીતે શ્રીરામચંદ્રજીએ કર્યો તેવી રીતે ડૉ. બાબાસાહેબે પોતાના પુનિત પદસ્પર્શથી નિચેષ્ટ પડેલા મરાઠાવાડનો ઉદ્ધાર કર્યો.''**૭ ૧૯૭૪માં મહારાષ્ટ્રની વિધાનસભા, વિધાનપરિષદ અને મરાઠાવાડ યુનિવર્સિટીની સેનેટ ત્રણેય સંસ્થાઓએ સર્વાનુમતે પ્રસ્તાવ પારિત કર્યો કે મરાઠાવાડ યુનિવર્સિટીને **''ડૉ. બાબાસાહેબ યુનિવર્સિટી''** નામ આપવું.

શિક્ષણના મહાન કાર્ય માટે ૨૦ જુલાઈ, ૧૯૪૫ના દિવસે તેમણે મુંબઈમાં પીપ્લસ એજ્યુકેશન સોસાયટીની સ્થાપના કરી અને તેના દ્વારા ક્યુજ રોડ ઉપર પતરાના શેડમાં સિદ્ધાર્થ કૉલેજનો શુભ પ્રારંભ કર્યો હતો. ત્યાર બાદ ફોર્ટ વિસ્તારમાં મેકલા બિલ્ડિંગ અને અલ્બર્ટ બિલ્ડિંગ ખરીદી કૉલેજને ત્યાં ખસેડવામાં આવી અને બંને બિલ્ડિંગના નામો અનુક્રમે **''બુદ્ધભવન''**, **''આનંદભવન''** આપવામાં આવ્યા હતા. મુંબઈ શિક્ષણ જગતની ગણનાપાત્ર કૉલેજોમાં તેનું સન્માનનીય સ્થાન હતું. હવે પીપ્લસ એજ્યુકેશન સોસાયટીના ઉપક્રમ અસંખ્ય કૉલેજો-છાત્રાલયોનું સંચાલન થયું હતું. સંસ્થા વિશાળ વટવૃક્ષ બની હતી. સમગ્ર મહારાષ્ટ્રમાં અસંખ્ય શાળા-કૉલેજો તેમજ છાત્રાલય દ્વારા જ્ઞાનની ગંગોત્રી વહેવડાવે છે. ગુજરાતની સયાજીરાવ છાત્રાલય (પાટણ) અને સિદ્ધાર્થ એજ્યુકેશન સોસાયટી (ધોળકા)ને પણ વર્ષોથી પ્રતીક-આર્થિક સહાય આપી છે. તે સન્માન છે, તેની સગૌરવ નોંધ લેવી ઘટે. ભારતના ભવ્ય બંધારણના શિલ્પી તરીકે પણ તેઓએ આર્ટિકલ-૪૫ અન્વયે મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણની જોગવાઈ કરી છે. જ્ઞાને-સંસ્કારે સમર્થ સારસ્વત ડૉ. આંબેડકર સાક્ષરજનોમાં સન્માનનીય અને આદરણીય - ચિરસ્મરણીય રહેશે જ...

**સંદર્ભ ગ્રંથ**


(૧) ભારતીય ઇતિહાસ - ડૉ. વી. કે. અગ્નિહોત્રી; પૃ. ૧૮૨
એલાઈટ પબ્લિશર્સ લિ. ૧૯૯૬, ન્યુ દિલ્હી

(૨) મહાત્મા જ્યતિબા ફુલે સમગ્ર વાઙમય (મરાઠી)
મહારાષ્ટ્ર રાજ્ય સાહિત્ય અણિ સાંસ્કૃતિક મંડળ, મુંબઈ
છઠ્ઠી આવૃત્તિ, નવેમ્બર ૨૦૦૩
સંપાદક : યશવં દાનકર ફડકે, ધનાંજય કીર, સ. મ. આકાશ

(૩) Dr. Ambedkar Lie and Mission by Dhananjay Keer, Popular Prakashan, Bombay; 1962

(૪) આર્ષદૃષ્ટા ડૉ. આંબેડકર, લેખક : ડૉ. પી. જી. જ્યોતિકર
બીજી આવૃત્તિ, ૧૯૯૮
ગુજરાત રાજ્ય યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ

(૫) ડૉ. બાબાસાહેબ આંબેડકર જીવન ચરિત્ર (૧૯૯૫)
લેખક : ડૉ. પી.જી. જ્યોતિકર
પ્રકાશક : ડૉ. બાબાસાહેબ આંબેડકર શતાબ્દી ઉજવણી સમિતિ, ૧૯૯૧

(૬) ગુજરાતની આંબેડકરી ચળવળનો ઈતિહાસ (૧૯૨૦ - ૧૯૭૦)
પૃષ્ઠ - ૧૧૫, લખક : ડૉ. પી. જી. જ્યોતિકર
પ્રકાશક : ડૉ. બાબાસાહેબ આંબેડકર શતાબ્દી ઉજવણી સમિતિ, ૧૯૯૨
શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

(૭) જ્યોતિ (માસિક) અંક-૪
તંત્રી : એલ. જી. પરમાર, અમદાવાદ



કલ્પેશ પી. વોરા
૯૫, અશોકમીલની નવી ચાલી, નરોડા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૫
મો. : ૯૮૭૯૯ ૨૪૬૪૪

**લેખક ન્યાયિક સમિક્ષક મેગેઝિનના તંત્રી છે.**



**યોજના વાંચો**
**યોજના વંચાવો**
**યોજના વસાવો**



# E-NAM
## રાષ્ટ્રીય કૃષિ બજારની શરૂઆત

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે ૧૪મી એપ્રિલના રોજ દિલ્હી ખાતે રાષ્ટ્રીય કૃષિ બજારના પાયલોટ પ્રોજેક્ટ ઈ-ટ્રેડિંગ પ્લેટફોર્મ, E-NAMની શરૂઆત કરવામાં આવી હતી. પ્રધાનમંત્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે ખેડૂતો અને કૃષિ ક્ષેત્ર બંને માટે આ એક ટર્નિંગ પોઈન્ટ છે. કૃષિમંત્રી શ્રી રાજનાથ સિંઘે વિગતો આપતાં જણાવ્યું કે આઠ રાજ્યોની ૨૧ બજારો આ રાષ્ટ્રીય કૃષિ બજાર સાથે ઈ-પ્લેટફોર્મ દ્વારા જોડાઈ છે. સપ્ટેમ્બર-૨૦૧૬ સુધીમાં ૨૦૦ બજારો જોડાશે અને માર્ચ-૨૦૧૮ સુધીમાં ૫૮૫ બજારો જોડાઈ જશે. જો આ બાબતમાં રાજ્યોનો સહકાર મળશે તો એ કામગીરી એક વર્ષ વહેલી પૂરી કરવાની સરકારની નેમછે.

ડૉ. આંબેડકરની જન્મજયંતિ પ્રસંગે આ પ્રોજેક્ટની શરૂઆત થયાનો ઉલ્લેખ કરતાં મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, બાબા સાહેબ આંબેડકરે તેમનું જીવન ગરીબોને, કચડાયેલા વર્ગોને અને ખેડૂતોને સમર્પિત કર્યું હતું. આથી જ પ્રધાનમંત્રીએ બાબાસાહેબની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે આ પ્રોજેક્ટ લોન્ચ કરવા નિર્ણય લીધો હતો.

### ''ગ્રામ ઉદય દ્વારા ભારત ઉદય'' ઝુંબેશ ડૉ. આંબેડકરને અંજલિના ભાગરૂપે અભિયાન

ઉત્તર-પૂર્વ પ્રદેશ વિકાસ રાજ્યમંત્રી અને પ્રધાનમંત્રી કાર્યાલયના રાજ્યમંત્રી ડૉ. જિતેન્દ્ર પ્રસાદે ડૉ. આંબેડકરના જન્મદિને ''ગ્રામઉદય દ્વારા ભારત ઉદય'' અભિયાનની શરૂઆત ઉધમપુરથી કરી હતી. આ અભિયાન દેશભરમાં એક સાથે જ લોન્ચ કરાયું હતું. પ્રધાનમંત્રીએ મધ્યપ્રદેશમાં મઉ ખાતે આ અભિયાન લોન્ચ કર્યું હતું.

ડૉ. જિતેન્દ્ર પ્રસાદ જમ્મુ કાશ્મીરની ઉધમપુર-કથુઆ-દોહા લોકસભા મતવિસ્તારના સંસદસભ્ય છે. તેઓએ જિલ્લા વહીવટીતંત્રને અનુરોધ કર્યો હતો કે દસ દિવસની આ ''ગ્રામ ઉદય દ્વારા ભારત ઉદય'' ઝુંબેશને નિષ્ઠાપૂર્વક અમલી બનાવે. કારણ કે એ દ્વારા આપણે બાબાસાહેબ આંબેડકરને સાચી શ્રદ્ધાંજલિ આપીએ છીએ. એટલું જ નહીં પરંતુ ગ્રામીણ ગરીબોના ઉત્થાન માટે પ્રધાનમંત્રીએ શરૂ કરેલ જાહેર કલ્યાણની યોજનાઓના અમલમાં પણ આ ઝુંબેશથી વેગ આવશે. તેઓએ જિલ્લા કમિશનરને આ તબક્કે સલાહ આપી હતી કે જન ધન યોજના, જીવન જ્યોતિ વીમા યોજના અને કૃષિ વીમા યોજના સહિતની વિવિધ યોજનાઓ પ્રત્યે લોકોમાં જાગૃતિ લાવવા વર્કશોપનું આયોજન કરે.

પ્રકાશન તા. ૨૫ એપ્રિલ, ૨૦૧૬
પોસ્ટિંગ તા. ૨ મે, ૨૦૧૬

R.N.I. 48778/90
REGD. NO. GAMC 222/2015-2017
VALID UPTO 31-12-2017 ISSUED BY SSP AHMEDABAD
PERMITTED TO POST AT PSO AHMEDABAD ON 1ST OF EVERY MONTH
Licence to Post Without Prepayment No. CPMG/GJ/71/2014-15 VALID UPTO 31-12-2017

**YOJANA (GUJARATI), May 2016** | **O.I.G.S.**

પ્રતિશ્રી,

પ્રેષક :
તંત્રીશ્રી,
'યોજના' કાર્યાલય
પ્રકાશન વિભાગ, ભારત સરકાર
અંબિકા કોમ્પલેક્ષ, યુ.કો. બૅન્કની ઉપર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭


## પ્રકાશન વિભાગનાં ગુજરાતી પુસ્તકો

| | | | |
|---|---|---|---|
| ગાંધી - સચિત્ર જીવનકથા | ૧૨૫.૦૦ | ગુરુનાનક થી ગુરૂગ્રંથ સાહેબ સુધી | ૧૬૦.૦૦ |
| સરદાર વલ્લભભાઈ પટેલ | ૮૦.૦૦ | તત્ત્વજ્ઞાનના આદ્યસ્થાપકો | ૩૮.૦૦ |
| લાલ બહાદુર શાસ્ત્રી | ૭૦.૦૦ | સંતો અને ભક્તકવિઓ (ભાગ-૧) | ૪૫.૦૦ |
| મૌલાના અબુલ કલામ આઝાદ | ૭૫.૦૦ | સંતો અને ભક્તકવિઓ (ભાગ-૨) | ૫૬.૦૦ |
| માદામ ભિખાઈજી કામા | ૬૦.૦૦ | દાર્શનિક અને ધાર્મિક અગ્રેસરો | ૨૮.૦૦ |
| મહાત્મા જ્યોતિબા ફૂલે | ૧૫૦.૦૦ | વૈજ્ઞાનિકો | ૪૫.૦૦ |
| સી. એફ. એન્ડ્રયુઝ | ૧૫૦.૦૦ | સૌંદર્ય મીમાંસકો | ૫૦.૦૦ |
| કાલિદાસ કહાની | ૩૨.૦૦ | વાલ્મીકિ અને વ્યાસ | ૨૨.૦૦ |
| કાકા સાહેબ કાલેલકર | ૨૧૦.૦૦ | રામાયણ, મહાભારત અને ભાગવતના લેખકો | ૮૫.૦૦ |
| સ્વામી દયાનંદ સરસ્વતી | ૮૦.૦૦ | દૃષ્ટાઓ અને ચિંતકો | ૫૦.૦૦ |
| ઠક્કરબાપા | ૮૦.૦૦ | સંગીતજ્ઞો | ૪૫.૦૦ |
| આપણો રાષ્ટ્રધ્વજ | ૧૧૦.૦૦ | કવિઓ, નાટ્યલેખકો અને આખ્યાનકારો | ૭૫.૦૦ |
| ભારતના ગૌરવ ગ્રંથ - ગુજરાતી | ૭૦.૦૦ | રાજકુમારી નિહાલદે | ૧૨.૦૦ |
| ભારતીય જનજાતિઓ અતીતના ઝરૂખેથી | ૧૦૦.૦૦ | સરકતા સર્પગૃહની વાર્તા | ૪૮.૦૦ |
| ભારતીય જનતાના ઈતિહાસની રૂપરેખા | ૭૦.૦૦ | આંગણબાગની માર્ગદર્શિકા | ૧૧૫.૦૦ |
| ગુજરાતમાં જાગૃતિની લહેરો | ૭૨.૦૦ | | કુલ રૂ. ૨૪૭૮.૦૦ |
| ગુજરાતના આદિવાસી નૃત્યો | ૭૦.૦૦ | | |


Printed & Published by Dr. (Ms) Sadhana Rout, A.D.G. and Head on behalf of Publication Division, Soochna Bhawan, C.G.O. Complex, New Delhi-110 003.
Printed by Sahitya Mudrnalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022. Phone : (079) 25469101

**Director & Chief Editor : Deepika Kachhal** **Dy. Director : Amita Maru**

For business queries/subsciption, please email at **pdjucir@gmail.com or call on (011) 24367260 / 24365609 / 24365610**